RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 350 Dt. 25-06-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

## અમેરિકા-ઈરાન ડીલમાં ચાર 'લક્ષ્મણ રેખા'

### એક પણ શરત ઓળંગાશે તો મધ્ય-પૂર્વમાં યુદ્ધનો ભડકો! : પ્રારંભિક સમજૂતી છતાં ૪ મુખ્ય મુદ્દાઓ પર બન્ને દેશોના પરસ્પર વિરોધી દાવાઓથી વધતી ચિંતા

નવી દિલ્હી, તા. ૨૪

અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી પ્રારંભિક સમજૂતી (MOU) એ મધ્ય-પૂર્વમાં શાંતિ સ્થપાશે તેવી એક નવી આશા જગાવી છે, પરંતુ આ મંત્રણા શરૂ થતાં જ તેમાં ૪ મુખ્ય 'લક્ષ્મણ રેખા' સ્પષ્ટ દેખાઈ રહી છે. આ એવા ચાર સળગતા મુદ્દા છે જેના પર બન્ને દેશો વચ્ચે પરસ્પર વિરોધી નિવેદનો અને ભારે ખેંચતાણ ચાલી રહી છે. રાજકીય નિષ્ણાતો માને છે કે જો આ ૪ મુદ્દાઓનો ટૂંક સમયમાં કોઈ નક્કર ઉકેલ નહીં આવે, તો આ સમજૂતી તૂટી પડશે અને મધ્ય-પૂર્વમાં ફરીથી યુદ્ધનો ભડકો થશે તે નિશ્ચિત છે. બંને દેશો વચ્ચે ખેંચતાણ વધારી રહેલા તે ચાર મુખ્ય વિવાદિત મુદ્દાઓ જોઈતો, હોર્મુઝ સામુદ્રધુની પર વર્ચસ્વનો વિવાદ..સૌથી મોટો વિવાદ હોર્મુઝ સ્ટ્રેટ (સામુદ્રધુની) પર કાબૂનો છે. ઈરાન આ માર્ગ પરથી પસાર થનારા તમામ જહાજો પર ટોલ (ટેક્સ) વસૂલવા માંગે છે અને તેના પર પોતાનું સાર્વભૌમત્વ અકબંધ રાખવા મક્કમ છે. ઈરાનનું સ્પષ્ટ કહેવું છે કે આ સ્ટ્રેટનું મેનેજમેન્ટ માત્ર તેના જ કાબૂમાં રહેશે. બીજી તરફ, અમેરિકન વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ મંગળવારે સ્પષ્ટ કરી દીધું હતું કે અમેરિકા



હોર્મુઝમાંથી પસાર થતા જહાજો પર કોઈપણ પ્રકારનો ટોલ સ્વીકારશે નહીં. નોંધનીય છે કે, યુદ્ધના પ્રારંભે જ ઈરાને આ માર્ગ બંધ કરી દેતા દુનિયાભરમાં ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો હતો.

બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમ પર અસંમતિ અંતર્ગત રાજકીય હિલચાલ શરુ થઇ હતી. એક તરફ ઈરાનના પ્રમુખ પાકિસ્તાન પહોંચ્યા હતા, તો બીજી તરફ માર્કો રૂબિયોએ ખાડી દેશના સાથીઓ સાથે મંત્રણા શરૂ કરી હતી. આ જ સમયે વોશિંગ્ટનમાં ઈઝરાયેલ અને લેબેનોન વચ્ચે પણ વાટાઘાટો શરૂ થઈ છે. આ માહોલ વચ્ચે ઈરાને રોકડું પરખાવતા સ્પષ્ટ કહ્યું છે કે તેનો 'બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમ' કોઈપણ સમજૂતીનો ભાગ બની શકશે નહીં. ઈરાનના પ્રમુખ પેઝેશ્કીયાને તો ત્યાં સુધી કહ્યું હતું કે, ''જો અમારી પાસે મિસાઈલ્સ ન હોત, તો ઈઝરાયેલ અને અમેરિકાએ અમને ગાઝાની જેમ જ કચડી નાખ્યા હોત.'' ત્રીજો મહત્વનો મુદ્દો ઈરાનના પરમાણુ પ્રોજેક્ટ્સ પર નજર રાખવા અંગેનો છે. અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ અને જે.ડી. વાન્સ બન્નેએ એવો દાવો કર્યો હતો કે, ઈરાને તેના પરમાણુ સંશાધનો પર નજર રાખવા માટે આંતરરાષ્ટ્રીય નિરીક્ષકોને (IAEA) આવવા દેવા માટે સંમતિ દર્શાવી છે. જોકે, ઈરાને અમેરિકાના આ દાવાને સદંતર ફગાવી દીધો છે અને આવી કોઈ સંમતિ આપી હોવાનો સાફ ઈન્કાર કર્યો છે. ચોથો વિવાદ પ્રતિબંધો અને આર્થિક રાહતોને લગતો છે. અમેરિકી નાણાં મંત્રાલયે ઈરાન પરના પ્રતિબંધોમાં કેટલીક છૂટછાટ આપી છે જેથી તે ક્રૂડ અને અન્ય આનુષાંગિક ઉત્પાદનો વેચી શકે. જોકે, ઈરાનનું કહેવું છે કે આ માટે તેમને અમેરિકાની મંજૂરીની કોઈ જ જરૂર નથી. વધુમાં, અમેરિકાએ ઈરાનની ફ્રીઝ કરાયેલી ૧૨ અબજ ડોલરની સંપત્તિ છૂટી તો કરી છે, પરંતુ આ રકમ કઈ રીતે આપવી તે અમેરિકા નક્કી કરશે તેવી શરત મૂકી છે. આના આકરા પ્રતિભાવમાં યુએન સ્થિત ઈરાનના રાજદૂત બહરેનીએ સ્પષ્ટ કર્યું હતું કે, ''આ ૧૨ અબજ ડોલર ક્યારે, ક્યાં અને કઈ રીતે વાપરવા તે માત્ર ઈરાન જ નક્કી કરશે, તેમાં બીજા કોઈની કોઈ ભૂમિકા ન હોઈ શકે.''

### એફબીઆઈના વિશેષ એજન્ટ સંજય વીરમાનીનો ધડાકો : અમેરિકી પૈસાથી આતંકી સંગઠન 'અલ-રફ્યા'એ પોતાનાં જ ખિસ્સા ભર્યા

## અમેરિકી પૈસાનો ઉપયોગ આંતકવાદ માટે : મસ્ક

નવી દિલ્હી, તા. ૨૪:

દુનિયાની સૌથી અમીર વ્યક્તિ અને ટેસ્લા તેમજ સ્પેસ-એક્સ જેવી કંપનીઓના સ્થાપક એલન મસ્કે અમેરિકા દ્વારા ગરીબ દેશોને અપાતી આર્થિક મદદ અંગે એક અત્યંત ચોંકાવનારો દાવો કર્યો છે. મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' (અગાઉનું ટ્વિટર) પર ખુલેઆમ લખ્યું છે કે, અમેરિકી એજન્સી 'યુ.એસ. એઈડ' (USAID) ના પૈસાનો ઉપયોગ વાસ્તવમાં આતંકવાદને પોષવા માટે જ થઈ રહ્યો છે. મસ્કના આ સનસનીખેજ વિધાનથી અમેરિકા સહિત દુનિયાભરના દેશોમાં ભારે હડકંપ મચી ગયો છે.

એલન મસ્કે 'એક્સ' પર એક યુઝરના સવાલનો જવાબ આપતા આ ગંભીર ખુલાસો કર્યો હતો. તેમણે લખ્યું કે, સીરિયાના એક નાગરિકે અમેરિકા દ્વારા આર્થિક મદદ તરીકે અપાતી લાખો ડોલરની માતબર રકમ સીધી જ 'અલ-કાયદા' સાથે જોડાયેલા એક આતંકવાદી સંગઠનને મોકલી દીધી હતી. મસ્કના આ દાવાએ અમેરિકી વિદેશ નીતિ અને રાહત ફંડની પારદર્શિતા પર મોટા સવાલો ઊભા કરી દીધા છે.

સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, એલન મસ્કના આ દાવાને ખુદ અમેરિકી અધિકારીઓએ પણ સમર્થન આપ્યું છે. અમેરિકાની ટોચની જાસૂસી સંસ્થા ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (FBI) ના એક વિશેષ એજન્ટ સંજય વીરમાનીએ આ અંગે સત્તાવાર નિવેદન આપતા જણાવ્યું હતું કે, ''અમેરિકાએ રાહત કાર્યો માટે મોકલેલા પૈસાથી આતંકી સંગઠન 'અલ-રફ્યા' (Al-



Rafya) એ પોતાના જ ખિસ્સા ભર્યા હતા. અમારી પાસે આ વાતના પાક્કા દસ્તાવેજી પુરાવા પણ છે.'' વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આ મામલે હાથ ધરાયેલી આંતરિક તપાસમાં પણ ભંડોળનો દુરુપયોગ થયો હોવાનું સ્પષ્ટપણે જાણવા મળ્યું છે.

આ ઉપરાંત, વર્ષ ૨૦૨૪ ના 'યુ.એસ. એઈડ ઓ. આઈ.જી.' (USAID OIG) દ્વારા બહાર પાડવામાં આવેલી એક એડવાઈઝરીમાં પણ આ જ પ્રકારનો ગંભીર ખતરો વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ એડવાઈઝરીમાં સ્પષ્ટ જણાવાયું હતું કે, ''યુદ્ધગ્રસ્ત ગાઝામાં પણ આંતરરાષ્ટ્રીય સહાય માટે મોકલેલી રકમમાં ચોરી થવાની પૂરી શક્યતા છે, કારણ કે આ રકમ ખોટા હાથોમાં જઈ રહી હોવાની ભીતિ છે.''

## આયાતુલ્લાહ ખામેનીના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા ઈરાનનું PM મોદીને ઈજન

નવી દિલ્હી, તા.૨૪

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સ્વર્ગસ્થ સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ સૈયદ અલી ખામેનીના રાજ્ય અંતિમ સંસ્કાર અને દફન સમારોહમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું છે. ૪ જુલાઈથી ૯ જુલાઈ સુધી યોજાનાર આ કાર્યક્રમો તેહરાન, કોમ અને મશહદમાં હશે, જેમાં લાખો શોકગ્રસ્તો આવશે એવી અપેક્ષા છે અને ઈરાકમાં પણ સ્મારક સમારોહનું આયોજન કરવામાં આવશે.

રાજદ્વારી સૂત્રો અનુસાર, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને દેશના સ્વર્ગસ્થ સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ સૈયદ અલી ખામેનીના રાજ્ય અંતિમ સંસ્કાર અને દફન સમારોહમાં હાજરી આપવા માટે ઔપચારિક રીતે આમંત્રણ આપ્યું છે. ઈરાન ૪



૪ થી ૯ જુલાઈ સુધી યોજાનાર કાર્યક્રમો લાખો શોકગ્રસ્તો આવશે

જુલાઈથી ૯ જુલાઈ સુધી અનેક શહેરોમાં આયોજિત અઠવાડિયાના સ્મારક કાર્યક્રમોની તૈયારી કરી રહ્યું છે અને મોદીને તેમાં શામેલ થવા આમંત્રણ આપવામાં આવ્યું છે. આ સમારોહ તેહરાનમાં શરૂ થશે, જ્યાં ખામેનીના પાર્થિવ શરીરને ૪ અને ૫ જુલાઈના રોજ ગ્રાન્ડ મોસાલા સંકુલમાં રાખવામાં આવશે, જેનાથી જનતા શ્રદ્ધાંજલિ આપી શકશે. ૬ જુલાઈના રોજ રાજ્ય અંતિમયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં તેહરાન પ્રાંત શોક સમયગાળા દરમિયાન જાહેર રજાઓ હશે. આ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરી રહેલા IRGC કમાન્ડર હસન હસનઝાદેહે જણાવ્યું હતું કે મૃતદેહને દફનાવવામાં આવે તે પહેલાં અંતિમ સંસ્કાર પહેલાં વિદાય પ્રાર્થના અને સમારંભો કરવામાં આવશે. ઈરાની અધિકારીઓનો અંદાજ છે કે લગભગ ૨ લાખ લોકો આ કાર્યક્રમોમાં ભાગ લઈ શકે છે. રાજધાનીમાં સમારોહ પછી, કોમ અને મશહદના ધાર્મિક શહેરોમાં સ્મારક કાર્યક્રમો ચાલુ રહેશે. ૭ જુલાઈના રોજ કોમમાં શ્રદ્ધાંજલિનું આયોજન કરવામાં આવ્યું છે, જ્યારે ખામેનીને ૯ જુલાઈના રોજ મશહદમાં ઈમામ રેઝા દરગાહમાં દફનાવવામાં આવશે. પડોશી દેશ ઈરાક પણ ૮ જુલાઈના રોજ નજફ અને કરબલામાં સ્મારક કાર્યક્રમોનું આયોજન કરશે. ભારતે અગાઉ તેમના મૂત્યુ અંગે શોક વ્યક્ત કર્યો હતો, જેમાં વિદેશ સચિવ વિક્રમ મિસરીએ નવી દિલ્હીમાં ઈરાની દૂતાવાસમાં શોક પુસ્તક પર હસ્તાક્ષર કર્યા હતા.

## લેન્ડ રિફોર્મ બિલને મંજૂરી આપતી આસામ કેબીનેટ

### રાજ્યમાં રોકાણ અને વૃદ્ધિને વેગ આપવા માટે નિયમો હળવા કરાયા

નવી દિલ્હી, તા.૨૪

રાજયમાં વ્યવસાય કરવાની સરળતામાં સુધારો કરવા અને સામાજિક અને શૈક્ષણિક માળખાને મજબૂત બનાવવાના હેતુથી લેવામાં આવેલા મુખ્ય નિર્ણયોમાં, આસામ કેબિનેટે આસામ રેગ્યુલેશન ઓફ રિ-ક્લાગીકરણ એન્ડ રિ-ક્લાગીકરણ કમ ટ્રાન્સફર ઓફ લેન્ડ્સ (સુધારા) બિલ, ૨૦૨૬ ને મંજૂરી આપી, જે આસામ વિધાનસભાના આગામી બજેટ સત્રમાં રજૂ કરવામાં આવશે.

મંત્રીમંડળના નિર્ણયોની જાહેરાત કરતા મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ જણાવ્યું હતું કે પ્રસ્તાવિત કાયદો રાજયમાં નિયમનકારી વાતાવરણને સુવ્યવસ્થિત કરવા અને ઔદ્યોગિક અને વાણિજ્યિક રોકાણને પ્રોત્સાહન આપવાનો છે. આ બિલમાં મંજૂરી આપવામાં આવનાર ક્ષેત્રો છેઃ MSME, હાઈડ્રોકાર્બન, સૌર, કૃષિને બિન-કૃષિ.

મુખ્યમંત્રીએ જાહેરાત કરી છે કે મંત્રીમંડળે જિલ્લા કમિશનરોની મંજૂરી લીધા વિના સૂક્ષ્મ અને ખાદી સાહસો અને સૌર પ્લાન્ટ સ્થાપવા માટે કૃષિ જમીનનું સ્વચાલિત રૂપાંતર કરવાની મંજૂરી આપી છે. એક અન્ય મહત્વપૂર્ણ નિર્ણયમાં, મંત્રીમંડળે રાજયમાં તમામ વાજબી ભાવની દુકાનો (FPS) ના લાયસન્સની માન્યતા અવધિ ૩૦ જૂન, ૨૦૨૬ ની હાલની સમયમર્યાદાને બદલે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી લંબાવવાની મંજૂરી આપી. આ પગલાનો હેતુ વાજબી ભાવની દુકાનોની અવિરત કામગીરી અને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ (ગ્ત્રૠ્ઝ્અ) હેઠળ લાભાર્થીઓને અનાજનું સરળ વિતરણ સુનિશ્ચિત કરવાનો છે.

મંત્રીમંડળે આસામ ટી કોર્પોરેશન લિમિટેડ (ATCL) ને તેના અધિકારીઓ માટે પ્રસ્તાવિત સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના (VRS)



ને સરળ બનાવવા માટે ૯.૭૫ કરોડ રૂપિયા આપવાની પણ મંજૂરી આપી છે. ઉચ્ચ શિક્ષણમાં રોકાણને પ્રોત્સાહન આપવા માટે, મંત્રીમંડળે આસામ ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૭ માં સુધારાને મંજૂરી આપી. આ સુધારાનો હેતુ ગ્રામીણ વિસ્તારોમાં ખાનગી યુનિવર્સિટીઓ સ્થાપવા માટે લઘુત્તમ જમીનની જરૂરિયાત ૬૦ વીઘાથી ઘટાડીને ૩૫ વીઘા અને શહેરી વિસ્તારોમાં ૩૦ વીઘાથી ઘટાડીને ૨૧ વીઘા કરવાનો છે. મંત્રીમંડળે નિર્ધારિત શૈક્ષણિક અને સલામતી ધોરણો જાળવી રાખીને શાળા શિક્ષણ ક્ષેત્રને લગતા દરખાસ્તોને પણ મંજૂરી આપી છે. આ સુધારેલા ધોરણો હેઠળ, કઙ થી માધ્યમિક શાળાઓ માટે જરૂરી લઘુત્તમ બિલ્ટ-અપ વિસ્તાર શહેરી વિસ્તારોમાં એક વીઘા અને ગ્રામીણ વિસ્તારોમાં ત્રણ વીઘા નક્કી કરવામાં આવ્યો છે.

## ભારત માતા કે શહીદોના નામે શપથ લઈ શકાય નહીંઃ કેરળ HC

### તિરુવનંતપુરમ કોર્પોરેશનના ૨૦ કાઉન્સિલરો સહિત અનેક ચૂંટાયેલા પ્રતિનિધિઓના શપથ અમાન્ય ઠર્યા; માત્ર ''ભગવાનના નામે'' અથવા કાયદાકીય પ્રતિજ્ઞા દ્વારા જ શપથ લેવા કોર્ટનો આદેશ

નવી દિલ્હી તા.૨૪

કેરળ હાઈકોર્ટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓની શપથવિધિને લઈને એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. બુધવારે આપવામાં આવેલા આ ચુકાદામાં હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, કોઈપણ ચૂંટાયેલા પ્રતિનિધિએ કાયદા દ્વારા નિર્ધારિત બંધારણીય ફોર્મેટમાં જ શપથ લેવાના રહેશે. શપથવિધિ દરમિયાન ''ભારત માતા'', હિન્દુ દેવી-દેવતાઓ, રાજકીય શહીદો કે અન્ય કોઈ વ્યક્તિના નામે લેવાયેલા શપથ કાયદેસર ગણાશે નહીં.

આ કડક વલણ સાથે કોર્ટે તિરુવનંતપુરમ કોર્પોરેશનના ભાજપના તે કાઉન્સિલરોના શપથને અમાન્ય જાહેર કર્યા છે, જેમણે કાયદાકીય માળખાની બહાર જઈને અન્ય નામોનો ઉપયોગ કર્યો હતો.આ વિવાદ ત્યારે ઊભો થયો જ્યારે તિરુવનંતપુરમ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૨૦ જેટલા કાઉન્સિલરોએ શપથવિધિ દરમિયાન કાયદામાં દર્શાવેલા શબ્દોને બદલે વિવિધ હિન્દુ દેવી-દેવતાઓ, ''ભરતમ્બા'' (ભારત માતા), ''ભારત મઠ'', ગુરુદેવ અને પોતાની રાજકીય ચળવળના શહીદોના નામે શપથ




લીધા હતા.બીજી તરફ, એક અલગ અરજીમાં પલક્કડ જિલ્લાના વડક્કેનચેરી ગ્રામ પંચાયતના એક સભ્યનો કિસ્સો પણ કોર્ટ સમક્ષ આવ્યો હતો. આ સભ્યએ શપથવિધિમાં ''ભગવાનના આશીર્વાદથી ઓમન ચાંડી (ભૂતપૂર્વ સીએમ) ના નામે'' શપથ લીધા હતા. આ તમામ કિસ્સાઓને કાયદાના ઉલ્લંઘન તરીકે જોવામાં આવ્યા હતા.

જસ્ટિસ પી.વી. કુન્હીકૃષ્ણનની સિંગલ જજ બેન્ચે આ મામલે ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું કે, કેરળ મ્યુનિસિપાલિટી એક્ટ અને કેરળ પંચાયત રાજ એક્ટ મુજબ, ચૂંટાયેલા સભ્યોએ ફરજિયાતપણે માત્ર ''ભગવાનના નામે'' અથવા ''ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા (Affirmation)'' લઈને જ શપથ લેવાના હોય છે. કોર્ટે કડક શબ્દોમાં નોંધ્યું કે, કાયદામાં દર્શાવેલા 'ભગવાન' શબ્દનું વિસ્તરણ કરીને તેમાં કોઈ ચોક્કસ દેવી-દેવતાઓ, ''ભારત માતા'', સંગઠનો કે રાજકીય વ્યક્તિઓના નામ ઉમેરવાની કોઈપણ પ્રકારની મંજૂરી કાયદો આપતો નથી. ન્યાયાધીશે અવલોકન કર્યું કે, શપથ લેવી એ માત્ર એક ઔપચારિકતા નથી, પરંતુ તે મતદારોને આપવામાં આવેલું એક અત્યંત ગંભીર વચન છે કે ચૂંટાયેલા પ્રતિનિધિ બંધારણનું પાલન કરશે અને જનતાની નિષ્ઠાપૂર્વક સેવા કરશે. શપથનું વૈધાનિક સ્વરૂપ કોઈપણ પ્રકારના ઉમેરાઓ કે ફેરફારને મંજૂરી આપતું નથી.

### ધર્મનિરપેક્ષતા અને બંધારણીય સિદ્ધાંતોનો હવાલો

પોતાના વિસ્તૃત આદેશમાં જસ્ટિસ કુન્હીકૃષ્ણને શ્રી નારાયણ ગુરુના ઉપદેશો અને બંધારણના ધર્મનિરપેક્ષતાના સિદ્ધાંતનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે સ્પષ્ટતા કરી કે, ''આ દેશના નાગરિકો કોઈપણ દેવતાની પૂજા કરવા કે ધર્મનું પાલન કરવા માટે સંપૂર્ણ સ્વતંત્ર છે. લોકો સર્વશક્તિમાન ઈશ્વરને અલગ અલગ નામોથી બોલાવી શકે છે, પરંતુ જ્યારે કાયદાકીય શપથની વાત આવે ત્યારે, કોઈપણ વધારાના શબ્દો કે વિસ્તરણ વિના માત્ર કાયદાએ સૂચવેલા સ્વરૂપમાં જ શપથ લેવા ફરજિયાત છે.''

### ચૂંટાયેલા પ્રતિનિધિઓનું હવે શું થશે?

શપથ અમાન્ય ઠરવા છતાં, હાઈકોર્ટે લોકશાહી આદેશ (મેન્ડેટ) નું સન્માન જાળવી રાખીને કેટલીક રાહતો પણ આપી છે. જેમાં ચૂંટણી રદ નહીં તે અંતર્ગત કોર્ટે જણાવ્યું કે ખામીયુક્ત શપથવિધિ છતાં આ સભ્યોની ચૂંટણીઓ માન્ય રહેશે. અસરગ્રસ્ત કાઉન્સિલરો અને પંચાયત સભ્યએ ચાર અઠવાડિયાની અંદર કાયદા અનુસાર ફરીથી શપથ લેવાના રહેશે. આ પ્રતિનિધિઓએ શુદ્ધ બુદ્ધિથી (સાચી માન્યતા હેઠળ) શપથ લીધા હોવાથી તેમના પર કોઈ દંડ લાદવામાં આવશે નહીં. અત્યાર સુધીના કામોની માન્યતા મુજબ તિરુવનંતપુરમના કાઉન્સિલરોએ અત્યાર સુધી કરેલા કાર્યોને 'કેરળ મ્યુનિસિપાલિટી એક્ટની કલમ ૫૩૧' હેઠળ કાનૂની રક્ષણ આપવામાં આવ્યું છે. જોકે, વડક્કેનચેરી પંચાયત સભ્યના કિસ્સામાં પંચાયત રાજ એક્ટમાં આવી કોઈ રક્ષણાત્મક જોગવાઈ ન હોવાથી, તેમના દ્વારા કરાયેલા કાર્યો અમાન્ય ગણાશે, પરંતુ તેમને પદ પર જળવાઈ રહેવા ફરી શપથની તક અપાઈ છે.

# ભારતમાં ગુલામીનો અહેસાસઃ કાળો દિવસ!

## ૨૫ જૂન ૧૯૭૫ના કલંકિત દિવસને ઈતિહાસ ક્યારેય માફ નહીં કરે

રાજકોટ, તા.૨૪

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તેમજ પરિવાર ક્ષેત્રના,અને ભારતીય જનતા પાર્ટી, રાષ્ટ્રની એકતા અને અખંડિતતા તેમજ લોકતંત્રની રક્ષાના સિદ્ધાંતોને લઈને દેશની રાજનિતીમાં કાર્યરત રાજકીય પાર્ટી છે. દેશનું હિત હંમેશા મહત્વનું રહ્યું છે. દેશને આતંકવાદથી મુક્ત કરવાનું આંદોલન હોય, કાશ્મીર ભારતનું અભિન્ન અંગ બની રહે ,ધરમાંતર હોય,તે માટેની લડાઇ હોય કે સ્વ. ઈન્દિરા ગાંધી દ્વારા ૨૫ જુન ૧૯૭૫,૨૧ માર્ચ ૨૯૭૭માં લદાયેલ કટોકટી સામે લોકશાહી રક્ષાનું આંદોલન હોય રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, પરિવાર ક્ષેત્ર અનેભાજપાએ દેશના વ્યાપક હિતમાં પરિશ્રમશીલ બની સમયે સમયે પોતાની ભૂમિકા ભજવી છે અને દેશ હિત માટે કાર્ય કર્યું છે.

દેશની રાજનીતિમાં ૨૫ જુન ૧૯૭૫ ને કલંકિત અને કાળા દિવસ તરીકે ઓળખવામાં આવે છે. તત્કાલિન વડાપ્રધાન સ્વ.ઇન્દિરા ગાંધીએ મંત્રીમંડળની પરવાનગી વગર દેશમાં કટોકટી જાહેર કરી હતી. જર્મન ની હિટલરની તાનાશાહીની જેમ,આ કટોકટી અંતર્ગત આખાયે દેશનેજેલખાનું બનાવી દેવામાં આવ્યો હતો.

સમગ્ર દેશમાંથી એક લાખ ૩૦ હજાર થી વધુ સત્યાગ્રહીઓનેધરપકડ કરવામાં આવી, ૧૦૦થીવધુ કાર્યકર્તા મૃત્યુ પામ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય વ્યવસ્થા પ્રમુખપાંડુરંગ ક્ષોરસાગર મૃત્યુ પામ્યા હતા. દેશનો કોઈ પ્રજાજન પોતાના વિચારો જાહેરમાં વ્યક્ત કરી શક્યો નહોતો. અખબારો પર સેન્સરશીપ લગાવવામાં આવી હતી. સંસદસભ્યો તેમજ સંસદની કાર્યવાહી પર પણ સેન્સરશીપ લગાવી એક સરમુખત્યારશાહી શાસનનો દેશમાં અમલ કરાયો હતો. કટોકટી ૨૫ જૂનથી ૧૯૭૫ થી ૨૧ માર્ચ ૧૯૭૭ સુધી પૂરા ભારતમાં કાળો કેર વર્તાવવામાં આવ્યો હતો.

આ સમયગાળામાં એક તરફ ગુજરાતમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની કારમી હાર થઈ હતી અને બીજી તરક અલ્હાબાદ હાઈકોર્ટ સ્વ. ઈન્દિરાજીની ચૂંટણીને રદ્દ કરી દીધી હતી. આ કારણોથી દેશના લોકતંત્ર સામે ખતરો ઉભી કરનારી કટોકટી ને લાદવા ઇન્દિરાજીને પ્રેર્યા હતા. કટોકટીનો સમય એ દમનનો સમય હતો, શોષણનો સમય હતો, કોંગ્રેસ સરકાર વિરોધની વિચારસરણી ધરાવનારા માટે ઘર નહિ પરંતુ જેલ એ ઘર બની ગયું હતું. દેશભરમાંથી હજારો કાર્યકરો જેમાં રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘ, પરિવાર ક્ષેત્ર ભારતીય જનસંઘ , અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ સહિત બિન પક્ષીય સામાજીક કાર્યકરોને કોંગ્રેસની સરકારના દિશા દર્શન હેઠળ જેલમાં મોકલવામાં આવ્યા હતા. દેશમાં રાજકીય વિરોધના કે દેશના હિતના વિચારો રજૂ કરનારને કોઇ સ્થાન ન હોતું. ગરીબોની વેદના સાંભળનાર કોઈ નહોતું, શોષિત, 'પીડિતનો અવાજ રજુ કરનાર જેલ ભેગા થઇ ગયા હતા. જર્મનના તાનાશાહી હિટલરને યાદ કરાવ્યા હતા માટે હિટલર ગાંધીની તુલના થઈ હતી. ભારતીય બંધારણના ચિત્રહાલ કરી નાખ્યા હતા. જ્યારે જ્યારે કોંગ્રેસ ખતરામાં રહી ત્યારે ત્યારેઆવી તો બે ત્રણ કટોકટી લગાડી દીધેલ હતી,

દેશામાં કાર્યકર્તાઓએ કટોકટીના સમય દરમ્યાન ખૂબ જ સહન કર્યું હતું. આર્થિક સંકળામણનો ભોગ કાર્યકરના પરિવાર બન્યા હતા. કે કેટલાંક સ્થાનો પર સામાજીક પ્રશ્નો પણ ઉભા થયા હતા. આ બધાંયની વચ્ચે ભુગર્ભ પ્રવૃતિ દ્વારા દેશમાં કટોકટી સામે આંદોલન ચલાવવામાં આવ્યું હતું. દેશમાંથી કટોકટી દુર થઇ અને પ્રજાતંત્રની જીત થઈ હતી. ભારતીય જનસંઘે કટોકટી સામે લોકતંત્રની રક્ષાનો લાંબો સંઘર્ષ કર્યો હતો. સમગ્ર દેશલોકતંત્રની રક્ષાનું આંદોલનગુજરાત એ લોકશાહી મૂલ્યોની જાળવણી માટે, ધર્મની રક્ષા સાટે તેમજ દેશને દિશા દર્શન કરવા માટે હંમેશા અગ્રેસર રાજ્ય રહ્યુ છે. ગુજરતમાં ૧૯૭૪ની સાથે વિદ્યાર્થી આગેવાનોએ પ્રચાર સામે રણશિંગું ફૂંક્યુ હતુ. નવનિર્માણની સફળતા બાદ આ આંદોલનને સ્વ. જયપ્રકાશ નારાયણે બિહાર સહિત દેશભરમાં પ્રસરાવવા યુવાનોને અપીલ કરી હતી. વિદ્યાર્થીઓના અંદોલનનાં પરિણામે ગુજરાતમાં કોંગ્રેસ સરકારનું પતન થયું અને સ્વ. બાબુભાઈ જશાભાઈ પટેલના નેતૃત્વમાં જનતા મોરચાની સરકાર બની હતી. ભારતીય જનસંઘ આ સરકારમાં ભાગીદાર બન્યો હતો. ગુજરાતમાં કોંગ્રેસ વિરોધની સરકાર હોઇ સ્વ. ઈન્દિરાજી દ્વારા લાદવામાં આવેલી કટોકટીની અસર પ્રારંભમાં ઓછી પ્રવર્તતી હતી.

દેશમાં ૨૫ જુન ૧૯૭૫ના રોજ લાદવામાં આવેલી કટોકટીને પરિણામેઅટલ બિહારી વાજપેયી,લાલકૃષ્ણ અડવાણીજી, સ્વ.વિજયરાજમાતા સિંધયા, સ્વ.મતી ગાયત્રીદેવી, રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના તત્કાલિન સરસંઘચાલક સ્વ. બાળાસાહેબ દેવરસ સહિત હજારો લોકોને જેલ ભેગા કરવામાં આવ્યા હતા.

ગુજરાતમાં જનતા મોરચા ની સરકાર હોઇ દેશમાં લાદવામાં આવેલી કટોકટી સામે સરકાર રાજીનામું આપી આંદોલનમાં ઝુકાવવું જોઇએ તેવી રજૂઆત સામે જનસંઘના તત્કાલિન મહામંત્રી સ્વ. વસંતભાઈ ગજેન્દ્ર ગડકરે અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે કટોકટી વિરૂધ્ધ લડવા માટે આપણી ગુજરાતની ભૂમિ સલામત સ્થળ છે જેને સૌએ સહમતી આપી હતી.

ગુજરાતમાં જનતા મોરચા ની સરકારને ઉથલાવવામાં આવી અને કોંગ્રેસની સરકાર રચાઈ. કટોકટીનો કારમો 'પંજો ગુજરાતના કોંગ્રેસ વિરોધના કાર્યકરો પર ફરી વળ્યો. સંઘ પરિવાર,ગુજરાતમાં જનતા મોરચાના અને જનસંઘના મોટા 'માથાઓને જેલભેગા કરવામાં આવ્યા અને બીજી હરોળના કાર્યકરોને ભૂગર્ભમાં જવું પડ્યું, કટોકટીની ગુજરાતમાં અસર વ્યાપક બની અને સ્વ. પ્રાણલાલ વ્રજલાલ દોશી, સ્વ અમૃતભાઈ કડીવાલા, સ્વ ચીમન કાકા શુક્લ, સ્વ. પ્રવીણ કાકા મણીયાર, સ્વ યશવંતભાઈ ભટ્ટ,હસુભાઈ દવે, સ્વરમેશભાઈ શુક્લ ,સ્વગોધમલઆહુજા, સ્વકાંતિભાઈ વૈધ, સ્વ કેશુભાઈ પટેલ, સ્વ.અરવિંદભાઈ મણિયાર,સ્વ. સુર્યકાંતભાઇ આચાર્ય વજુભાઈ વાળા વગેરે અનેક કાર્યકરો જેલમાં ગયા.

ગુજરાત પ્રદેશ જનસંઘના તત્કાલિન સંગઠન મહામંત્રી સ્વ. નાથાભાઈ ઝગડા અનેનરેન્દ્રભાઈ 'મોદીએ ગુજરાતમાં કટોકટી વિરૂધ્ધ જલદ આંદોલન ચલાવ્યું. કટોકટી સામે લોકતંત્રની રક્ષા માટે અને દેશમાં લોકશાહીના મૂલ્યોના જતન માટે આ બંને મહાનુભાવોએ વેશ પલ્ટા કરીને પોલીસની નજરમાંથી બચતા રહીને બેઠકો, પત્રિકાઓ અને આયોજનનો હવાલો સંભાળી દેશમાંથી કટોકટીને હટાવવા માટે પરિશ્રમ કર્યો.કટોકટી કેવી રીતે આવી અને પછી કેવી રીતે ગઈ તેની અનેક વાતો વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદી હસ્તક લખેલી ,,''સંઘર્ષમાં ગુજરાત'' ખરેખર વાંચવા જેવી છે

કટોકટી દરમિયાન એક હાસ્ય રૂપ પ્રસંગ બન્યો હતોરાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો માટે એક ચંદનનો કાર્યક્રમ હતો. ચંદન એટલે નાસ્તો. તો પોલીસને એમ ચંદનસિંહ જેવી કોઈ વ્યક્તિ હશે કાર્યક્રમ પૂરો થઈ ગયો તમામ સ્વયંસેવકો નાસ્તો કરી નીકળી ગયા પણ પોલીસ ચંદનસિંગને ગોતી જ રહી.

કટોકટી સામે લોકસંઘર્ષ સમીતિ -

કટોકટી ૨૫ જૂન ૧૯૭૫

ભારત દેશ વર્ષ ૧૯૪૭માં સ્વતંત્ર થયો. તેના ૨૮ વર્ષ બાદ ભારતમાં કટોકટી લાદવામાં આવેલ. કટોકટીના વિશે શાહ આયોગે પોતાના રિપોર્ટમાં કહ્યું કે... 'જે સમયે કટોકટીની ઘોષણા કરવામાં આવી તે સમયે દેશમાં ન તો આર્થિક સ્થિતિ ખરાબ હતી અને ન તો કાયદા વ્યવસ્થામાં કોઈ પ્રકારની મુશ્કેલી હતી. પ્રધાનમંત્રી મતી ઈંદિરા ગાંધીએ દેશમાં પોતાની ઈચ્છાનુસાર કટોકટી લગાવી અને આ સંબંધમાં તેમણે પોતાના પક્ષના લોકોને છોડીને કોઈપણ સહયોગી સાથે વિચાર વિમર્શ સુદ્ધાં ન કર્યો. આઝાદી પછી પહેલીવાર કટોકટીના સમયમાં આટલા મોટા સ્તર પર નેતાઓની ધરપકડ થઈ હતી.''

CPI એ પણ ભટિંડાની ૧૧મી બેઠકમાં કટોકટીને સમર્થન કરેલ. કટોકટીના આંદોલનકાળમાં જયપ્રકાશનારાયણે પોતાની ધરપકડ પૂર્વે લોકસંઘર્ષ સમિતિના આંદોલનને ચલાવવા RSSના પૂર્ણકાલીન - નાનાજી દેશમુખ ને જવાબદારી સોંપી હતી.

ગુજરાતમાં જનતા મોરચાની સરકાર હતી તે સમયે સંઘના કાર્યકરો પર કોંગ્રેસ દ્વારા લદાયેલી કટોકટીને કારમો પંજો કરી વળ્યો હતી. ૧૦૦ જેટલા કાર્યકરોની ધરપકડ કરવામાં આવી હતી અને કેટલાક પ્રચારકોના ધરપકડના વોરન્ટ નીકળ્યા હતા. રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના પ્રચારક તરીકે કાર્ય કરતાનરેન્દ્રભાઈ મોદી સહિત અનેક કાર્યકરોએ પોતાના નામ બદલી નાંખ્યા હતા તો વેશપલ્ટા પણ કર્યા હતા.

ગુજરાતએ કટોકટીના આંદોલનનું મહત્વનું કેન્દ્ર બન્યું હતું. દેશના અનેક લોકશાહીના રક્ષકોને ગુજરાતે આશ્રય આપ્યો હતો. જ્યોર્જ ફર્નાન્ડિઝ, ડો. સુબ્રમણ્યમ સ્વામી, રાષ્ટ્રીય લોક સંઘર્ષ સમિતિના કન્વીનર સ્વ. નાનાજી દેશમુખના પ્રવાસ તે સમયે ગુજરાતમાં ગોઠવવામાં આવ્યા હતા. જ્યોર્જ ફર્નાન્ડિઝને મળવા માટે સ્વ. નાનાજી દેશમુખ અનેનરેન્દ્રભાઇ મોદી સ્કુટર પર ગયા હતાં. જ્યોજ ફર્નાન્ડિઝે નરેન્દ્રભાઈએ કહ્યુ હતું કે નરેન ભૈયા, નાનાજીકી બહુત જરૂર દે, ઉન્હે કેસે ભી કરકે બચાના હે, સ્કુટર પર લે જાના ખતેરે સે ખાલી નહીં, ઉનકી ચિંતા તુમહારે જિમ્મે હૈ. વળી સ્વ. મકરંદભાઈ દેસાઈ અમેરિકા પહોંચી ત્યાં ઓવરસીસ ફેન્ડ્રૂઝ ઓફ જનસંઘ નામે સંગઠન સ્થાપી વિશ્વમાં કટોકટી વિરૂધ્ધ પ્રચાર કાર્ય જોરશોરથી ઉપાડી કટોકટી વિશેષ અંગેનો વિદેશમાં જનમત ઉભો હતાં.




### કટોકટીનું કલંક – એક નજર

૪૯ વર્ષ પહેલાંની એ ૨૫ જૂન લોકશાહીના ઈતિહાસનો કલંકિત દિવસ. ૬૩૫ દિવસ ચાલેલા આ યુધ્ધમાં ગુજરાતની ભૂમિકા મહત્વની હતી. ૨૫ જૂન ૧૯૭૫ થી ૨૨ માર્ચ ૧૯૭૭માં ગુજરાતમાં એક પણ અઠવાડિયુ એવુ નથી કે આંદોલન ન થયું હોય.કટોકટી દરમિયાન ૧૦૦ થી વધુ સ્વયંસેવકના મૃત્યુ થયા હતા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય વ્યવસ્થા પ્રમુખપાંડુરંગ ક્ષોર સાગર નું પણ મૃત્યુ થયું હતું. લોકશાહીની રક્ષા માઢેના આ આંદોલનમાં ગુજરાત દેશને દિશા આપનારુ રાજય બન્યું હતું. આ કટોકટી સામેની લડાઈમાં સાધના સાપ્તાહિકની ૪૫૦૦૦ થી ૧ લાખ સુધીની નકલો વેચાતી હતી. આ લડાઈમાં જનતા છાપુ, ભૂગર્ભ પત્રનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કટોકટી સામેની લડાઇમાં ૩૧૬૫ સત્યાગ્રહીઓએ ભાગ લીધો હતો. ૨૦૦૦ થી વધારે સત્યાગ્રહીઓને જેલમાં રાખવામાં આવ્યા હતા. કટોકટી સામેનો સંઘર્ષકાળ એ અવિસ્મરણીય અને કાર્યકર્તાના લડાઈના નવા નવા માર્ગને પ્રશિસ્ત કરનારો હતો. કટોકટીનો કાળ કાર્યકરોની અને પરિવારની અગ્નિપરીક્ષાનો હતો. ગુજરાત અને ગુજરાતનાનરેન્દ્રભાઈ મોદી,વિષ્ણુભાઈ પંડ્યા જેવા વિચક્ષણ કાર્યકરોની યુક્તિઓ, યોજનાઓ, ભૂગર્ભ લડાઈની યોજનાઓ થકી કટોકટીને ઉઠાવવી પડી હતી અને દેશમાં લોકશાહીની પુનઃસ્થાપના થઇ હતી. – **જયેશ સંઘાણી – રાજકોટ**

# બાળકોને શાળા પ્રવેશોત્સવ કરાવતા ટીલાળા

## ધારાસભ્યની હાજરીમાં 'પ્રગતિનો પ્રવેશોત્સવનો ઉત્સાહભેર પ્રારંભ




રાજકોટ, તા.૨૪

રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહેલા 'પ્રગતિનો પ્રવેશોત્સવ-૨૦૨૬' અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત રાજકોટ દક્ષિણ વિધાનસભા વિસ્તારની વિવિધ પ્રાથમિક શાળાઓમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ ઉપસ્થિત રહી નાનાં ભૂલકાઓનું તિલક કરી, ફૂલહાર અર્પણ કરીને અને શૈક્ષણિક કિટ્સ આપી શાળા પ્રવેશ કરાવ્યો.

ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શરૂ કરેલો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ આજે સમગ્ર રાજ્યમાં લોકભાગીદારીનું પ્રેરણાદાયી અભિયાન બન્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ આ અભિયાન વધુ વ્યાપક બની રહ્યું છે, જેના પરિણામે શિક્ષણનું પ્રમાણ વધવાની સાથે દીકરીઓના શિક્ષણ અને શાળા છોડનાર વિદ્યાર્થીઓના પુનઃપ્રવેશમાં પણ નોંધપાત્ર સફળતા મળી રહી છે. શિક્ષણ એ બાળકના ઉજ્જ્વળ ભવિષ્યનો પાયો છે. રાજ્ય સરકાર દ્વારા દરેક બાળક સુધી ગુણવત્તાસભર શિક્ષણ પહોંચે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પ્રવેશોત્સવ માત્ર એક કાર્યક્રમ નહીં પરંતુ દરેક બાળકને શિક્ષણના મુખ્ય પ્રવાહ સાથે જોડવાનો સંકલ્પ છે. તેમણે વાલીઓને પોતાના બાળકોને નિયમિત રીતે શાળાએ મોકલવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે શિક્ષિત સમાજ જ વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ખાસ કરીને દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા તથા કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે સૌએ સંયુક્ત પ્રયાસો કરવાની જરૂરિયાત તેમણે વ્યક્ત કરી હતી. પ્રવેશોત્સવ દરમિયાન ધારાસભ્યએ શાળાની વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું તેમજ શિક્ષકો, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો અને વાલીઓ સાથે સંવાદ કરીને શિક્ષણની ગુણવત્તા વધુ સશક્ત બને તે અંગે ચર્ચા કરી હતી. ઉપરાંત દિવ્યાંગ વિદ્યાર્થીઓ તથા શાળા છોડીને ગયેલા બાળકોના પુનઃ પ્રવેશ માટે પણ વિશેષ ધ્યાન આપવા સૂચન કર્યું હતું.

કાર્યક્રમમાં ઉપસચિવ સંકેતસિંહ વઘેલા, શિક્ષણ વિભાગના અધિકારીઓ, કૌશિકભાઈ ચાવડા ઉપપ્રમુખ રાજકોટ શહેર ભાજપ, નિશાબેન રાણપરા મંત્રી રાજકોટ શહેર ભાજપ, મયુરભાઈ શાહ કોશાધ્યક્ષ રાજકોટ શહેર ભાજપ, સહીત કોર્પોરેટરઓ, વોર્ડ પ્રમુખઓ, પ્રભારીઓ, મહામંત્રીઓ, સ્થાનિક આગેવાનો, શિક્ષકો, વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળ્યો હતો તથા નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભે વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

# માણસની સાર્થકતા અન્યોની વેદનાના સ્પર્શમાં

**નાગરિક બેંક દ્વારા ચાલતા વાચનપરબના ૧૦૩માં મણકામાં મનનીય વાત રજુ કરતા જવલંત છાયા**




રાજકોટ, તા.૨૪

વાંચન થકી શ્રેષ્ઠ સમાજનાં નિર્માણની નેમ સાથે કાર્યરત, રાજકોટ નાગરિક બેંક દ્વારા ચાલતા વાચનપરબના ૧૦૩માં મણકામાં સાહિત્યકાર-બહુમુખી પ્રતિભાશાળી સર્જક, અનુવાદક, પત્રકાર ભગવતીકુમાર શર્મા લિખિત અસૂર્યલોક'ની વાત લેખક-કવિ-કટારલેખક જવલંતભાઇ છાયાએ મનનીય પ્રસ્તુતિ કરી હતી.

જવલંતભાઇ છાયાએ રજુ કરેલ વક્તવ્યની આછેરી ઝલક, આ પ્રકલ્પ રાજકોટ નાગરિક સંસ્કારી બેંક ચલાવી રહી છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. અસૂર્યલોકમાં ચાર પેઢી વાત રજુ કરી છે. આ કૃતિમાં આપણા ચારેય વેદની વાત છે. આંખ ન હોય એટલે દુનિયા જોઈ ન શકાય એ ભ્રમણા છે. આ આખી વાતને વિસ્તારીએ અને એમાં અનેક આયામો ઉમેરાય એટલે અસૂર્યલોક બને. આ ભગવતીકુમાર શર્માની આત્મકથાનાત્મક છે. આમાં ફક્ત હકકીકતોનું નિરૂપણ નથી પરંતુ અનુભવોની પ્રતિષ્ઠા છે. કથા સાહિત્યનું સત્ય જીવનના સાહિત્ય કરતાં વધારે વાસ્તવિક હોય છે. અસૂર્યલોક માત્ર ચર્મચક્ષુ ગુમાવ્યાની સ્થિતિને કારણે નથી સર્જાયો પરંતુ વાતના પાત્રોનાં વર્તન અને જીવનમાં અસૂર્યલોક સર્જાયેલો દેખાય છે. અનેક પ્રકારના અંધકારમાંથી માણસનું જીવન પસાર થાય છે. આ નવલકથામાં સર્જકની મથામણ એવી છે કે અસૂર્યલોકથી સૂર્યલોક તરફ ગતિ નવલકથા દ્વારા કરવાની છે. પડકારોનો સામનો કરવા માટે સૌથી અગત્યનું અને ઉંચુ તત્ત્વ હોય તો તે પ્રજ્ઞા છે. બીજાની વેદનાને આપણે અડી શકીએ તેમાં જ માણસ તરીકેની આપણી સાર્થકતા છે. વાચનપરબના આ કાર્યક્રમમાં બેક પરિવારમાંથી દિનેશભાઇ પાઠક (ચેરમેન), જીવણભાઇ પટેલ (વાઇસ ચેરમેન), ડિરેકટરગણમાંથી કીર્તિદાબેન જાદવ, જ્યોતિબેન ભટ્ટ, લલિતભાઇ વોરા, શાખા વિકાસ સમિતિના સદસ્યો, સહકારી આગેવાનો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે દિનેશભાઇ પાઠક, જીવણભાઇ પટેલ, સીએ. પ્રવિણભાઇ ધોળકીયા, લલિતભાઇ વોરા, કીર્તિદાબેન જાદવ, જ્યોતિબેન ભટ્ટ, આર. બી. ગણાત્રા, કેતનભાઇ લશ્કરી, હિતેશભાઇ રાચ્છે સ્મૃતિચિહ્ન અને રૂમાલ આપી જવલંતભાઇ છાયાનું સન્માન કર્યું હતું. કાર્યક્રમનું સરળ-સફળ સંચાલન લેખક કૃતાર્થભાઇ પંડયાએ કર્યું હતું.

# મધ્યપ્રદેશમાં લૂંટનું એન્જિન પૂરજોશમાં : કોંગ્રેસ

નવી દિલ્હી, તા.૨૪

કોંગ્રેસે પ્રસ્તાવિત માળખાકીય પ્રોજેક્ટ્સ નજીક મુખ્યમંત્રી મોહન યાદવના પરિવાર દ્વારા જમીન ખરીદીના અહેવાલોને ટાંકીને આરોપ લગાવ્યો કે, ''મધ્યપ્રદેશમાં લૂંટનું એન્જિન પૂરજોશમાં ચાલી રહ્યું છે, જેના કેન્દ્રમાં મુખ્યમંત્રી પોતે છે.

કોંગ્રેસે આરોપ લગાવ્યો કે મધ્યપ્રદેશમાં ''લૂંટનું એન્જિન પૂરજોશમાં ચાલી રહ્યું છે'', એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમના પરિવારના સભ્યો અને તેમની રિયલ એસ્ટેટ કંપનીઓએ ડિસેમ્બર ૨૦૨૩ થી આગામી માળખાકીય પ્રોજેક્ટ્સથી લાભ મેળવવાની અપેક્ષા ધરાવતા વિસ્તારોમાં ઓછામાં ઓછી ૧૬૮ એકર જમીન ખરીદી છે. ધ ઇન્ડિયન એક્સપ્રેસના એક અહેવાલ સાથે કોંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે મુખ્યમંત્રી મોહન યાદવ, તેમના પરિવારના સભ્યો અને તેમની રિયલ એસ્ટેટ કંપનીઓએ માળખાકીય પ્રોજેક્ટ્સથી લાભ મેળવવાની અપેક્ષા ધરાવતા વિસ્તારોમાં મોટા પાયે જમીન ખરીદી છે, કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ દાવો કર્યો હતો કે મધ્યપ્રદેશની ''ડબલ-એન્જિન'' સરકાર હેઠળ ''લૂંટનું એન્જિન'' પૂરજોશમાં ચાલી રહ્યું છે, જેના કેન્દ્રમાં મુખ્યમંત્રી પોતે છે.

જાહેર કરાયેલા રેકોર્ડ મુજબ, મુખ્યમંત્રી મોહન યાદવના પરિવાર અને નજીકના સંબંધીઓ પાસે ઉજ્જૈન અને તેની આસપાસના ૨૪૫ પ્લોટમાં ૩૩૫ એકર જમીન છે. આમાંથી, ૧૩૭ પ્લોટમાં ૧૬૮ એકર જમીન, જેની કિંમત લગભગ ૪૫ કરોડ રૂપિયા છે, ડિસેમ્બર ૨૦૨૩ માં યાદવે મુખ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યા પછી સંપાદિત કરવામાં આવી હોવાનું કહેવાય છે. આ ખરીદીઓ કથિત રીતે ૧૧ પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવી હતી, જેમાં તેમની પત્ની સીમા યાદવ, પુત્ર વૈભવ યાદવ, પુત્રવધૂ શાલિની યાદવ, બહેન કલાવતી યાદવ, તેમજ તેમના ભાઈ, ભત્રીજા અને ભાભીનો સમાવેશ થાય છે. આ સંપાદન ચાર રિયલ એસ્ટેટ કંપનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં યાદવ અને તેમની પત્નીનો બહુમતી હિસ્સો છે, તેમજ ત્રણ અન્ય કંપનીઓ દ્વારા મોટાભાગે નજીકના સંબંધીઓ દ્વારા નિયંત્રિત છે. રિપોર્ટમાં વધુમાં જણાવાયું છે કે ૨૦૨૧ થી, જ્યારે યાદવ ઉચ્ચ શિક્ષણ મંત્રી બન્યા ત્યારથી પરિવારે ૨૫૩ એકર જમીન હસ્તગત કરી હતી. મુખ્યમંત્રી બનતા પહેલા, પરિવાર પાસે ૧૦૮ પ્લોટમાં ૧૭૯ એકર જમીન હતી, જેમાં ૨૦૨૧ થી ૨૦૨૩ વચ્ચે ખરીદેલા ૮૫ એકરનો સમાવેશ થાય છે. ફક્ત ૨૦૨૫ માં, પરિવાર અને તેમની કંપનીઓએ ૯૨ એકરને આવરી લેતા ૬૨ પ્લોટ ખરીદ્યા હોવાના અહેવાલ છે.

કોંગ્રેસે આરોપ લગાવ્યો કે આ સંપાદન હિતોના સંઘર્ષ તરફ ઈશારો કરે છે. ઉજ્જૈન માસ્ટર પ્લાન ૨૦૩૫ માં ફેરફારો અને મોટા માળખાકીય પ્રોજેક્ટ્સની જાહેરાત દ્વારા જમીનના મૂલ્યોમાં નોંધપાત્ર વધારો થયો છે. યાદવ મુખ્યમંત્રી બન્યા પછી ખરીદેલી ૧૬૮ એકર જમીનમાંથી ૧૧૧ જમીન પ્રસ્તાવિત રાજ્ય માર્ગ પ્રોજેક્ટ્સની બાજુમાં સ્થિત છે, જ્યારે અન્ય ઘણા પ્લોટ સુધારેલા માસ્ટર પ્લાન હેઠળ કૃષિમાંથી રહેણાંક અથવા વાણિજ્યિક ઉપયોગ માટે નિર્ધારિત વિસ્તારોમાં આવે છે.

ભોપાલમાં આયોજિત સંયુક્ત પત્રકાર પરિષદમાં, મધ્યપ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જીતુ પટવારી અને વિરોધ પક્ષના નેતા ઉમંગ સિંઘરે નૈતિક ધોરણે મુખ્યમંત્રીના તાત્કાલિક રાજીનામાની માંગ કરી અને સુપ્રીમ કોર્ટના વર્તમાન ન્યાયાધીશ દ્વારા દેખરેખ રાખવા અથવા તેનું નેતૃત્વ કરવા માટે ઉચ્ચ સ્તરીય, સ્વતંત્ર તપાસની માંગ કરી છે.

જીતુ પટવારીએ ભાજપ પર મુખ્યમંત્રી મોહન યાદવ સાથે સંકળાયેલા કથિત જમીન કૌભાંડ પરથી ધ્યાન હટાવવા માટે જાતિનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો. ભાજપ મોહન યાદવના જમીન કૌભાંડના મુદ્દાને હટાવવા માટે જાતિ વિશે વાત કરી રહી છે. મુખ્યમંત્રી અને ઘઈઈ હોવાને કારણે ભ્રષ્ટાચારથી મુક્તિ મળતી નથી. પટવારીએ એવો પણ આરોપ લગાવ્યો કે યાદવના પરિવાર દ્વારા કરવામાં આવેલી જમીન નોંધણીમાં કરચોરીનો સમાવેશ થાય છે, આ તો ફક્ત શરૂઆત છે અને વધુ કૌભાંડો ધીમે ધીમે ખુલતા રહેશે. તમારા પરિવારની કઈ કંપનીઓને વિકાસ પ્રોજેક્ટ્સનો સીધો ફાયદો થયો છે? શું સરકાર સંબંધિત વિસ્તારના માસ્ટર પ્લાનમાં કરવામાં આવેલા ફેરફારોને જાહેર કરશે? શું સ્થાનિક ખેડૂતો, જેમની પાસે પહેલાથી જ જમીન છે, તેઓ આ ટ્રાન્સફરથી વાકેફ હતા? શું તમે આ મામલામાં ન્યાયિક તપાસ કરાવવા માટે જાતે પહેલ કરશો?. વિપક્ષના નેતા ઉમંગ સિંઘરે આરોપ લગાવ્યો કે જમીન સંપાદન ૨૦૨૮ ના સિંહસ્થ કુંભ મેળાની તૈયારીઓ સાથે જોડાયેલા કરોડો રૂપિયાના કથિત નાણાકીય ગેરરીતિઓ સાથે સુસંગત છે. તેમણે નોંધ્યું કે કાયમી કુંભ માળખા માટે સરકારની જમીન-પૂલિંગ નીતિ સામે સ્થાનિક ખેડૂતોના મજબૂત વિરોધ છતાં ખરીદી ચાલુ રહી, અને તેમણે ચેતવણી આપી કે ઇન્દોર સહિત મધ્યપ્રદેશના અન્ય મોટા શહેરોમાં જમીન વ્યવહારોમાં સમાન ગેરરીતિઓ સામે આવી રહી છે. AICC મીડિયા અને પ્રચાર વિભાગના અધ્યક્ષ પવન ખેરાએ મુખ્યમંત્રી મોહન યાદવ પર વ્યક્તિગત લાભ માટે તેમના પદનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો, અને કહ્યું કે જમીન ખરીદી આગામી સિંહસ્થ કુંભ અને ઉજ્જૈન માસ્ટર પ્લાન ૨૦૩૫ સાથે જોડાયેલી છે.

ઉજ્જૈન અને અયોધ્યાને પવિત્ર તીર્થસ્થાનો ગણાવતા ખેરાએ કહ્યું, ''આ તીર્થસ્થાનોમાંથી પૈસા લૂંટવા એ શ્રદ્ધાળુઓની પીઠમાં છરો ભોંકવા જેવું છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ બાબતે કોઈ કાર્યવાહી કરશે નહીં. કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે પ્રશ્ન કર્યો કે ૨૫૩ એકરના મેગા જમીન સંપાદનની તાત્કાલિક તપાસ શરૂ કરવાને બદલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) જેવી કેન્દ્રીય એજન્સીઓ કેમ ચૂપ છે.

**મધ્યપ્રદેશની ''ડબલ-એન્જિન'' સરકાર હેઠળ ચાલતા એન્જીના કેન્દ્રમાં CM હોવાનો આક્ષેપ**

# આજી નદીની સફાઈ માટે કોંગ્રેસ મેદાને

## ભાજપની કામગીરી અંગે વિરોધ : પાવડા અને તગારા સાથે કોંગી આગેવાનો સફાઈ કરતા નજરે પડ્યા



રાજકોટ, તા. ૨૪

ચોમાસુ દક્ષિણ ગુજરાતમાં બેસી ગયું છે મેઘરાજાનું આગમન પણ થઈ ચૂક્યું છે ત્યારે સૌરાષ્ટ્ર અને ખાસ રાજકોટની જો વાત કરવામાં આવે તો અહીં હજુ પ્રિમોન્સૂન અંતર્ગત જે કામગીરી થવી જોઈએ તે થઈ નથી પરિણામ સ્વરૂપે અનેકવિધ જગ્યાઓમાં ગંદકીના ગંજ જોવા મળી રહ્યા છે ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા ગઈકાલે આજી નદીની સાફ-સફાઈ કરવામાં આવી હતી અને અનોખી રીતે કોંગ્રેસે ભાજપ સામે વિરોધ પણ નોંધાવ્યો હતો. કોંગ્રેસ પક્ષના આગેવાનો દ્વારા પાવડા અને તગારા લઈને નદીના પટ્ટમાં ઉતર્યા હતા અને સફાઈ કરી હતી. આ સાથે જ કટાક્ષ કર્યો કે મેયર જ્યારે જીતી ગયા ત્યારે પોતાની માનતા પૂરી કરવા માટે રામનાથ મહાદેવના મંદિરે ધ્વજા ચડાવી હતી. જોકે બાદમાં આ મંદિરની આસપાસ આજી નદીમાં ફેલાયેલી ગંદકી તેમને ન દેખાઈ ત્યારે ભવિષ્યમાં પણ જો તંત્ર નહીં જાગે તો ઉંઈઇ લઈને સફાઈ કરીશું.

કોંગ્રેસના કોર્પોરેટર મકબૂલ દાઉદાણીએ જણાવ્યું હતું કે, આજે અમે રામનાથ મંદિરે આવ્યા છીએ અને આ આજી નદી છે. અહીં રામનાથ મહાદેવ બિરાજમાન છે, પરંતુ કોઈ દિવસ સફાઈ કરવામાં આવતી નથી. જેના કારણે પાણી વધારે આવે છે અને ગત વર્ષે ચોમાસા દરમિયાન વરસાદના કારણે મંદિરમાં નુકસાન થયું હતું. રાજકોટ મહાનગરપાલિકા પ્રિ-મોન્સૂનની કામગીરીમાં ઝીરો છે.

'મેયર પોતાના વોર્ડમાં જ સફાઈ નથી કરાવી શકતા તો બીજા વોર્ડમાં શું કરાવશે?' મેયર ઓફિસમાં બેસીને મોટી મોટી વાતો કરે છે. આ એમનો જ વોર્ડ છે અને અહીં રામનાથ મહાદેવ બિરાજમાન છે. ગત વખતે પણ અહીં આજી નદીમાં સફાઈ કરવામાં આવી ન હતી. જેને કારણે નદીનું પાણી મંદિરમાં ઘૂસી જતા નુકસાન થયું હતું. હજુ પણ સફાઈ નહીં કરાવે તો આ વર્ષે વધુ નુકસાન જશે. જેને કારણે લોકોના ઘરોમાં પણ પાણી ઘૂસી જાય છે.

આ વાતના જવાબમાં મેયર નેહલ શુકલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ દ્વારા સાફ-સફાઈ કરવામાં આવી તે ખૂબ સારી બાબત છે કારણ કે વડાપ્રધાન મોદીના સ્વચ્છ ભારત અભિયાનમાં યોગદાન આપવું તે જરૂરી છે. ક્યાંક મેયર દ્વારા લુલો બચાવ પણ કરવામાં આવ્યો હતો અને જણાવવામાં આવ્યું હતું કે હાલ જે ગંદકીની વાત ચાલી રહી છે તે સતત પ્રક્રિયા છે માની લો કોઈ જગ્યાએથી કચરો દૂર કરવામાં આવે તો બીજી જ ક્ષણે કે બીજા જ દિવસે તે ફરી થઈ જાય છે ત્યારે આ સતત પ્રક્રિયા માટે મહાનગરપાલિકા દ્વારા યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવશે પરંતુ કોંગ્રેસ દ્વારા જે કાર્ય કરવામાં આવ્યું છે તેમાં કંઈ ખોટું નથી તો બીજી તરફ કોંગ્રેસે અનોખી રીતે ભાજપ સમક્ષ પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.



# ભીલવાસમાં મોટી દુર્ઘટના ટળી

## ગેસ પાઈપલાઈન તૂટતા અફરાતફરી : રહેવાસીઓમાં ફફડાટ

રાજકોટ, તા. ૨૪

ગઈકાલે રાજકોટમાં મોટી દુર્ઘટના ટળી હતી ભીલવાસ ચોકમાં ખોદકામ દરમિયાન ગુજરાત ગેસની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું હતું જેને લઈને ગેસ લીકેજની ઘટના ઘટી હતી. થોડા સમય માટે વાતાવરણ પણ સંઘ થઈ ગયું હતું અને સ્થાનિક રહેવાસીઓને રાહદારીઓમાં ફફડાટ મચી ગયો હતો.

મળતી માહિતી મુજબ, બપોરે આશરે ૧૨ વાગ્યાના અરસામાં ખોદકામ દરમિયાન અચાનક ગેસ લાઈનને નુકસાન પહોંચતા લીકેજ શરૂ થયું હતું. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સુરક્ષાના પગલાં હાથ ધર્યા હતા. ફાયર કર્મચારીઓએ પાણીનો મારો ચલાવી પરિસ્થિતિને નિયંત્રણમાં લેવા પ્રયાસ કર્યો હતો. ઘટનાને પગલે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકત્રિત થયા હતા. કોઈ આગ કે વિસ્ફોટની ઘટના ન બને તે માટે ફાયર વિભાગે આસપાસનો વિસ્તાર સુરક્ષિત કરી જરૂરી સાવચેતીના પગલાં લીધા હતા. સાથે જ ગુજરાત ગેસ કંપનીને જાણ કરવામાં આવતા તેમના કર્મચારીઓ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. ગુજરાત ગેસની ટીમે વાલ્વ બંધ કરવાની કામગીરી હાથ ધરી હતી અને આશરે ૨૦ મિનિટની જહેમત બાદ ગેસ પુરવઠો સંપૂર્ણપણે બંધ કરવામાં સફળતા મળી હતી. સદનસીબે સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજાની ઘટના નોંધાઈ નથી.

મળતી માહિતી મુજબ ભવિષ્યમાં આ પ્રકારની કોઈ ઘટના ન ઘટે તે માટે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. હાલ રાજકોટના અનેકવિધ વિસ્તારોમાં ખોદકામ ની કામગીરી ચાલુ છે ત્યારે તેના પર યોગ્ય નિર્ણય અને વ્યવસ્થા ઊભી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે.

# પાણી વિતરણની સમસ્યાથી લોકો હેરાન પરેશાન

## નવ વોર્ડમાં પાણી મોળુ આવતા રહેવાસીઓમાં દેકારો

રાજકોટ, તા.૨૪

યોગ્ય વ્યવસ્થાના અભાવે હાલ રાજકોટમાં પાણી વિતરણની વ્યવસ્થા જે પ્રમાણે થવી જોઈએ તે થઈ શકી નથી. મળતી માહિતી મુજબ શહેરના કુલ ૯ વોર્ડમાં ગઈકાલથી પાણી વિતરણની વ્યવસ્થા ખોડવાઈ હતી. પશ્ચિમ અને સેન્ટ્રલ ઝોનના વિસ્તારોમાં એકાએક ૬ થી ૭ કલાક પાણી મોડુ થતા લોકોમાં ગરમી વચ્ચે કકળાટ થયો હતો. મ્યુનિ. કોર્પોરેશનની વોટર વર્કસ શાખા દ્વારા રૈયાધાર મેઈન રોડ ખાતે નવી ૬૦૦ મી.મી. ડી.આઈ. પાણીની મુખ્ય પાઈપલાઈનને હાલની ૪૦૦ મી.મી. મુખ્ય લાઈન સાથે જોડાણ કરવાની મહત્વપૂર્ણ કામગીરી હાલ ચાલી રહી છે. શરૂ કરાયેલ કામગીરી દરમિયાન ભૂગર્ભમાં સતત અને મોટા પ્રમાણમાં પાણીનો પ્રવાહ મળતાં ડી-વોટરીંગ કામગીરીમાં મુશ્કેલીઓ સર્જાઈ છે, જેના કારણે જોડાણની કામગીરી પૂર્ણ થવામાં વિલંબ થયો છે.



આ કારણે રૈયાધાર હેડવર્ક્સ, ૧૫૦ ફટ રિંગ રોડ હેડવર્ક્સ, સોજીત્રા, ન્યારી અને ચંદ્રેશનગર હેડવર્ક્સ હેઠળ આવતા વોર્ડ નં. ૧, ૨(પાર્ટ), ૩(પાર્ટ), ૭(પાર્ટ), ૮(પાર્ટ), ૯,૧૦,૧૧(પાર્ટ) ૧૨(પાર્ટ)ના વિસ્તારોમાં પાણી વિતરણ અંદાજિત ૬ કલાક મોડું થયું છે. ન્યુ રાજકોટના ૧૫૦ ફુટ રોડ લાગુ ગાંધીગ્રામથી માંડી સાધુ વાસવાણી રોડ સુધીના અને યુનિ. રોડના વોર્ડના તમામ વિસ્તારોમાં આજે પાણી ખુબ મોડુ થયું હતું. મહાનગરપાલિકાની ટીમો સ્થળ પર સતત કામગીરી કરી રહી છે. જોડાણની કામગીરી પૂર્ણ થતાં જ પાણી વિતરણ તાત્કાલિક શરૂ કરવામાં આવશે તેમ લોકોને જણાવવામાં આવ્યું છે. જ્યાં સુધી યોગ્ય વ્યવસ્થા ઊભી કરવામાં નહીં આવે ત્યાં સુધી પાણી વિતરણ સહિતની સુવિધાઓથી લોકો હેરાન પરેશાન થશે તેવી હાલ સ્થિતિ ઊભી થઈ છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ જોડાણને કામગીરી પૂર્ણ થતા જ પાણી વિતરણ તાત્કાલિક શરૂ કરી દેવામાં આવશે. બીજી મહત્વની બાબત એ છે કે ચોમાસા દરમિયાન આ પ્રકારની સ્થિતિનું નિર્માણ સતત થતું જોવા મળ્યું છે ભૂતકાળમાં પણ ચોમાસા દરમિયાન આ પ્રકારની કામગીરી કરવામાં આવતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે ત્યારે ડીઆઈ પાઈપલાઈન નાખવાની કામગીરીના પગલે ઘણાખરા વિસ્તારોમાં પાણી વિતરણ નો પ્રશ્ન ઉભો થયો છે અને લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.

# સમિતિઓની રચનાનું ચોઘડિયું ક્યારે ?

## ગઈકાલ રાત સુધી સમિતિની રચના અંગેની દરખાસ્ત આવી ન હોવાનું આવ્યું સામે : જનરલ બોર્ડ પૂર્વેજ મેયરના અધ્યક્ષ સ્થાનેથી અર્જન્ટ દરખાસ્ત આવે તેવી ચર્ચાએ પકડ્યું જોર

રાજકોટ, તા. ૨૪

મહાનગરપાલિકાના નવનિયુક્ત મેયર સહિતના હોદ્દેદારોની વરણીને એક માસ જેટલો સમય પૂર્ણ થઈ ચૂક્યો છે પરંતુ મહાનગરપાલિકાની પેટા સમિતિઓની રચના અંગે હજુ સુધી નિર્ણય લેવામાં આવ્યો નથી અને જાહેરાત પણ થઈ નથી ત્યારે આજની જનરલ બોર્ડમાં અધ્યક્ષ સ્થાનેથી જે દરખાસ્ત કરવામાં આવનાર હોય તે પણ હજી સુધી થાય નથી જેને લઈને ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર પ્રદેશ હાઈ કમાન્ડ તરફથી લીલી જંડી મળતા જ આવતીકાલની જનરલ બોર્ડમાં અર્જન્ટ દરખાસ્ત તરીકે પણ વિવિધ સમિતિઓની જાહેરાત કરી દેવામાં આવશે તેવી અટકળો ચાલી રહી છે.

જનરલ બોર્ડમાં એક પણ મહત્વની દરખાસ્ત મુકવામાં આવી નથી ત્યારે માત્ર ને માત્ર પ્રશ્નોત્તરી જ કરવામાં આવશે તેવી હાલ ચર્ચાએ જોર પકડ્યું છે તો બીજી તરફ ૧૫ પેટા સમિતિઓની રચનાની શક્યતાઓને પણ નકારી શકાય તેમ નથી કારણકે પ્રદેશ હાઈ કમાન્ડ દ્વારા આદેશ મળતાની સાથે જ કાલની જનરલ



બોર્ડમાં અર્જન્ટ દરખાસ્ત તરીકે પણ સમિતિઓની રચના કરી દેવામાં આવે તેવી સંભાવના પ્રબળ છે.

જે સમિતિના ચેરમેન, વાઈસ ચેરમેન અને સભ્યોની નિમણુંક બાકી છે તેમાં બાંધકામ ચેરમેન, સેનીટેશન, સમાજ કલયાણ, આરોગ્ય, રોશની, વોટર વર્કસ, કાયદો, માર્કેટ, હાઉસીંગ, ટીપી, ડ્રેનેજ, ઝુ- ગાર્ડન, શિશુ-ફાયર, મા.શિક્ષણ, એસ્ટેટ સમિતિનો સમાવેશ થાય છે. આ વખતની ચૂંટણીના મહિના બાદ પદાધિકારીઓની નિમણુંક થઇ હતી. વિવિધ સમિતિઓની રચનામાં જે સમય લાગ્યો છે તેની પાછળ શું કારણ હોઈ શકે તે અંગેની હજુ સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી પરંતુ કામગીરી નું ધારણ સતત વધી રહ્યું હોવાનું પણ હાલ જાણકાર વર્તુળો કહી રહ્યા છે. એટલું જ નહીં પ્રદેશ હાઈ કમાન્ડે સમિતિઓની નિમણૂક પણ પોતાના હસ્તક લઈ લીધી હોવાની પણ ચર્ચાએ જોર પકડ્યું છે. હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ અને હજી સુધી કોઈ સમિતિ અંતર્ગત દરખાસ્ત મેયરના અધ્યક્ષ સ્થાનેથી આવી ન હોવાનું પણ જાણવા મળ્યું છે ત્યારે જનરલ બોર્ડ શરૂ થાય તે પૂર્વે જ અર્જન્ટ દરખાસ્ત તરીકે સમિતિઓની રચનાનો નિર્ણય લેવામાં આવે તેવું હાલ ચર્ચાઈ રહ્યું છે. રાજકીય વર્તુળોમાં એ વાતની પણ ચર્ચાએ જોર પકડ્યું છે કે અનેકવિધ મહત્વની સમિતિઓ છે અને તેમાં કોને જવાબદારી સોંપવામાં આવે છે તે પણ સૌથી મોટી વાત હશે કારણ કે આ સમિતિઓ માટે છેલ્લા ઘણા સમયથી લોબિંગ પણ કરવામાં આવ્યું હતું પરંતુ હજુ સુધી પ્રદેશ ભાજપ દ્વારા આ અંગે કોઈ નિર્ણય ન લેવામાં આવતા અટકળો તેજ બની છે.

# ડ્રાઈવિંગ ટેસ્ટ માટે નવી તારીખો જાહેર

## એપોઈન્ટમેન્ટ બુક કરાવનાર અરજદારો માટે આગામી શનિવાર અને રવિવાર સહિતના દિવસોમાં ટેસ્ટ યોજવામાં આવશે

રાજકોટ, તા. ૨૪

આર.ટી.ઓ. રાજકોટ ખાતે કાર્યરત ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ કેમ્પમાં ગત તા. ૧૬ જૂન ૨૦૨૬ થી ૨૨ જૂન ૨૦૨૬ દરમિયાન સર્વરની ટેકનિકલ ખામીને કારણે ડ્રાઈવિંગ ટેસ્ટની કામગીરી બંધ રહી હતી. પરિણામે જે અરજદારોએ આ સમયગાળા દરમિયાન ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ડ્રાઈવિંગ ટેસ્ટ માટે એપોઈન્ટમેન્ટ બુક કરાવેલ હતી, તેઓની સુવિધા તેમજ અરજદારોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા નીચે મુજબની વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.



પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું છે કે, તા. ૧૮ જૂન થી ૨૦ જૂન ૨૦૨૬ દરમિયાન એપોઈન્ટમેન્ટ બુક કરાવનાર અરજદારો માટે આગામી શનિવાર અને રવિવાર સહિતના દિવસોમાં ટેસ્ટ યોજવામાં આવશે. તા. ૧૮ જૂન ૨૦૨૬ ના રોજ સવારે ૦૮.૩૦ થી સાંજે ૦૭.૩૦ વાગ્યા દરમિયાન એપોઈન્ટમેન્ટ ધરાવતા તમામ ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર અરજદારોએ તા. ૨૭ જૂન ૨૦૨૬ના રોજ એપોઈન્ટમેન્ટ લીધી હોય એ સમયગાળા દરમિયાન જ ટેસ્ટ આપવા હાજર રહેવું.

તા. ૧૯ જૂન ૨૦૨૬ ના રોજ સવારે સવારે ૦૮.૩૦ થી બપોરે ૦૨.૦૦ વાગ્યા સુધી એપોઈન્ટમેન્ટ ધરાવતા અરજદારોએ તા. ૨૭ જૂન ૨૦૨૬ ના ૦૮.૩૦ થી બપોરે ૦૨.૦૦ વાગ્યા દરમિયાન ટેસ્ટ આપવા હાજર રહેવું તથા તા. ૧૯ જૂન ૨૦૨૬ ના રોજ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૦૭.૩૦ વાગ્યા સુધી એપોઈન્ટમેન્ટ ધરાવતા અરજદારોએ તા. ૨૭ જૂન ૨૦૨૬ ના રોજ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૦૭.૩૦ વાગ્યા દરમિયાન ટેસ્ટ આપવા હાજર રહેવું.

તા. ૨૦ જૂન ૨૦૨૬ ના રોજ સવારે ૦૮.૩૦ થી સાંજે ૦૭.૩૦ વાગ્યા સુધી એપોઈન્ટમેન્ટ ધરાવતા તમામ અરજદારોએ તા. ૨૮ જૂન ૨૦૨૬ના રોજ એ જ સમયગાળા દરમિયાન ટેસ્ટ આપવા હાજર રહેવું, તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટની યાદીમાં જણાવાયુ છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ખાખીની માનવતા

## આવકાર્ય કદમ,પણ હપ્તાખોરી બંધ કરો એ જ ખરી માનવતા ગણાય




રાજકોટ પોલીસ કમિશનર કચેરીમાં પખાખીની માનવતાથ નામનો સ્ટોર શરૂ કરવામાં આવ્યો છે. આ સ્ટોર દ્વારા જરૂરિયાતમંદ લોકોને જીવનજરૂરી વસ્તુઓ પૂરી પાડવામાં આવશે. સામાજિક ઉત્તરદાયિત્વ અને પોલીસ પ્રજાનો મિત્ર છે તે ભાવ ઉજાગર કરવા માટે આ એક સરાહનીય અને આવકાર્ય કદમ છે. પ્રજાના કલ્યાણ માટે આવી સંવેદનશીલ પહેલ આવશ્યક છે. પરંતુ સિક્કાની બીજી બાજુ પણ એટલી જ મહત્વની છે, જેને નજરઅંદાજ કરી શકાય નહીં.

હાલના સંજોગોમાં સરકારી તંત્રો પોતાની મૂળભૂત ફરજો નિષ્ઠાપૂર્વક બજાવે તે જ સૌથી મોટી માનવતા છે. રાજકોટમાં સેવાકાર્યો કરવા માટે અસંખ્ય સ્વયંસેવી સંસ્થાઓ કાર્યરત છે અને તેઓ આ કામ બખૂબી કરી રહી છે. પોલીસ તંત્રની સૌથી મોટી અને પ્રાથમિક જવાબદારી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાની છે. આ ગંભીર ફરજ માટે જ સરકાર દ્વારા તંત્રને વિશેષ સત્તા અને સુવિધાઓ આપવામાં આવે છે. કાયદાનું પાલન કરાવવા માટે પોલીસે પોતાની તમામ શક્તિ અને સંસાધનો વાપરવા જોઈએ. આ મૂળભૂત કાર્ય સંપૂર્ણ રીતે પાર પડ્યા બાદ જ આવી અતિરિક્ત પ્રવૃત્તિઓ તરફ ધ્યાન આપવું યોગ્ય ગણાય.

રાજકોટમાં ટ્રાફિક વ્યવસ્થા કથળેલી છે અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ચિંતાજનક છે. શહેરમાં નશાખોરી અને ગુંડાગીરી બેફામ વધી રહી છે, જેનાથી સામાન્ય નાગરિકો અસુરક્ષિત અનુભવે છે. ઘણી જગ્યાએ પોલીસ તંત્રની કડક હાજરીનો અભાવ સ્પષ્ટ વર્તાય છે. આવી પરિસ્થિતિમાં મૂળ ફરજો પૂરી કરવાને બદલે પ્રચારાત્મક સેવાના કાર્યો કરવા તે વિચિત્ર અને આશ્ચર્યજનક લાગે છે. ગુનેગારોમાં પોલીસનો ડર હોવો અનિવાર્ય છે.

તંત્રમાં ચાલતી હપ્તાખોરી અને ભ્રષ્ટાચાર નાગરિકોની સુવિધા છીનવી લે છે. જો પોલીસ તંત્ર હપ્તાખોરી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સંપૂર્ણપણે બંધ કરી દે, તો તે જ જનતા માટે સાચી માનવતા સાબિત થશે. પ્રજાને સ્ટોરના અનાજ કરતાં સુરક્ષિત વાતાવરણની વધુ જરૂર છે. સમાજે પણ આવી બાબતોને ગંભીરતાથી લઈ જાગૃત થવાની જરૂર છે. કાયદાનું કડક પાલન એ જ પોલીસની અસલી ઓળખ છે.

# ઈરાનમાં પરિસ્થિતિ સુધારા પર

## બિનજરૂરી મુસાફરી ટાળવા ભારતીય દૂતાવાસે જાહેર કરી એડવાઈઝરી



નવીદિલ્હી, તા. ૨૪

અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષનો અંત લાવવા અને ખાડી ક્ષેત્રમાં કાયમી શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે પ્રયાસો ચાલી રહ્યા છે. હાલમાં, શાંતિ કરાર બાદ આ ક્ષેત્રમાં શાંતિ પ્રવર્તે છે. ઈરાનમાં સુરક્ષા સ્થિતિમાં તાજેતરના સુધારા વચ્ચે, તેહરાનમાં ભારતીય દૂતાવાસે ભારતીય નાગરિકો માટે સુધારેલી મુસાફરી સલાહ જારી કરી છે. દૂતાવાસે જણાવ્યું હતું કે પરિસ્થિતિમાં સુધારો થયો છે, પરંતુ ભારતીય નાગરિકોએ આગામી સૂચના સુધી ઈરાનની બિન-આવશ્યક મુસાફરી ટાળવી જોઈએ. ભારતીય દૂતાવાસે પરિસ્થિતિમાં સુધારાની નોંધ લીધી, પરંતુ સાવચેતી રાખવાની પણ વિનંતી કરી. ડ પરની તેની પોસ્ટમાં, દૂતાવાસે જણાવ્યું હતું કે તે ઈરાનમાં સુરક્ષા પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને તાજેતરના સુધારા દેખાઈ રહ્યા છે. દૂતાવાસે જણાવ્યું હતું કે, નસ્ત્રતાજેતરના સુધારા છતાં, ભારતીય નાગરિકોને આગામી સૂચના સુધી ઈરાનની બધી બિન-આવશ્યક મુસાફરી ટાળવાની સલાહ આપવામાં આવે છે.સ્ત્રસ્ત્ર

દૂતાવાસે ઈરાનમાં રહેતા ભારતીયો અને આવશ્યક હેતુઓ માટે ત્યાં મુસાફરી કરતા લોકોને અત્યંત સતર્ક રહેવા, સ્થાનિક પરિસ્થિતિઓનું સતત નિરીક્ષણ કરવા અને ફક્ત વિશ્વસનીય સ્ત્રોતો પાસેથી જ માહિતી મેળવવાની સલાહ આપી છે. વધુમાં, સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલી તમામ સૂચનાઓનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે.

આ સલાહમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ઈરાનમાં રહેતા તમામ ભારતીય નાગરિકોએ શક્ય તેટલી વહેલી તકે ભારતીય દૂતાવાસમાં નોંધણી કરાવવી જોઈએ અને દૂતાવાસની સત્તાવાર વેબસાઇટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જારી કરાયેલા અપડેટ્સ અને નવી સલાહકારોનું નિયમિતપણે નિરીક્ષણ કરવું જોઈએ.

દૂતાવાસે ઇમરજન્સી હેલ્પલાઇન નંબર અને ઇમેઇલ સરનામાં પણ બહાર પાડ્યા છે જેથી ભારતીય નાગરિકો કોઈપણ કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક સંપર્ક કરી શકે. આ સુધારેલી સલાહ એવા સમયે આવી છે જ્યારે પશ્ચિમ એશિયામાં તાજેતરમાં તણાવ ઓછો થવાના સંકેતો દેખાઈ રહ્યા છે, જોકે ભારત સરકારે બદલાયેલા સંજોગો છતાં સાવધાની રાખવાની નીતિ જાળવી રાખી છે.

ભારત તરફથી આ મુસાફરી સલાહ અમેરિકા અને ઈરાન વચ્ચે સંઘર્ષને ઓછો કરવાના હેતુથી સમજૂતી કરાર (ખજ્ઞઞ) હેઠળ ટેકનિકલ વાટાઘાટોના પ્રથમ રાઉન્ડના સમાપનને અનુસરે છે. બંને પક્ષો ઉચ્ચ સ્તરીય સમિતિ બનાવવા અને ૬૦ દિવસની અંદર અંતિમ કરાર માટે રોડમેપ તૈયાર કરવા સંમત થયા છે.

જોકે, બંને પક્ષો વચ્ચે કેટલાક મુખ્ય મુદ્દાઓ વણઉકેલાયેલા રહે છે, જેમાં આંતરરાષ્ટ્રીય ચકાસણી પ્રણાલી, હોર્મુઝ સ્ટ્રેટનું ભાવિ વહીવટ અને ઈરાનની સ્થિર નાણાકીય સંપત્તિની મુક્તિનો સમાવેશ થાય છે. તાજેતરના અઠવાડિયામાં રાજદ્વારી વાટાઘાટો તીવ્ર બની છે, દૂતાવાસની નવીનતમ સલાહ પ્રદેશમાં સુરક્ષા પરિસ્થિતિ અંગે સતત ચિંતાઓને પ્રતિબિંબિત કરે છે. આ સલાહકારમાં ઈરાનમાં રહેતા તમામ ભારતીય નાગરિકોને શક્ય તેટલી વહેલી તકે ભારતીય દૂતાવાસમાં નોંધણી કરાવવા અને અપડેટ્સ અને નવી સલાહ માટે દૂતાવાસની સત્તાવાર વેબસાઇટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મનું નિયમિતપણે નિરીક્ષણ કરવા વિનંતી કરવામાં આવી છે.

# યાત્રા માર્ગ પર અર્ધલશ્કરી દળો તૈનાત

## અમરનાથ યાત્રાની તૈયારીઓના ભાગ રૂપે CAPFની ૬૭૦ કંપનીઓ તૈનાત કરાશે



નવીદિલ્હી, તા. ૨૪

અમરનાથ યાત્રાની તૈયારીઓના ભાગ રૂપે, કેન્દ્રીય ગૃહ મંત્રાલય (ખઈઅ) એ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (ઈઅડ્ર્સ) ની ૬૭૦ કંપનીઓ તૈનાત કરવાની મંજૂરી આપી છે. આ વર્ષે યાત્રા માટે અર્ધલશ્કરી દળોની આ સૌથી મોટી તૈનાત હોવાનું માનવામાં આવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વધારાના દળો જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્ર સાથે સંકલનમાં તૈનાત કરવામાં આવશે. બાલટાલ અને પહેલગામ બંને માર્ગો પર સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ તૈનાત ૨૫ જૂન પહેલા પૂર્ણ કરવામાં આવશે. આ તૈનાતમાં બાલટાલ અને નૂનવાન ખાતેના બેઝ કેમ્પ, જમ્મુમાં યાત્રી નિવાસ, જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ, પઠાણકોટ-જમ્મુ હાઇવે અને યાત્રાળુઓ દ્વારા વારંવાર ઉપયોગમાં લેવાતા અન્ય મહત્વપૂર્ણ વિસ્તારોનો સમાવેશ થાય છે. સુરક્ષાને મજબૂત બનાવવા માટે, રોડ ઓપનિંગ પાર્ટીઓ (છ્યડ) ની તૈનાત પર ખાસ ધ્યાન આપવામાં આવશે. જમ્મુ-શ્રીનગર રેલ્વે કોરિડોર તેમજ હાઇવે પર એરિયા ડોમિનેશન પેટ્રોલિંગ અને નિયમિત દેખરેખ વધારવામાં આવશે. આ વખતે પવંદે ભારત એક્સપ્રેસથ ટ્રેનોમાં મુસાફરી કરી શકે તેવા યાત્રાળુઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવી રહ્યું છે.

જમ્મુ અને કાશ્મીરના પ્રવેશદ્વાર લખનપુરથી શરૂ થઈને અમરનાથ ગુફા મંદિર સુધી સમગ્ર યાત્રા માર્ગ પર ઈઅડ્ર્સ જવાનો તૈનાત કરવામાં આવશે. ભારતીય સેના પવિત્ર ગુફા મંદિરની આસપાસના યાત્રા માર્ગો અને વ્યૂહાત્મક ઊંચાઈઓને સુરક્ષિત કરવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવશે. ૩૦ જૂનથી અમરનાથ યાત્રા પર ભગવતી નગર યાત્રી નિવાસ યાત્રાળુઓ માટે ખુલ્લું મૂકવામાં આવશે. આશરે ૨,૫૦૦ યાત્રાળુઓ માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે, જ્યારે વધારાના યાત્રાળુઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આ વખતે વર્તમાન નોંધણી પ્રક્રિયા પણ સરળ બનાવવામાં આવી છે.

યાત્રાળુઓને હવે રેલ્વે સ્ટેશનની આસપાસ ભટકવું પડશે નહીં, કારણ કે તાવી રિવર ફ્રન્ટ પર એક જ જગ્યાએ નોંધણી, તબીબી તપાસ, પ્રમાણપત્રો અને અન્ય સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. યાત્રાળુઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને હોલ્ટની ક્ષમતા વધારવાની પણ યોજના ચાલી રહી છે. હાલમાં, આશરે ૯,૦૦૦ યાત્રાળુઓ માટે રહેવાની વ્યવસ્થા ઉપલબ્ધ છે, પરંતુ તેને વધારીને ૧૫,૦૦૦ કરવાનો પ્રસ્તાવ છે. આ પહેલ હેઠળ, યાત્રાળુઓને રહેવાની સુવિધા, ધર્મશાળાઓ અને અન્ય સુવિધાઓનો વિસ્તાર કરવામાં આવશે જેથી યાત્રા દરમિયાન કોઈ અસુવિધા ન થાય. આ વર્ષની અમરનાથ યાત્રા માટે નોંધણી ૧૫ એપ્રિલથી શરૂ થઈ હતી અને આજ સુધીમાં, દેશભરમાં નિર્ધારિત બેંક શાખાઓ દ્વારા ૩.૫ લાખથી વધુ યાત્રાળુઓએ નોંધણી કરાવી છે. નોંધણીઓની સંખ્યા સતત વધી રહી છે.

# કોલેજિયમના નિર્ણયોમાં દખલગીરી નહીં

## ન્યાયાધીશોની નિમણૂક અંગે સુપ્રીમ કોર્ટ કડક : કોર્ટે કહ્યું કોલેજિયમના નિર્ણયો RTI અને ન્યાયિક સમીક્ષાના દાયરાની બહાર

નવીદિલ્હી, તા. ૨૪

સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની પસંદગી પ્રક્રિયા અંગે એક મહત્વપૂર્ણ નિવેદન બહાર પાડ્યું છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે પસંદગી પ્રક્રિયા (કોલેજિયમના નિર્ણયો) માહિતી અધિકાર (છ્ઝઈ) અને ન્યાયિક સમીક્ષાના દાયરાની બહાર છે. કોર્ટે એમ પણ કહ્યું હતું કે ન્યાયાધીશોની પસંદગી પ્રક્રિયા ન્યાયિક સમીક્ષાને આધીન હોઈ શકે નહીં. આ નિવેદન કોલેજિયમ સિસ્ટમમાં પારદર્શિતાના અભાવ અંગે પ્રશ્નો ઉઠાવતી અરજીની સુનાવણી દરમિયાન આવ્યું છે. જસ્ટિસ બી.વી. નાગરત્નાની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે કોલેજિયમનો નિર્ણય તેની પોતાની સમજણ અને સંતોષ પર આધારિત છે. હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ બંને અરજીઓ સાંભળીને અથવા નિર્દેશો જારી કરીને ઉમેદવારની ભલામણમાં ખામી શોધી શકતા નથી. બેન્ચે જણાવ્યું હતું કે તે



એવી પરિસ્થિતિ ઊભી કરવા માંગતી નથી જે નવી સમસ્યાઓ ઊભી કરે. જસ્ટિસ બી.વી. નાગરત્નાએ જણાવ્યું હતું કે તે કોલેજિયમના નિર્ણયોમાં દખલ કરશે નહીં. બેન્ચે એ પણ નિર્દેશ કર્યો હતો કે થોડા ઉમેદવારોની પસંદગી અને ભલામણ કરતા પહેલા સેંકડો ઉમેદવારોને પરામર્શ માટે આમંત્રિત કરવામાં આવે છે.

કોલેજિયમ સિસ્ટમ એક પ્રકારની સિસ્ટમ છે. આ સિસ્ટમ દ્વારા, ન્યાયાધીશોની નિમણૂક, બઢતી અને વિવિધ રાજ્યોની સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. આ સિસ્ટમની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે ન્યાયાધીશો દ્વારા જ નિમણૂક કરવામાં આવે છે. સુપ્રીમ કોર્ટ કોલેજિયમમાં ભારતના મુખ્ય ન્યાયાધીશ અને સુપ્રીમ કોર્ટના ચાર સૌથી વરિષ્ઠ ન્યાયાધીશોનો સમાવેશ થાય છે. હાઇકોર્ટ કોલેજિયમમાં સંબંધિત હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને તે કોર્ટના બે સૌથી વરિષ્ઠ ન્યાયાધીશોનો સમાવેશ થાય છે.

કોલેજિયમ નામોની ભલામણ કરે છે. પછી આ નામો સરકારને મોકલવામાં આવે છે. સરકાર નામોની તપાસ કરે છે અને જો તેને કોઈ વાંધો હોય તો તે પરત કરી શકે છે. જો કે, જો કોલેજિયમ એ જ નામો ફરીથી સબમિટ કરે છે, તો સરકારે તેમને મંજૂરી આપવી આવશ્યક છે. મોટાભાગના કિસ્સાઓમાં આવું થાય છે. અંતે, રાષ્ટ્રપતિ નામો પર હસ્તાક્ષર કરે છે. ત્યારબાદ ન્યાયાધીશોને સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટમાં નિયુક્ત કરવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે કોલેજિયમ સિસ્ટમ પર એક મુખ્ય નિવેદન જારી કર્યું છે. કોર્ટે જણાવ્યું હતું કે કોલેજિયમના નિર્ણયો છ્ઝઈ અને ન્યાયિક સમીક્ષાના અવકાશની બહાર છે. કોલેજિયમના નિર્ણયો તેની પોતાની સમજણ પર આધારિત છે, અને અમે કોલેજિયમના નિર્ણયોમાં દખલ કરીશું નહીં.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

### ચારે વેદોમાં ગાયત્રી મંત્ર તરીકે સ્થાન ધરાવતી માતા ગાયત્રી હિન્દુ સંસ્કૃતિની જનની છે



આજે જેઠ સુદ અગિયારસને ભીમ અગિયારસ છે,પણ જેઠ સુદ અગિયારસે હિન્દુ પંચાંગ મુજબ ગાયત્રી જયંતિ ઉજવાય છે, અને મારી માટે ગાયત્રી મંત્ર ગુરુ મંત્ર હોવાથી આજે આપણે એને વિશે વાત કરીશું. માતા ગાયત્રીને આપણે ત્યાં વેદમાતા પણ કહેવામાં આવે છે. ચાર વેદ સાથે જ જેનો જન્મ છે, એવી માતા ગાયત્રી હિન્દુ સંસ્કૃતિની જનની પણ કહેવાય છે. આપણે ત્યાં અત્યારે એક બહુ જ પ્રચલિત શબ્દ છે, નસ્ત્રમોરલ ઓફ સ્ટોરીસ્ત્રસ્ત્ર, એમ ચારેય વેદનો જે સાર છે, તે ગાયત્રી મંત્ર છે. વેદોની ઉત્પત્તિ પછી જ યુગની શરૂઆત સ્વીકારીએ, તો ચક્રાકારે ગતિ કરતાં એ સમયને ત્યારે સતયુગ કહેવાતો. ઘણીવાર વિચાર આવે કે સતયુગમાં અને કળિયુગમાં એટલો શું ફેર છે? સતયુગમાં માનવી ધર્મ અને સંસ્કૃતિની માવજત કરતો, અને એના કહ્યાં પ્રમાણે જીવન જીવતો!: જ્યારે આજે માનવીનું જીવન ચરિત્ર બનાવનારા આ બંને ઘટકો એટલે કે ધર્મ અને સંસ્કૃતિનો ઉપયોગ માનવી પોતાના સ્વાર્થ માટે કરતો થઈ ગયો છે, પોતાની ઈમ્પ્રેશન બનાવવા માટે કરતો થઈ ગયો છે, પ્રભાવ પાડવા માટે કરતો થઈ ગયો છે, બસ આટલો જ તફાવત છે! જો આપણે સૌ પણ કળિયુગને જ સતયુગ જેવો બનાવવા માંગતા હોઈએ, તો સંસ્કૃતિની વિમુખ થતાં જતાં જીવનને યોગ્ય ટ્રેક પર લાવવું પડશે, મૂળમા આપણે સુસંસ્કૃત એટલે એવાં દિવ્ય સંસ્કારોનાં વાહક બનવું પડશે, બસ એટલો જ બદલાવ કરવાનો છે. જેમ એક કુંડામાં કોઈપણ એક છોડ વાવીએ તો એના ઉછેર માટે એને રોજ પાણી સીંચવું પડે, સમયે ખાતર નાખવું પડે, અને જરૂરી સૂર્યપ્રકાશ મળે છે કે નહીં એ જોવું પડે. બસ એ રીતે આપણે પણ આપણા ધર્મ મુજબ વેદનાં મૂળ મંત્રનો પાઠ કરવો પડે, સંસ્કૃતિ મુજબ અમુક સમયે સત્કર્મ કરવું પડે, અને દૈનિક તપ કરવું પડે,એનાથી આપણે જીવંત તેમજ હર્યાભર્યા રહી શકીએ છીએ! કેટલું સરળ છે, કોઈ આકરાં વ્રત કે તપ નહીં, માત્રને માત્ર ૨૪ અક્ષરનો ગાયત્રી મંત્ર આપણું જીવન ઉજ્જ્વળ બનાવી શકે છે! અને આપણને એ વાતની ખબર નથી એવું પણ નથી, છતાં થતું નથી એ પણ સત્ય છે. નિયમ મુજબ કદાચ કોઈ એક બે માળા કરતું હોય, પણ એનાં અર્થ અને એના વિસ્તૃત આયામ વિશેનું જ્ઞાન તો મંત્રના શુદ્ધ સાત્વિક સંકલ્પથી જ પ્રાપ્ત થાય, અને ધીરેધીરે વિષયી મન ધર્મ અને સંસ્કૃતિની પરિભાષા સમજીને એનો જાપ કરે.

ગાયત્રી મંત્ર એ જગતગુરુ શંકરાચાર્યનાં મતે વૈદિક રીતે વ્યક્તિગત ઉત્થાન માટે કરાતી પ્રાર્થના છે. તેમણે તેમના પુસ્તકમાં ગાયત્રીને ચાલીસ શક્તિઓની સિદ્ધિ દાયિની ગણી છે. તેનું ધ્યાન ધરવાથી બુદ્ધિની મલીનતા ધોવાઇ જાય છે, તથા ધર્મના આચરણમાં શ્રદ્ધા અને યોગ્યતા ઉત્પન્ન થાય છે. તે ઈશ્વરરૂપ બ્રહ્મની પ્રાર્થનાનો એક વૈદિક મંત્ર છે. જે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ ચારેય વેદોમાં છે. આ મંત્ર સિવાય બીજો કોઇ એકેય મંત્ર નથી, જે ચારેય વેદોમાં આવતો હોય, એવું એમનું ગાયત્રી મંત્ર માટે એક બહુ સ્પષ્ટ નિવેદન પણ રહ્યું છે.

દરેક ધર્મમાં એક મુખ્યમંત્ર હોય છે. એમ નગાયત્રીથ હિન્દુઓનો સર્વોપરી મંત્ર છે. માતા ગાયત્રીને આપણે ત્યાં સૌમ્ય અને શાંત દેવી તરીકે પણ સ્વીકારવામાં આવી છે, અને તેનો આ મંત્ર પણ ધાર્મિક કરતાં આધ્યાત્મિક જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. એનો જપ કરનાર માનવી ધીરે ધીરે જ્ઞાન સ્વરૂપ બને છે, અને તેનાં વિવેક અને વિનમ્રતાની છબીથી સમાજમાં એક અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે. આ જ કારણથી કોઈપણ સાધનાની શરૂઆતમાં માનવી પોતાના ચંચળ મનને શાંત કરવા માટે ગાયત્રી મંત્રનો સહારો લે છે, અને એનાથી એ અધ્યાત્મ માર્ગમાં પ્રવેશ પ્રાપ્ત કરે છે. ગાયત્રી મંત્ર એ એવો મંત્ર છે કે, જે તેને જપે છે, તેનું તે કલ્યાણ અને રક્ષણ કરે છે. ગાયત્રી મંત્રના દરેક શબ્દમાંથી એક જ્યોતિ નીકળે છે. તેના ૨૪ અક્ષરોમાં ૨૪ શક્તિઓ રહેલી છે. તેના ૨૪ અક્ષરો અને તેનું ઉચ્ચારણ શરીર સ્પંદનોનાં ૨૪ સ્થળો પર પ્રભાવ પાડે છે, જેનાથી માનવીને દિવ્ય અનુભૂતિનાં દર્શન થાય છે. વેદોના હજારો મંત્રોમાં સૌથી પ્રસિદ્ધ ગાયત્રી મંત્ર છે, એટલે તેને ગુરુમંત્ર, સાવિત્રી મંત્ર, મહાનતમ જપ, તપ, સાધના અને મનોકામના પૂર્ણ કરનારો પૂરક મંત્ર પણ કહેવાયો છે.

ગુગલ મુજબ થોડી શાસ્ત્રિય વાત કરીએ તો મૂળ આ મંત્ર ઋગ્વેદના ત્રીજા મંડળના ૧૨મા સુકતનો ૧૦મો મંત્ર છે. સામવેદમાં ૧૪૬૨ મો મંત્ર છે. યજુર્વેદમાં તો આ મંત્ર ચાર વાર આવે છે, અને અથર્વવેદમાં ગાયત્રીનો મહાન મહિમા ૧૬ મા સુકતમાં ૭૧માં મંત્રમાં ગવાયો છે. આ ઉપરાંત અનેક ધર્મગ્રંથો તથા ઉપનિષદોમાં આ મંત્રનો ઉલ્લેખ ઘણીવાર આવે છે. ઋષિ વિશ્વમિત્ર ગાયત્રી મંત્રનાં દ્રષ્ટા છે. અગ્નિ આચાર્ય છે, બ્રહ્મ મસ્તક છે, વિષ્ણુ હૃદય છે. રુદ્ર શિખા છે, પૃથ્વી યોનિ છે. હરિ ગાયત્રીના પ્રાણ છે, શ્વેત વર્ણ છે, અને સાંખ્યાયન ગક્ષેત્ર છે. પ્રકૃતિનાં ચોવીસ તત્વોના બંધનમાંથી મુક્ત કરવાની શક્તિ ગાયત્રીમાં છે.

આપણે સૌ જાણીએ છીએ કે ગાયત્રી મંત્ર ના મુખ્ય ત્રણ ચરણ છે, એટલે ૐ ભૂર્ભુવઃ સ્વઃ, તત્ સવિતુવરેણ્યં ભર્ગો દેવસ્ય, ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત આમ ગાયત્રીમાં ત્રણ પદો છે. જે કર્મ, જ્ઞાન, ભક્તિનાં પ્રતિપાદક છે. પ્રાચીન ગ્રંથોમાં ગાયત્રી મંત્રથી જે શક્તિઓ પ્રાપ્ત થાય છે, તેનું વિવરણ નીચે પ્રમાણે કર્યું છે. આ મંત્રના ૨૪ અક્ષરોના અર્થ વર્ણવ્યા છે જે : પહેલા અક્ષરમાં નસફળતાથ, બીજામાં નપુરુષાર્થથ, ત્રીજામાં નપાલનપ, ચોથામાં નકલ્યાણથ,પાંચમામાં નયોગથ, છઠ્ઠામાં નપ્રેમથ, સાતમામાં નલક્ષ્મીથ, આઠમામાં નતેજિસ્વતાથ, નવમામાં નસુરક્ષાથ, દશમામાં નબુદ્ધિથ, અગિયારમાં નદમનપ બારમામાં નનિષ્ઠાથ, તેરમામાં નધારણાથ, ચૌદમમાં નપ્રાણથ, પંદરમામાં નસંયમથ, સોળમામાં નતપપ, સત્તરમામાં નદૂરદર્શિતાથ, અઢારમામાં નજાગરણથ, ઓગણીસમાં નસૃષ્ટિજ્ઞાનપ, વીસમામાં નસરળતાથ, એકવીસમાં નસાહસથ, બાવીસમાં નદમનપ, ત્રેવીસમાં નવિવેકથ અને ચોવીસમાં નસેવાભાવથ નામની શક્તિઓનો ઉદ્ભવ થયેલો છે. પણ આપણે આ બધામાં ન જઈએ અને ફક્ત એનો સીધો સાદો અર્થ સ્વીકારી એનો જાપ કરીએ તો પણ એ આપણાં જીવનની દિશા બદલી શકે છે.

ગાયત્રી મંત્રનો અર્થ, પદાર્થ, ઊર્જા, અન્તરિક્ષ અને આત્મામાં વિચરણ કરવા વાળા તે પ્રેરક, પૂજ્ય, શુદ્ધ સ્વરૂપ દેવતાનું અમે ધ્યાન કરીએ અને તે અમારી બુદ્ધિને સારાં કામોમાં પ્રવૃત કરે. ૐ ને આપણે ત્યાં એકાક્ષરી મંત્ર તરીકે સ્વીકારાયો છે, અને જેને બ્રહ્માંડનો બીજ મંત્ર પણ કહેવામાં આવે છે, અને એટલે જ લગભગ ઘણા મંત્રમાં આગળ ૐ ને જોડવામાં આવે છે. એટલે ૐ સાથે ગાયત્રી મંત્રની શક્તિ તો ડબ્બલ થઈ એમ કહી શકાય! આવાં સુંદર સંદર્ભ સાથે જેને વેદમાં સ્થાન મળ્યું છે, એ ગાયત્રી અને ગાયત્રી મંત્રનો જાપ કરી આપણે પણ સતયુગમાં એટલે કે જ્યાં વેદ ગાન અને વેદ જ્ઞાન સહજ હતું, એ સમયમાં પહોંચી શકીએ છીએ! જય ગુરુદેવ.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

ગઠીયાઓ ક્યારે શું કરે એ નક્કી નહિઃ રૈયા રોડની સોસાયટીમાં લેભાગુએ શરમ નેવે મુકી

# કિન્નર બનીને મહિલાને છેતરી!

## યુનિવર્સિટી પોલીસે પડવલાના બે ગઠીયાને પકડ્યાઃ મહિલાના પેરેલિસિસ ગ્રસ્ત પતિને સાજો કરી દેવાની વિધીના નામે પચાસ હજારનું સોનાનુ તાવીજ લઇ ગયોઃ વધુ ભેદ ખુલવાની શક્યતા

રાજકોટ,તા.૨૪

લેભાગુ ગઠીયાઓ ક્યારે કોને છેતરી જાય તે નક્કી નથી. તેઓ કોઇપણ હદ સુધી જઇ શકે છે. કંઇ નહિ તો એક ગઠીયાએ કિન્નર-વ્યંઢળનો વેશ ધારણ કરી એક મહિલાને છેતરી લીધા હતાં. જો કે યુનિવર્સિટી પોલીસે કલાકોમાં આ નકલી કિન્નર અને તેના સાગ્રીત એવા કુટુંબી ભાઇને પકડી લીધા હતાં.

આ ઘટના રૈયા રોડ મારવાડી સોસાયટીમાં રહેતાં એક મહિલા સાથે બની હતી. તેમને છેતરીને નકલી કિન્નર સહિત બે જણા અડધા લાખનસોનાનુ માદડીયુ-તાવીજ લઇ ભાગી ગયા હતાં. પડવલાના શખ્સે વ્યંઢળનો સ્વાંગ રચી મહિલાના ઘર પાસે તાળીઓ વગાડી પછી ઘરમાં જઇ તારા બિમાર પતિને સાજો કરી દઇશ કહી નજર ઉતારવાની વિધીના નામે ઠગાઇ કરી હતી. પોલીસે બંનેને દબોચી તપાસ શરૂ કરી હતી.

વિગતો જોઇએ તો યુનિવર્સિટી પોલીસે રૈયા રોડ દ્વારકાધીશ સોસાયટીની બાજુમાં મારવાડી સોસાયટી-૫માં રહેતાં સંતોકબેન વિરમભાઇ ગુર્જર નામના ચાલીસ વર્ષના મહિલાની ફરિયાદ પરથી સફેદ રંગનો શર્ટ પહેરીને આવેલો વનરાજ નામનો શખ્સ અને અજાણ્યા સામે ગુનો નોંધ્યો છે.

સંતોકબેન પતિ અને બે દિકરા સાથે છે. પતિ વિરમભાઇ કલરકામ કરી ગુજરાન ચલાવે છે. તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે મંગળવારે બપોરે બારેક વાગ્યે હું અને મારા પતિ અને બે દિકરા ઘરે હતાં ત્યારે અજાણ્યો શખ્સ કિન્નરનો વેશ ધારણ કરીને આવ્યો હતો. તે લેડીઝ જેવી કદ કાઠીનો હતો. તેણે મારા ઘર પાસેઅ ાવી તાળીઓ વગાડી હતી. જેથી મને લાગ્યું કે કોઇ કિન્નર છે, આ પછી તે અમારા ઘરમાં અંદર આવી ખાટલામાં બેસી ગયેલ અને મારી સાથે વાતો કરવા લાગ્યો હતો.




ડેલીએ ઉભા રહી તાળીઓ પાડી પછી ઘરમાં ઘુસી મહિલાને વાતોમાં ભોળવીઃ નજર ઉતારવા પાણી ભરેલા લોટામાં મહિલાનો સોનાનો દાગીનો મુકાવ્યો, ચોકમાં જઇને આવું કહીને સાગ્રીતના વાહનમાં બેસી ભાગ્યોઃ દાગીના સાથે લોટો પણ લેતો ગ્યોથતો

આ વખતે મારા પતિ મારી બાજુમાં પલંગ પર સુતા હતાં. આ વખતે અજાણ્યા કિન્નરે મને કહેલું કે તારા પતિને શું થયું છે? જેથી મેં કહેલું કે તેને પેરેલિસિસ-લકવાની અસર છે.

આથી કિન્નરે મને કહ્યું કે એક ગ્લાસ પાણીમાં મીઠુ મરચુ નાંખીને લઇ આવો, હું તારા પતિની નજર ઉતારી દઇશ એટલે એ સાજો થઇ જશે. મારા પતિને સારુ થઇ જાય તેવા હેતુથી મેં આ કિન્નર જેવા શખ્સ ઉપર વિશ્વાસ રાખી પાણીનો ગ્લાસ આપ્યો હતો. આ પછી તેણે કહ્યું કે તમે પહેરેલુ તાવીજ-માદડીયુ આ પાણીના ગ્લાસમાં નાંખી દો.

જેથી મેં પાંચ ગ્રામ સોનાનાનું રૂા. ૫૦ હજારનું તાવીજ ગ્લાસમાં નાંખી દીધુ હતું. આ પછી કિન્નરે કહેલું કે હું ચોકમાં પાણી નાંખીને પરત આવુ છું, તેમ કહી તે ગ્લાસ લઇ બહાર ગયેલ. મને અજુગતું લાગતાં હું પાછળ જતાં તે શેરીમાં એક સફેદ રંગનો શર્ટ પહેરીને ઉભેલા મોટરસાયકલ ચાલક તરફ જતો દેખાયો હતો. કિન્નરે એ શખ્સને વનરાજ એવો સાદ કરીને બોલાવ્યો હતો. આથી એ શખ્સ મોટરસાઇકલ લઇને આવતાં કિન્નર તેમાં બેસી ગયો હતો અને બને ભાગી ગયા હતાં. આ રીતે તે મારુ ૫૦ હજારનું સોનાનું તાવીજ છેતરીને લઇ ગયો હતો.

યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં પીઆઇ સી. એન. દવેની રાહબરીમાં ડી. સ્ટાફ પીએસઆઇ એસ. એન. શ્યોરા અને ટીમે બે શકમંદ પડવલાના પ્રવિણ વીરાભાઇ ખરેડ અને તેના કુટુંબી ભાઇ પડવલાના વનરાજ જીવણભાઇ ખરેડને સકંજામાં લઇ પુછતાછ હાથ ધરી હતી. આ બંનેએ બીજા કોઇ આવા ગુના આચર્યા છે કે કેમ? તેની તપાસ પણ થઇ રહી છે.

---

# કોઠારીયાના પાનના વેપારીને રિક્ષાગેંગ ભેટીઃ ઉલ્ટીનું નાટક કરી પર્સ બઠ્ઠાવ્યું

## કામ થઇ ગયા બાદ ખાસ ભાડુ મુકવા જવું છે કહી વેપારી અને પત્નિને ઉતારી બે ગઠીયા ભાગી ગયા

રાજકોટ,તા.૨૪

શહેરમાં એક રિક્ષાગેંગ પકડાય ત્યાં બીજી ગેંગ આવી જાય છે. વધુ એક વખત ઉલ્ટી ઉબકાનું નાટક કરી રિક્ષામાં બેઠેલા મુસાફરની રોકડ સેરવી લેતી રિક્ષાગેંગ કારસ્તાન કરી ગઇ હતી. કોઠારીયા વિસ્તારના પાનના વેપારી અને તેમના પત્નિ રિક્ષામાં બેઠા હોઇ અગાઉથી જ બેઠેલા શખ્સે ઉલ્ટીનું નાટક કરી પાકીટ સેરવી લીધા બાદ બંનેને ઉતારી મુક્યા હતાં. આ બનાવમાં આજીડેમ પોલીસે કોઠારીયા રોડ ડાયમંડ પાર્ટી પ્લોટ સામે રાધા પેલેસ કોમ્પલેક્ષ બ્લોક નં. ૧૦૪માં રહેતાં અને વાવડીમાં પાનની દુકાન ચાલાવતાં અશોકભાઇ કેશવભાઇ કનેરીયાની ફરિયાદ પરથી અજાણયા રિક્ષાચાલક અને સાથેના શખ્સો સામે ગુનો દાખલ કર્યો હતો.



પંચાવન વર્ષના અશોકભાઇ કનેરીયા બપોરે આશરે ત્રણેક વાગ્યાની આસપાસ તેમના પત્નિ જયશ્રીબેન સાથે માલધારી ફાટક પાસે ઘરે જવા માટે ગોંડલ ચોકડીએ ભા હતા. આ સમયે એક અજાણી રિક્ષા આવી હતી અને ઉભી રહી હતી. અશોકભાઇએ ડાયમંડ પાર્ટી પ્લોટ જવું છે? તેમ ચાલકને પુછતાં તેણે દંપતિને પાછળની સીટમાં બેસાડી દીધુ હતું. રિક્ષામાં પાછળની સીટમાં અગાઉથી જ એક શખ્સ બેઠો હતો. રિક્ષા થોડે દૂર માલધારી ફાટકથી આગળ એક રોડ પર પહોંચી ત્યારે અશોકભાઈની બાજુમાં બેઠેલા અજાણ્યા પેસેન્જરે ભા થવાનો ઢોંગ કર્યો હતો. તેણે અશોકભાઈ ઉપર પડીને તમે આ મારી સાઈડ આવતા રહો, મને ઉલ્ટી થાય છે તેમ કહી તેમને વચ્ચે બેસાડી દીધા હતા.

ત્યારબાદ ગુલાબનગરના ખૂણે પહોંચતા જ રિક્ષા ચાલક અને પેલા પેસેન્જરે અંદરોઅંદર વાત કરી હતી. બાદમાં ચાલકે અશોકભાઈને તમે અહિ ઉતરી જાવ, આ મારુ સ્પેશીયલ ભાડુ છે તેને મુકવા જવાનું છે તેમ કહી અશોકભાઇ અને તેમના પત્નિને ઉતારી મુક્યા હતાં. રિક્ષા ત્યાંથી ઉપડી ગયા બાદ અશોકભાઈએ પેન્ટના ડાબી બાજુના ખિસ્સામાં તપાસ કરતા તેમનું પાકીટ ગાયબ હતું. રિક્ષામાં સીટ બદલવાના અને ઉલ્ટી થવાના બહાને પેલો અજાણ્યો પેસેન્જર અશોકભાઈ પર પડ્યો હતો એ વખતે નજર ચૂકવીને તેણે ખિસ્સામાંથી પાકીટ સેરવી લીધું હોવાનું માલૂમ પડ્યું હતું. પર્સમાં રોકડા ૩ હજાર, પાનકાર્ડ, આધારકાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ, આરસી બૂક, જમીનના કાગળો વગેરે હતાં. અશોકભાઈએ આસપાસ તપાસ કરી હતી પરંતુ રિક્ષાનો કોઈ પત્તો મળ્યો નહોતો. આ રિક્ષા સીએનજી, લીલા કલરની અને પીળા કલરના હૂડવાળી હતી. આજીડેમ પોલીસમાં જાણ કરતાં પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં હેડકોન્સ. એ. એચ. ગોહિલે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

---

વાહન સામ સામે આવી ગયા પછી તણખા ઝર્યા, પછી એકટીવાવાળો બીજા સાતને બોલાવી લાવ્યો

# મંડપ સર્વિસના ધંધાર્થી પર આઠ જણાની ટોળકીનો હુમલો

તારી શેરીમાં બહુ પાવર બતાવતો હતો કહી બેફામ મારકુટ કરી ખૂનની ધમકી દીધીઃ બી-ડિવીઝનમાં દાખલ થયો ગુનો

રાજકોટઃ,તા.૨૪

મારામારીના બનાવો સતત વધી ગયા છે. મોરબી રોડ પર સેટેલાઇટ ચોકમાં ધારા એવન્યુ સોસાયટીમાં રહેતાં મંડપ સર્વિસના ધંધાર્થી યુવાન પર કાર-એકટીવા સામ સામે આવી જવા જેવી વાતે એક્ટીવા ચાલક અને તેની સાથેના સાત શખ્સોએ મળી ઝઘડો કરી તું કેમ તારી શેરીમાં પાવર બતાવે છે? કહી ઢીકાપાટુનો બેફામ માર મારતાં વેપારીને બચાવવા માટ તેના ત્રણ સ્વજનો વચ્ચે પડતાં તેને પણ માર મારતાં ફરિયાદ થઇ હતી. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે ધારા એવન્યુ શેરી નં. ૨માં રહેતાં અને મંડપ સર્વિસ ચલાવતાં સુનિલ જયંતિભાઇ રાતોજા નામના ત્રીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી આઠ અજાણ્યા શખસો સામે ગુનો નોંધ્યો છે. સુનિલ મંડપ સર્વિસની સાથે સાથે ગરબા ક્લાસ પણ ચલાવે છે.

તેણે ફરિયાદમાં જણાવ્યું હતું કે બાવીસમીની રાત્રે નવેક વાગ્યે હું મારી કાર ચલાવી મોરબી રોડ ગીરીરાજ પાર્ટી પ્લોટ ખાતે જતો હતો. ત્યારે અમારી શેરીના ખુણે પહોચતા શેરીમાં એક અજાણ્યા સફેદ કલરના એકટીવા ચાલકે મારી કાર આડું તેનું વાહન ઉભું રાખી દઇ-તને વધારે પાવર લાગે છે બહાર ભેગો થા તને જોઈ લઈશ તેમ કહી જતો રહ્યો હતો. થોડી વાર બાદ રાત્રીના દશેક વાગ્યે મારા નાના ભાઈનો ફોન આવ્યો હતો કે તને મોરબી રોડ પર અજાણ્યા માણસો ગોતે છે અને અહીંથી તારા નંબર લઈને ગયા છે.ત્યાં થોડી વાર બાદ એક ફોન આવેલો અને મને કહેલું કે હું તારી સાથે ઝગડો થયો હતો તે બોલું છું, પીજીવીસીએલની ઓફીસ પાસે આવી જા મારે તારી સાથે વાત કરવી છે.




તેથી હું મારા નાનાભા, મારા પત્નિ અને મારા મિત્ર અંકિતભાઈ સાથે ડી. કે. સ્કૂલ પાસે પહોંચતાં બે કાળા રંગની સ્કોર્પિયો ગાડી ઉભેલી દેખાઇ હતી. તેમાંથી એક મારી સાથે માથાકુટ કરનાર શખ્સ હતો. તેણે નીચે ઉતરી તું તારી શેરીમાં બહુ પાવર બતાવતો હતો કહી માથાકુટ કરવા માંડ્યો હતો. બાદમાં સ્કોર્પિયોમાંથી બીજા સાત શખ્સો ઉતર્યા હતાં અને આ બધાએ મને મારકુટ કરી હતી. મને બચાવવા મારો ભાઇ, પત્નિ, મિત્ર વચ્ચે પડતાં તેમને પણ આ બધાએ ઢીકાપાટુ માર્યા હતાં અને આ વખતે તો તને જીવતો જવા દઇએ છીએ, હવે પછી અમારી સામે પાવરથી વાત કરીશ તો મારી નાંખશુ તેવી ધમકી આપી ભાગી ગયા હતાં. બાદમાં મને દુઃખાવો થતો હોઇ હોસ્પિટલે લઇ ગયા હતાં. તેમ વધુમાં સુનિલે જણાવતાં બી-ડિવીઝન ઇન્સ. જી. આર. ચોહાણના માર્ગદર્શનમાં હેડકોન્સ. એન. વી. આહિરે ગુનો દાખલ કરતાં આગળની તપાસ પીએસઆઇ બી. એચ. પરમારે હાથ ધરી હતી.

---

છ બુકાનીધારી લૂંટારૂએ બે બાઇક ચોર્યા ઉપરાંત જામનગરથી કાર પણ ઉઠાવીઃ બામણબોર પાસે કારની નમ્બર પ્લેટ બદલી

# શાપરની અઢી કરોડની લૂંટમાં પગેરૂં ગુજરાત તરફ

રાજકોટ,તા.૨૪

શાપર-વેરાવળમાં રહેતા જિતેન્દ્રસિંહ જાડેજાના ઘરમાં ઘૂસીને રૂપિયા ૨.૫૦ કરોડની સનસનાટીભરી મતાની લૂંટ ચલાવનાર ગેંગને પકડી પાડવા માટે પોલીસ રાત-દિવસ એક કરી રહી છે. આ હાઈ-પ્રોફાઈલ કેસના ભેદ ઉકેલવા માટે રાજકોટ રૂરલ પોલીસ, એલ.સી.બી., એસ. ઓ.જી. અને રાજકોટ રેન્જ સહિતની ૧૫થી ૨૦ ટીમો કામે લગાડવામાં આવી છે. આ તપાસમાં હવે એક ખૂબ જ મહત્વનો વળાંક આવ્યો છે અને લૂંટારુઓનું પગેરૂં છેક ગુજરાત તરફ પહોંચ્યું હોવાનું સામે આવ્યું છે.

લૂંટ કર્યા બાદ બામણબોર સુધી બે ચોરાઉ બાઇક પર૩ સવારીમાં આવ્યાઃ અહીંથી કારની નંબર પ્લેટ મળી આવતા કડી મળી; રૂરલ પોલીસની ટીમો ગુજરાત તરફ રવાના, સફળતા મળવાની આશા

પોલીસની પ્રાથમિક તપાસમાં અને સીસીટીવી ફૂટેજના આધારે નવી કડીઓ હાથ લાગી છે. છ લૂંટારુઓએ આ ગુનાને અંજામ આપવા માટે જામનગરથી એક કારની ચોરી કરી હતી. લૂંટ ચલાવ્યા બાદ શાપરની આંજનય સોસાયટીમાંથી ત્રણ બાઇકની ચોરી કરાઈ હતી, જેમાંથી એક બાઇક નજીકમાં બિનવારસી હાલતમાં મૂકી દેવાયું હતું. ત્યારબાદ આ છ લૂંટારુઓ બે બાઇક પર ૩-૩ ની સવારીમાં બેસીને આગળ વધ્યા હતા. ગોંડલ ચોકડી થઈને તેઓ બામણબોર સુધી પહોંચ્યા હોવાના પુરાવા મળ્યા છે. બામણબોર પાસે પોલીસને એક ચોરાઉ કારની નંબર પ્લેટ મળી આવી છે. આ કાર જામનગરથી ઉઠાવી હતી. લૂંટારુઓ અહીં સુધી બાઇક પર આવ્યા બાદ, અગાઉથી ચોરી કરીને રાખેલી કારમાં સવાર થઈને આગળ ભાગ્યા હોવાનું તારણ નીકળ્યું છે.

આ ચોરાઉ કાર અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસને ચોક્કસ કડીઓ મળી છે, જેના આધારે લૂંટારુઓ ગુજરાત તરફ ભાગ્યા હોવાનું ટ્રેસ થયું છે. રાજકોટ રૂરલ પોલીસની ખાસ ટીમો તાત્કાલિક ગુજરાત તરફ રવાના કરી દેવામાં આવી છે અને ત્યાં પહોંચીને સ્થાનિક પોલીસની મદદથી ઓપરેશન શરૂ કરાયું છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ, પોલીસ લૂંટારુઓની ખૂબ જ નજીક પહોંચી ગઈ છે અને ટૂંક સમયમાં જ આ અઢી કરોડની લૂંટનો ભેદ ઉકેલાય તેવી પૂરેપૂરી આશા છે.

ફરિયાદી જિતેન્દ્રસિંહ જાડેજાએ આશંકા વ્યક્ત કરી હતી કે લૂંટારુઓ પરપ્રાંતના હોઈ શકે છે. લૂંટારુઓ જે રીતે શાપરના અંદરના રસ્તાઓ અને ભૌગોલિક સ્થિતિથી માહિતગાર હતા, તેના પરથી એવું સ્પષ્ટ તારણ નીકળે છે કે તેઓ શાપર વિસ્તાર સાથે કોઈને કોઈ રીતે મજબૂત લિંક ધરાવે છે. લૂંટારુઓએ એટલી શાતિરતા વાપરી હતી કે લૂંટ દરમિયાન ઓળખ છુપાવવા માટે મોઢા મોટા કપડાથી ઢાંકી રાખ્યા હતા અને પોલીસ પોતાના સુધી ન પહોંચી શકે તે માટે સીસીટીવી ફૂટેજ અને બાઇક બદલવા સહિતના તમામ હરસંભવ પ્રયાસો કર્યા હતા, પરંતુ આખરે ચોરાઉ કાર અને નંબર પ્લેટે પોલીસને સાચો રસ્તો બતાવી દીધો છે. રેન્જ આઈજી નિરલિપ્ત રાય અને રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ ટીમો તપાસ આગળ ધપાવી છે. જલ્દી સફળતા મળવાની આશા છે.

---

એઇમ્સ હોસ્પિટલના રસ્તે ડમ્પરવાળાએ અચાનક કાવો મારી કાર દબાવી દેતાં ડખ્ખો

# વેપારીએ ઓવરલોડ ડમ્પરોનો વિડીયો ઉતારતાં પાંચ જણાએ કર્યો છરી-ધોકાથી હુમલો

## કેમ વિડીયા ઉતારે છે? કહી ધોલધપાટ કરીઃ માથે જતાં ખૂનની ધમકી દીધી

રાજકોટ,તા.૨૪

એક ડમ્પરવાળાએ જોરદાર કાવો મારી કાર દબાવી દેતાં કારચાલક બિલ્ડીંગ મટીરીયલ્સના ધંધાર્થી અને ખેડુતે આ ડમ્પર અને બીજા બે ડમ્પર કે જે ઓવરલોડ હતાં તેને આંતરીને વિડીયો ઉતારી પોલીસને ૧૧૨માં કોલ કરતાં ડમ્પરના ડ્રાઇવરે ફોન કરતાં છએક શખ્સો કાર લઇને આવી જતાં આ વેપારીને માર મારી ખૂનની ધમકી આપતાં પોલીસે કાર્યવાહી કરી હતી.

વિગતો જોઇએ તો ગાંધીગ્રામ પોલીસે રેલનગર-૩ અમૃત હેરીટેજ વિલા બ્લોક નં. ૩ ખાતે રહેતાં અને ખેતી કામ કરવા સાથે બીલ્ડીંગ મટીરીયલ્સનો વેપાર કરતાં વિજયભાઇ નવઘણભાઇ કોઠીવાળ નામના એકતાલીસ વર્ષના યુવાનની ફરિયાદ પરથી માધવ મછાભાઇ ઠુંગા, અજય ઠુગા, રેવા ભરવાડ, મેહુલ ભરવાડ, સુરા ભરવાડ અને તેની સાથેના અજાણયા માણસો સામે ગુનો નોંધ્યો હતો. વિજયભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું. રાત્રીના અગીયારેક વાગ્યાની આસપાસ મારી થાર ગાડી લઇને મારા ઘરેથી પરાપીપળીયા ગામ ખાતે આવેલ મારા તબેલે જતો હતો. હું એઇમ્સ હોસ્પિટલ મેઇન રોડ ઉપર પહોચેલ અને મારી આગળ રેતી ભરેલ ત્રણ ટ્રક જતા હતા જેની હું ઓવરટેક કરવા જતા મારી આગળ જતાં પીળા કલરના ડમ્પરના ચાલકે ડમ્પર મારી સાઇડ તરફ દબાવ્યું હતું.

જેથી મારી ગાડી તેની ઓવરટેક કર્યુ હતું. બાદ મુરલીધર સર્કલની થોડે આગળ ઓવરલોડ ભરેલ ત્રણેય ડમ્પર રોકેલ અને મારા ફોનમાં તેનો વીડીયો ઉતારેલ અને ૧૧૨ ઉપર ફોન કરીને પોલીસને જાણ કરી હતી. તે દરમ્યાન ત્રણ ગાડી આવેલ જેમાં ક્રેટા, સ્કોર્પીયો અને સ્વીફટ ગાડી આવેલ અને તેમાંથી માધવ મચ્છાભાઇ ઠુંગા તથા અજય, મેહુલ ભરવાડ, રેવા ભરવાડ, સુરા ભરવાડ તથા તેની સાથેના અજાણ્યા શખ્સો હતાં. માધવે મને-તે અમારા ડમ્પર કેમ રોક્યા છે? આજે તને જાનથી મારી નાખવો છે તેક કહ્યું હતું અને તેની સાથેના અજયે ગાળો દઇ મારો ફોન લઇ લીધો હતો અને કેમ અમારી ગાડીના વિડીયો ઉતારે છે? તેમ કહી માથામાં ગાડીનો જેક ફટકારી દીધો હતો.

તેમજ માધવે ખાલી સોડા બાટલી મારી દીધી હતી અને રેવાએ હાથમાં પહેરેલા કડાથી તથા મેહુલ, સુરા અજાણ્યાએ ઢીકાપાટુ માર્યા હતાં. હું પડી જતાં લોકો ભેગા થઇ જતાં આ લોકો ભાગી ગયા હતાં. ત્યાં મારો ભાઇ હરેશ પણ આવી ગયો હતો. મને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ત્યાંથી વધુ સારવાર માટે ક્રાઇસ્ટ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. અહિ માથામાં છ ટાંકા લેવા પડ્યા હતાં. તેમ વધુમાં વિજયભાઇએ જણાવતાં ઇન્સપેકટર એચ. પી. ગઢવીના માર્ગદર્શનમાં પીએસઆઇ એમ. એન. પીઠીયાએ ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી.

---

# નાણાવટી ચોક ક્વાર્ટરમાં દંપતિ-પુત્રને પાડોશીએ મારમાર્યોઃ ઘર પર પથ્થરમારો

રાજકોટ,તા.૨૪ : ગાળો બોલવા જેવી વાતે ગાંધીગ્રામ નાણાવટી ચોક આવાસ ક્વાર્ટરમાં રહેતાં દંપતિ પર પાડોશીઓએ તૂટી પડ્યા હતાં. પથ્થરમારો પણ કર્યો હતો અને માથે જતાં ધમકી પણ દીધી હતી. વિગતો જોઇએ તો યુનિવર્સિટી પોલીસે નાણાવટી ચોક આવાસ ક્વાર્ટર નં. ૨૩૬ બ્લોક નં. ૭માં રહેતાં આબેદાબેન હનીફભાઇ પીંજારા નામના પચાસ વર્ષના મહિલાની ફરિયાદ પરથી તેના પાડોશીઓ મુમતાઝબેન, તેનો દિકરો ભુરો, તેના પતિ અલમભાઇ, તેણીનો જમાઇ મેમણ અને મેમણનો ભાઇ અલ્તાફ સામે ગુનો નોંધ્યો હતો. ફરિયાદની વિગતો મુજબ આબેદાબેન અને તેમના પતિ સાંજના સમયે ઘરની બહાર બેઠા હતા ત્યારે પાડોશી મુમતાજબેનનો દિકરો ભુરો ત્યાં આવ્યો હતો અને આબેદાબેનના મોટા દીકરા સદામને કોઈ કારણોસર ગાળો આપી ઢીકાપાટુનો માર મારવા લાગ્યો હતો. પુત્રને બચાવવા માટે જ્યારે આબેદાબેન અને તેમના પતિ વચ્ચે પડતાં વધુ ડખ્ખો થયો હતો.

ઝઘડાની ખબર પડતા જ સામે પક્ષેથી મુમતાઝબેનનો પતિ અસ્લમ, જમાઈ મેમણ અને અલ્તાફ સહિતના લાકડાના ધોકા અને છરી સાથે ધસી આવ્યા હતા. આ ત્રણેય શખ્સોએ આબેદાબેનના પરિવારને બેફામ ગાળો દઇ તેમના ઘર પર બેફામ પથ્થરમારો કર્યો હતો.જેના કારણે બારીના કાચ તૂટી ગયા હતા. આટલેથી ન અટકતા મુમતાજબેને પણ ત્યાં આવીને ગાળો ભાંડવાનું શરૂ કર્યું હતું. આબેદાબેને મહિલાએ ગાળો બોલવાની ના પાડતા ભુરા અને મુમતાઝબેનના જમાઈ મેમણે આબેદાબેનના પતિને પકડીને ફરીથી ઢીકાપાટુનો માર મારવાનું શરૂ કરી દીધું હતું. પતિને વધુ મારમાંથી છોડાવવા માટે જ્યારે આબેદાબેન ફરી વચ્ચે પડ્યા ત્યારે ફરી તેમને મારકુટ થઇ હતી. આ દરમિયાન ભુરાએ છરી કાઢી આ તમારી સગી નહિ થાય કહી આબેદાબેનને બાવડા પર ઘા ઝીંકી દીધો હતો. મેમણે લાકડાના ધોકા વડે આબેદાબેનના ડાબા હાથના પોંચા પર ફટકો માર્યો હતો. આ પછી હુમલાખોરોએ અહીં અમે કહીએ તેમજ ચાલશે, જો હવે કઈ બોલ્યા છો તો જાનથી પતાવી દઇશું તેવી ધમકી આપી હતી. આસપાસના લોકો એકઠા થતાં તમામ આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી નાસી છૂટ્યા હતા. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના હેડકોન્સ. જી. એસ. ઝાલાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### સાયબર ગઠીયાઓ પોલીસ કરતાં સતત રહે છે આગળઃ વધુ બે ફ્રોડ

# ફોરેક્સ ટ્રેડીંગના નામે ૧૯ લાખની છેતરપીંડી

## એક ગઠીયાને પોલીસે દબોચતા કરોડોના ભોપાળા ખુલ્યાઃ બીજી ઘટનામાં નકલીસ ટ્રેડીંગ એપનો ઉપયોગ કરી દોઢ કરોડથી વધુ પડાવી લેવાયા

રાજકોટઃ તા. ૨૪

સાયબર ફ્રોડના સતત વધી ગયેલા બનાવો વચ્ચે વધુ એક વખત ફોરક્સ ટ્રેડીંગમાં રોકાણના નામે ઓગણીસ લાખની ઠગાઇ થઇ છે. ડિજિટલ રોકાણ અને ક્રિપ્ટો કરન્સીના નામે ભોગ બનતા નાગરિકોને બચાવવા માટે સાયબર ક્રાઇમ પોલીસ સતત પ્રયાસો કરતી રહે છે. જો કે આ વચ્ચે પણ લોકો સાયબર ગઠીયાઓનો ભોગ બની રહ્યા છે. તેમાં લોકોમાં રહેલી લાલચ અને જાગૃકતાનો અભાવ પણ કારણભુત ગણી શકાય. શેર બજાર, ફોરેક્સમાં ટ્રેડીંગના નામે અને બીજી સ્કીમોમાં રોકાણ કરવાથી ટુંકા ગાળામાં વધુ નફો મળશે તેવી લાલચ આપી લોકોને છેતરવામાં આવતાં હોય છે. આમ છતાં લોકો લલચાતા હોય છે અને ફસાઇ જતાં હોય છે. વધુ એક વખત ફોરેક્સના નામે લાખો ઉસેડી લેવાયા છે.વિગતો પર નજર કરીએ તો અમદાવાદ સાયબર ક્રાઇમ પોલીસમાં ઓગણીસ લાખની ઠગાઇનો કિસ્સો નોંધાયો હતો. જેમાં વિન પ્રોફેક્સ નામના ઈન્ટરનેશનલ ફોરેક્સ ટ્રેડીંગ પ્લેટફોર્મ પર રોકાણ કરાવી નફો અપાવવાના નામે ફ્રોડ થયું છે. આ પ્લેટફોર્મમાં ક્રિપ્ટો અને યુએસ ડોલરમાં રોકાણ કરાવી કરોડો રૂપિયાની છેતરપિંડી આચરતા નેટવર્કનો પર્દાફાશ કરાયો છે. પોલીસે આ મામલે તપાસના ચક્રો ગતિમાન કરીને સફળતા મેળવી બિહારથી છવ્વીસ વર્ષના મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. આ કૌભાંડમાં પાકિસ્તાની કનેક્શન સામે આવતા સુરક્ષા એજન્સીઓ પણ ચોંકી ઉઠી હતી. આ ચકચારી કૌભાંડની વિગત એવી છે કે, અમદાવાદના એક રહીશે સાયબર ક્રાઇમ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી.



ફરિયાદીને સોશિયલ મીડિયા પર ફોરેક્સ ટ્રેડિંગના આકર્ષક વીડિયો બતાવીન વિન પ્રોફેક્સ નામની વેબસાઇટ પર એકાઉન્ટ ખોલાવવામાં આવ્યું હતું. ત્યારબાદ વધુ પ્રોફિટ મેળવવાની લાલચ આપીને તેમની પાસે અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા યુએસ ડોલરટ્રાન્સફર કરાવી કુલ રૂ. ૧૯ લાખનું રોકાણ કરાવવામાં આવ્યું હતું. ડિજિટલ સ્ક્રીન પર મોટો નફો દેખાતો હોવા છતાં, જ્યારે ફરિયાદીએ પોતાની રકમ પરત માંગી ત્યારે તે મળી નહોતી અને તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.

ત્યારબાદ ટેકનિકલ એનાલિસિસ અને બેંક ખાતાઓની કડીઓ મેળવીને અમદાવાદ સાયબર ક્રાઇમની ટીમે બિહાર ખાતે દરોડો પાડીને ૨૬ વર્ષીય આરોપી કુમાર મંગલમની ધરપકડ કરી છે. આરોપીની મોડસ ઓપરેન્ડી એવી હતી કે તે રોકાણકારોને આકર્ષવા માટે ફોરેક્સ ટ્રેડિંગ સંબંધીત -ોફેશનલ વીડિયો બનાવતો હતો અને લોકોને વિન પ્રોફેક્સ પ્લેટફોર્મ પર ટ્રેડિંગ કરવા માટે -ેરિત કરતો હતો. એકવાર યુઝર વિશ્વાસમાં આવી જાય એટલે તેની પાસે મોટી રકમનું રોકાણ કરાવી લેતો હતો.

આ મામલે શરૂ કરાયેલી પોલીસની પ્રાથમિક તપાસ દરમિયાન આ પ્લેટફોર્મને લઈને અત્યંત ચોંકાવનારા ખુલાસા થયા છેં આ ઓનલાઇન ફોરેક્સ અને ક્રિપ્ટો કરન્સી ટ્રેડિંગ પ્લેટફોર્મ પર હાલ વિશ્વના સોથી વધુ દેશોના અંદાજે ૧.૯૩ લાખ જેટલા યુઝર્સ રોકાણ કરી રહ્યા છે. સાયબર ક્રાઇમની તપાસમાં સામે આવ્યું છે કે, આ પ્લેટફોર્મના પ્રોપરાઇટર ડિરેક્ટર સીધા એક પાકિસ્તાની નાગરિક સાથે જોડાયેલા છે અને આખી સિન્ડિકેટ વિદેશથી ઓપરેટ થઈ રહી છે.

વધુ વિગત મુજબ ભારતમાં આ પ્લેટફોર્મ કે વેબસાઇટ અંગે કોઈ પણ પ્રકારનું કાયદેસરનું રજિસ્ટ્રેશન કે મંજૂરી લેવામાં આવી નથી. અમદાવાદ સાયબર ક્રાઇમ પોલીસે આરોપી કુમાર મંગલમને રિમાન્ડ પર મેળવીને ભારતમાં તેના અન્ય સાગરીતો, રોકાણના નાણાં કયા બેંક ખાતાઓ દ્વારા વિદેશ મોકલવામાં આવ્યા છે અને દેશમાંથી અન્ય કેટલા લોકો આ જાળમાં ફસાયા છે તે દિશામાં સઘન તપાસ શરૂ કરી હતી. તપાસમાં વિશેષ વિગતો બહાર આવશે.

બીજી એક ઠગાઇ જોઇએ તો અમદાવાદમાં શિલજમાં રહેતા સરકારી કેમિકલ એન્જિનિયર તરીકે નિવૃત્ત થયેલા ૭૨ વર્ષના વૃદ્ધને શેર-આઈપીઓમાં રોકાણ કરીને ૫થી ૫૦ ટકા નફો કરી આપવાની લાલચ આપીને સાઈબર ગઠિયાઓએ રૂ. ૧.૬૫ કરોડ પડાવી લીધા હતા. રોકાણ સામે એપ્લિકેશનમાં પ્રોફિટ સાથે રૂ. ૨.૮૬ કરોડ બેલેન્સ દેખાતું હતુ પરંતુ પૈસા વિડ્રો કરવા માટે રૂ. ૧૦ લાખ માગ્યા હતા. આથી શંકા જતાં વૃદ્ધે સાઇબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી. વધુ માહિતી અનુસાર શિલજ વન-૩૫માં રહેતા દિનેશભાઈ શાહ અબુધાબીમાં કેમિકલ એન્જિનિયર તરીકે સરકારી નોકરી કરતા હતા. તેઓ ૨૦૧૬માં વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા હતા. તેમનાં પત્ની દીપિકાબહેનનું ૨૦૨૦માં અવસાન થયું હતું. દિનેશભાઈ શેરબજારમાં હાઈ ટ્રેડિંગ કરતા હતા. તેમને અનવિકા મહેરાએ કૉલ કરીને શેરબજારમાં ટ્રેડિંગ વિશે વાત કરીને એક વોટ્સએપ ગ્રુપમાં એડ કર્યા હતા. આ ગ્રુપમાં શેરબજાર અને આઈપીઓની ટીપ્સ આવતી હતી. ગ્રુપ એડ્મીન શેરબજાર અને આઇપીઓમાં રોકાણ કરીને ૫થી ૫૦ ટકા નફો કરી આપવાની વાત કરતા હતા. તેમના વિશ્વાસમાં આવીને દિનેશભાઈએ એપ્લિકેશન ઇન્સ્ટોલ કરીને તેમાં એકાઉન્ટ ખોલાવીને ટ્રેડિંગ શરૂ કર્યું હતું. તેમાં દિનેશભાઈએ ધીરેધીરે રૂ. ૧.૬૫ કરોડનું રોકાણ કર્યું હતું. જેની સામે તેમના એકાઉન્ટમાં રૂ. ૨.૮૬ કરોડનું બેલેન્સ દેખાતું હતું. ત્યાર પછી દિનેશભાઈના એકાઉન્ટમાં રૂ. ૪.૩૯ કરોડના આઇપીઓ એલોટ થયા હોવાનું સ્ટેટમેન્ટ મોકલીને તે પૈસા વિડ્રો કરવા માટે આરોપીઓએ તેમની પાસે રૂ. ૧.૫૩ કરોડ માગ્યા હતા. દિનેશભાઈએ આટલા બધા પૈસા નહીં હોવાનું કહેતાં તેમને રૂ. ૧૦ લાખ ભરવા કહ્યું હતું. તે પૈસા ભરવાથી તમારા એકાઉન્ટમાં શેર અને આઈપીઓના રૂ. ૪.૩૯ કરોડ જમા થઈ જશે તેવું કહ્યું હતું પરંતુ શંકા જતાં દિનેશભાઈએ સાઇબર ક્રાઇમમાં ફરિયાદ નોંધાવી હતી.

### નાણાની લેતીદેતી ઘણીવાર બની જાય છે લોહીયાળઃ વધુ એક લોથ ઢળી

# સાતસો રૂપિયા માંગતા મિત્રએ દોસ્તનું ઢાળ્યું ઢીમ

## સરાજાહેર છરીના ઘા ઝીંકી હત્યા કરી નાંખીઃ હત્યારો ભાગી જાય એ પહેલા પોલીસે દબોચી લીધો

રાજકોટઃ તા. ૨૪

નાની મોટી વાતે બની જતી હત્યાની ઘટનાઓ વચ્ચે વધુ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં સાતસો રૂપિયાની ઉઘરાણી મામલે એક યુવાનની સરાજાહેર તેના જ મિત્રએ છરીના ઘા ઝીંકી હત્યા કરી નાંખી હતી. ટ્રાફિકથી ભરપુર રસતા પર આ હુમલો કરાયો હતો. હત્યાનો ભોગ બનેલા યુવાને પોતાના જ મિત્ર પાસેથી લેવાના થતા રૂપિયા માંગ્યા એમાં મિત્ર કાળઝાળ થઇ ગયો હતો અને જીવલેણ બની ગયો હતો. પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી આરોપી ભાગી જાય એ પહેલા દબોચી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના અમદાવાદની છે. અહિ ધોળા દિવસે હત્યા થઈ હતી. આરોપી અને મૃતક સાથે કામ કરતા હતા. મૃતકે આરોપી પાસેથી સાતસો રૂપિયા માંગ્યા હતા જે ન આપીને આવેશમાં આવી આરોપીએ મૃતકને એક બાદ એક છરીના ઘા મારી હત્યા કરી દીધી હતી. કારંજ પોલીસે ગુનો નોંધી આરોપીની અટકાયત કરી હતી. રિલીફ રોડ પર જયશંકર રાજપૂત નામના યુવકની હત્યા કરવામાં આવી હતી.જયશંકરને છરીના ઘા મારીને જાહેરમાં હત્યા



કરવામાં આવી હતી.બનાવની જાણ થતા પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ શરૂ કરી હતી. જયશંકરના મૃતદેહને પીએમ માટે મોકલી આસપાસના લોકોના નિવેદન નોંધી સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવ્યા હતા.

સાકીબ સલીમ શેખ નામના વ્યક્તિએ જયશંકરની હત્યા કરી હોવાનું સામે આવ્યું હતુ. પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે મૃતક જયશંકર અને આરોપી સાકીબ શેખ સાથે છૂટક મજૂરી કરતા હતા.જયશંકરે સાકીબ પાસેથી ૭૦૦ રૂપિયા માંગ્યા હતા. સાકીબે પૈસા આપવાની ના પાડતા બંને વચ્ચે ઝઘડો થયો હતો.ઝઘડો ઉગ્ર થતા સાકીબે જાહેરમાં જયશંકરને છરીના ઘા માર્યા હતા. સાકિબની પોલીસે અટકાયત કરી વધુ પૂછપરછ હાથ ધરી હતી. હાટકેશ્વરમાં જયશંકર રાજપૂત પરિવાર સાથે રહેતો હતો. તેને ઘણા સમયથી રૂપિયાની લેતી-દેતી બાબતે વટવાના શાકીબ સલીમ શેખ સાથે માથાકૂટ ચાલતી હતી.

દરમિયાન સલીમ શેખે જયશંકરને રૂપિયાની વાતચીત કરવા માટે પથ્થરકૂવા પાસે બોલાવ્યો હતો. જેથી જયશંકર ત્યાં પહોચ્યો હતો. જ્યાં બંને વચ્ચે રૂપિયાની બાબતે ફરીથી બોલાચાલી બાદ ઝઘડો થયો હતો. આ દરમિયાન ઉશ્કેરાયેલા સલીમે પેન્ટના ખિસ્સામાંથી છરી કાઢીને જયશંકરને ઉપરાછાપરી ઘા મારીને મોતને ઘાટ ઉતાર્યો હતો.

આ અગાઉ પણ શહેરમાં ધોળા દિવસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પડકારતી એક હચમચાવી દેતી લોહિયાળ ઘટના સામે આવી હતી. મેઘાણીનગરમાં આવેલી ગુલબર્ગ સોસાયટીની બહાર જાહેર રસ્તા પર એક યુવકની તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરવામાં આવી હતી. જાહેર રોડ ઉપર જ ભાઈની હત્યા કરી દેવામાં આવતા બહેન દ્વારા ભારે આક્રંદ કરવામાં આવ્યું હતું. ભારે રોષ અને રોકકળ સાથે પરિજનોએ ન્યાયની માગ કરી હતી. એ પહેલા અમદાવાદના મેમનગરના સામ્રાજ્ય લેટના બ્લોકના પાર્કિંગમાંથી મુળ ગોધાવીના એવા પંચાવન વર્ષીય કાનજીભાઈ નામના વૃદ્ધનો મૃતદેહ મળ્યો હતો.. તેઓ છૂટક મજૂરી કામ કરીને કોમન પાર્કિંગમાં જ રહેતા હતા. જો કે પોલીસ તપાસમાં તેની હત્યા કરવામાં આવી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. તેઓ પચ્ચીસ વર્ષથી સામ્રાજ્ય ટાવરમાં કામ કરતા હતા.સિક્યુરિટી ગાર્ડે પોલીસને નિવેદન આપ્યું હતું કે, રાતના સમયે કોઈ પણ અજાણ્યો શખ્સ સોસાયટીમાં આવ્યો નહોતો.જેથી પોલીસ દ્વારા લેટમાં રહેતા જ કોઈ વ્યક્તિએ હત્યા કરી હોવાની દિશામાં તપાસ કરવામાં આવી હતી.

### રંગીલા રાજકોટમાં લવ સેક્સ ધોખાની વધી રહેલી ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારો

# યુવતિ-સગીરાને લગ્નના નામે ફસાવી દૂષ્કર્મ

## યુક યુવાને તો યુવતિની સગાઇ તોડાવી પોતે સગાઇ કરી વારંવાર દેહ પીંખ્યો પછી તરછોડી દીધીઃ બીજા કિસ્સામાં સગીરાને ફસાવી બળજબરી આચરી વિડીયો ઉતારી બ્લેકમેઇલ કરી

રાજકોટઃ તા. ૨૪

દુષ્કર્મની વધુ બે ઘટનાઓ પોલીસ ચોપડે ચડી હતી. જેમાં લગ્નની લાલચ આપી એક યુવતિને અને એક સગીરાને ફસાવી લેવાઇ હતી. એક યુવતિને પ્રેમજાળમાં ફસાવી તેની સગાઇ તોડાવી નાંખી યુવાને પોતે તેની સાથે સગાઇ કરી હતી અને પછી પોતે સગાઇ કરી લીધી હતી. પરંતુ વારંવાર શરીર સંબંધ બાંધી લીધા બાદ લગ્નની ના પાડી દીધી હતી અને સગાઇ તોડી નાંખવા માટે એડવોકેટ મારફત નોટીસ ફટકારી દીધી હતી. બીજી એક ઘટનામાં પણ એક ઢગાએ સગીરા સાથે મીત્રતા અને પછી પ્રેમનું નાટક કરી લગ્નની લાલચ દઇ બળજબરી આચરી તેનો વિડીયો ઉતારી પછી વારંવાર બ્લેકમેઇલ કરી દેહ પીંખ્યો હતો. છેલ્લે લગ્નની ના પાડી ભાગી ગયો હતો. આમ લવ સેક્સ ધોખાની બે ઘટનાઓ પોલીસ દફતરે પહોંચી હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો શહેરમાં યુનિવર્સિટી રોડ વિસ્તારમાં રહેતી એક યુવતિને મુળ તાલાલા પંથકના અને હાલ ભરૂચ રહેતા યુવકે લગ્નનો વિશ્વાસ આપી, તેણીની અગાઉ થયેલી સગાઈ તોડાવી નાખી હતી. ત્યારબાદ પોતે આ યુવતિ સાથે સગાઈની વિધિ કરી રાજકોટમાં અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા અને છેલ્લે લગ્નની ના પાડી દઇ સગાઇ અને જલવિધી તોડવા વકીલ મારફતે નોટિસ મોકલી છેતરપીંડી કરતાં ગુનો દાખલ કરાયો હતો. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે સોમનાથ ગીરના તાલાલાના મુળ વતની અને હાલ ભરૂચ ખાતે રહી પ્રાઇવેટ નોકરી કરતાં ૨૫ વર્ષના યુવાન સામે એફઆઇઆર નોંધી હતી.

આ ફરિયાદની વિગત મુજબ ભોગ બનનાર યુવતિને આરોપીએ પોતાની પ્રેમજાળમાં ફસાવી તેને લગ્ન કરવાનો વિશ્વાસ આપ્યો હતો. યુવકની વાતોમાં આવીને આ યુવતિએ પોતાની અગાઉ થયેલી સગાઈ પણ તોડી નાખી હતી. ત્યારબાદ આરોપીએ આ યુવતિ સાથે સાથે સગાઈ/જલ વિધિ કરી હતી. રાજકોટમાં રહેતી યુવતિ સાથે ઓક્ટોબર ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ સુધીના સમયગાળમાં આ શખ્સે અવાર-નવાર રાજકોટમાં શરીર સંબંધ બાંધી લીધા હતાં. પરંતુ બાદમાં આ શખ્સે લગ્ન કરવાની ના પાડી દીધી હતી. તેમજ યુવતિને સગાઇ-જલવિધી તોડી નાખવા માટે વકિલ મારફત નોટીસ મોકલાવી દીધી હતી. આમ પોતાની સાથે લગ્નના નામે છેતરપીંડી થયાનું જણાવતાં યુવતિએ યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં પીએસઆઇ એમ. એચ. ચાવડાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

દુષ્કર્મ દગાખોરીની બીજી ઘટનામાં આંબેડકરનગર વિસ્તારમાં રહેતાં શખ્સે એક સગીરાને લગ્નની લાલચ આપી અવાર-નવાર બળજબરી આચરી લઇ તેમજ બિભત્સ વિડીયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપતાં અને છેલ્લે હું તારી સાથે લગ્ન નહિ કરી શકું તેમ કહી તેણીને તરછોડી દેતાં પોલીસ ફરિયાદ દાખલ કરાવી હતી. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે ભોગ બનેલી સગીરાના ભાઇની ફરિયાદ પરથી ગોંડલ રોડ એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગર-૮માં રહેતાં સાગર દેવજીભાઇ ચૌહાણ વિરૂધ્ધ દુષ્કર્મ, પોક્સો, આઇટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી તેને ઝડપી લેવા તજવીજ કરી છે.

ફરિયાદમાં જણાવાયા મુજબ સગીરાની બહેનપણીએ તેણીને કહેલુ કે મારા માસીનો દિકરો સાગર તને પસંદ કરે છે તું તેની સાથે મિત્રતા કરી લે. આ પછી સાગરે આપણે એક જ જ્ઞાતિના છીએ, તું મને બહુ પસંદ છે લગ્ન કરવા છે તેમ કહી વાતો ચાલુ કરી હતી. એ પછી તે રૂબરૂ મળી સ્પર્શ કરવાનો પ્રયાસ કરતો ત્યારે ના પાડી દેતી હતી. બે વર્ષ સુધી મિત્રતા ચાલી હતી. બાદમાં એક વખત સાગરે વાડી વિસ્તારમાં લઇજઇ હું તારી સાથે લગ્ન કરવાનો છું, આપણે પતિ-પત્નિ છીએ તેમ કહી બળજબરીથી શરીર સંબંધ બાંધી લીધો હતો. એ પછી અવાર-વનાર મરજી વિરૂધ્ધ બળજબરી આચરી હતી. તેને ના પાડતાં તેણે આમા કશુ ખોટુ નથી, આપણે પતિ-પત્નિ છીએ તેમ કહી એક વખત વિડીયો ઉતારી લીધો હતો.

ત્યારબાદ એક વખત તેણે ગુસ્સામાં કહેલુ કે તું મને સંબંધ બાંધવા નહિ દે તો તારા વિડીયો તારા પરિવારને મોકલી દઇશ. આથી હું ગભરાઇ ગઇહ તી અને તે કહેતો તેમ કહતી હતી. સાગરે અનેક વખત મારા આવા વિડીયો ડરાવી ધમકાવી ઉતારી લીધા હતાં. હવે આજથી એકાદ મહિના અગાઉ તેને લગ્નનું કહેતાં તેણે હવે મારા પરિવારજનો તારી સાથે લગ્નની ના પાડે છે તેમ કહી દીધુ હતુ. સગીરાએ આ આપવીતી પોતાના ભાઇને જણાવતાં તેણે આ મુજબથી ફરિયાદ નોંધાવતાં બી-ડિવિઝન પીઆઇ જી. આર. ચૌહાણની રાહબરીમાં ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી. આમ પ્રેમ, લગ્નની લાલચના નામે બે ઢગાઓએ દગાખોરી કરી હતી. પોલીસ બંને સામે કાર્યવાહી કરી રહી છે.

### સોશિયલ મિડીયા પર આંધળુકીયા ફ્રેન્ડશીપ કરતાં પહેલા સો વખત વિચારજો

# ઈન્સ્ટાગ્રામના ફ્રેન્ડે પરિણીતાને ફસાવી

## પહેલા મિત્રનાની જાળ બીછાવી મીઠી વાતો કરી પછી અંગળ પળોના ફોટા લઇ લીધાઃ પરિણિતાને ભુલ સમજાતાં વાતો કરવાનું બંધ કરતાં ધમકાવવાનું ચાલુ કર્યુંઃ પોલીસે હજારો કિલોમીટર દુરથી શોધી કાઢ્યો

રાજકોટઃ તા. ૨૪

સોશિયલ મિડીયાનો ખોટો ઉપયોગ કરી લેભાગુઓ સતત સગીરાઓ, યુવતિઓ, પરિણીતાઓને ફસાવી તેની જિંદગી બગાડી રહ્યા છે. અનેક આવા કિસ્સા અત્યાર સુધીમાં બની ગયા છે. વધુ એક લાલબત્તી સમાન ઘટના સામે આવી છે જેમાં એક પરિણીતાને ઇન્સ્ટાગ્રામથી લેભાગુએ પહેલા મિત્ર બનાવી હતી અને પછી પ્રેમની જાળમાં ફસાવી અંગત પળોના વિડીયો ફોટા લઇ લીધા હતાં. તેના આધારે બ્લેક મેઇલ કરતાં અને ધમકીઓ આપતાં અંતે પોલીસે આ લેભાગુને હજારો કિલોમીટર દુરથી શોધી કાઢી કાયદાનું ભાન કરાવ્યું હતું.

સોશિયલ મિડીયાનો ઉપયોગ કરતી યુવતિઓ, મહિલાઓ માટે લાલબત્તી સમાન આ બનાવ સુરત શહેરના અમરોલી વિસ્તારમાં સામે આવ્યો છે. આ વિસ્તારમાં રહેતી એક પરિણીતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામનો ઉપયોગ કરતી હોઇ એક લેભાગુએ તેણીની સાથે મિત્રતા કરી મીઠી-મીઠી વાતો કરી, પ્રેમજાળમાં ફસાવી તેના અંગત વીડિયો બનાવી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ આ વીડિયો પતિ સહિત સગા-સંબંધીઓમાં વાયરલ કરી મહિલાને આત્મહત્યા કરવા મજબુર કરનાર અને તેના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપવાનું ચાલુ કર્યુ હતું.

મહિલાએ હિમ્મત કરી ઘરમાં વાત કરતાં પોલીસને જાણ કરાઇ હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ બિહારના સિવાન જિલ્લાના સફીયાબાદના વતની અને હાલ છત્તીસગઢના રાયપુરમાં રહેતા ઓગણત્રીસ વર્ષીય મંટુકુમાર ઉર્ફે અર્જુન રામનાથ ઉપાધ્યાયે છેલ્લા ચારેક મહિનાથી અમરોલી વિસ્તારની એક પરિણીત મહિલા સાથે ઇન્સ્ટાગ્રામ મારફતે સંપર્ક સાધ્યો હતો. આરોપીએ મહિલાને પોતાની મીઠી-મીઠી વાતોમાં ફોસલાવીને તેના કેટલાક અંગત વીડિયો મેળવી કે બનાવી લીધા હતા.

પણ બાદમાં મહિલાને ભૂલનો અહેસાસ થતાં તેણે આરોપી અર્જુન સાથે વાતચીત કરવાનું સંપૂર્ણ બંધ કરી દીધું હતું. પીડિત મહિલાએ વાત કરવાનું બંધ કરી દેતા જ આરોપી અર્જુન ઉપાધ્યાય પોતાની અસલી હેવાનીયત પર આવી ગયો હતો. તેણે મહિલાને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું અને તેના અંગત વીડિયો પીડિતાના જ પતિ સહિત સગા-સંબંધીઓમાં વાયરલ કરી દીધા હતા. આટલું જ



નહીં, આરોપીએ મહિલાને માનસિક ત્રાસ આપી આત્મહત્યા કરવા સુધીનું પગલું ભરવા મજબૂર કરી હતી અને જો તે ન માને તો તેના પતિને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ આઘાત સહન ન થતાં મહિલા ભારે હતાશામાં સરી પડી હતી

તે લેભાગુના ત્રાસથી ધમકીથી એટલી ત્રાસી ગઇ હતી કે આપઘાત કરવા જઈ રહી હતી. સમયસર પોલીસને આ અંગે જાણ થતાં પોલીસે તાત્કાલિક મહિલાને બચાવી, તેનું કાઉન્સિલિંગ કરી કાયદાકીય લડત આપવા હિંમત પૂરી પાડી હતી અને ગુનો દાખલ કર્યો હતો. આ ઘટનાની ગંભીરતાને જોતાં અમરોલી પોલીસ ઇન્સ્પેક્ટર જે.બી. વનારના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે.જી. કામળીયા અને સર્વેલન્સ સ્ટાફની એક ખાસ ટીમ બનાવવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપી ખૂબ જ શાતિર છે તે પોલીસ પકડથી બચવા માટે બિહાર, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ એમ અલગ-અલગ રાજ્યોમાં સતત પોતાના લોકેશન બદલી રહ્યો હતો.

ત્યારબાદ અમરોલી પોલીસની ટીમ સાપ્રથમ આરોપીના વતન બિહારના સિવાન જિલ્લામાં પહોંચી હતી, જ્યાં સતત ચાર દિવસ સુધી સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. પરંતુ આરોપી ત્યાંથી ભાગીને છત્તીસગઢ જતો રહ્યો હોવાનું ટેકનિકલ સર્વેલન્સમાં સામે આવ્યું હતું. પોલીસે હાર માન્યા વગર આશરે ત્રણ હજાર કિલોમીટર જેટલું લાંબુ અંતર કાપીને છત્તીસગઢના રાયપુર ખાતે ધામા નાખ્યા હતા. રાયપુરના તેલીબાંધા વિસ્તારમાં આરોપી છુપાયો હોવાની પાકી બાતમી મળતા, અમરોલી પોલીસે સ્થાનિક પોલીસની મદદ મેળવી હતી અને વેશ પલટો કરી કોર્ડન કરીને આરોપી મંટુકુમાર ઉર્ફે અર્જુન ઉપાધ્યાયને દબોચી લીધો હતો. પોલીસે આરોપી સામે વિવિધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ મામલે ડીસીપી લખધીરસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, અમરોલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક પરણિત મહિલા ઘરકંકાસ અથવા અન્ય કોઈ કારણોસર આત્યંતિક પગલું ભરવા જઈ રહી છે તેવી માહિતી પોલીસ વિભાગને મળી હતી. આ માહિતી મળતા જ અમરોલી પોલીસની ટીમે સંવેદનશીલતા દાખવી તાત્કાલિક મહિલાનો સંપર્ક કર્યો હતો. મહિલા આત્મહત્યા જેવું કોઈ પગલું ન ભરે તે માટે તેનું ખૂબ જ ગંભીરતાપૂર્વક અને સંવેદનશીલ રીતે કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું, જેમાં ચોંકાવનારી હકીકતો સામે આવી હતી. કાઉન્સિલિંગ દરમિયાન પીડિત મહિલાએ જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર તેનો પરિચય બિહારના સિવાનના રહેવાસી મોન્ટુ ઉપાધ્યાય નામના વ્યક્તિ સાથે થયો હતો. મોન્ટુએ મહિલાને વાતોમાં ફોસલાવીને તેની સાથેના કેટલાક અભદ્ર વીડિયોનું સ્ક્રીન રેકોર્ડિંગ કરી લીધું હતું. આ રેકોર્ડિંગ મેળવ્યા બાદ આરોપીએ મહિલાના પતિ અને સગા-સંબંધીઓને આ વીડિયો મોકલી આપવાની ધમકી આપી બ્લેકમેઇલિંગ શરૂ કર્યું હતું અને તેની પાસે અનૈતિક માંગણીઓ કરવા લાગ્યો હતો. આ ઘટનાથી ગભરાઈને મહિલા આત્મહત્યા કરવા મજબૂર બની હતી. પોલીસે આ મામલે તુરંત જ ગુનો નોંધીને આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. અમરોલી પોલીસના ડી-સ્ટાફની એક વિશેષ ટીમ કાયદેસરની કાર્યવાહી માટે રવાના કરવામાં આવી હતી. ત્યાં આવેલા એક તળાવના કિનારે પોલીસકર્મીઓએ સતત ચાર દિવસ સુધી વેશપલ્ટો રાખીને ગુપ્ત રીતે વોચ ગોઠવી હતી. આખરે આરોપીનું ચોક્કસ લોકેશન મળતા જ પોલીસે તેને કોર્ડન કરીને ઝડપી લીધો હતો. ડીસીપીએ વધુમાં ઉમેર્યું હતું કે, સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતના માર્ગદર્શન હેઠળ પોલીસ હંમેશા મહિલાઓ, બાળકો અને નબળા વર્ગોની સુરક્ષા માટે અત્યંત સંવેદનશીલ અને જાગૃત છે. આ કેસમાં પણ મહિલાના પરિવારની નજીક રહેતા પોલીસના જ એક બાતમીદારે અમરોલી પોલીસના કોન્સ્ટેબલને સમયસર માહિતી આપી હતી, જેના કારણે એક નિર્દોષ મહિલાને ન્યાય મળ્યો હતો.

### લવના નામે વધુ એક લફંગાબાજીઃ પરણેલાએ યુવતિને ફસાવી કર્યુ શોષણ

# લગ્નની લાલચે દેહ પીંખી અડધો કરોડ પડાવ્યા

## બ્લેકમેઈલ કરી લાખો પડાવ્યા પછી ખબર પડી કે પરણેલો છેઃ નાણા પાછા માંગતા આ શખ્સની પત્નિએ ફોન કરી ગાળો ભાંડી!

રાજકોટઃ તા. ૨૪

વધુ એક યુવતિને લગ્નની લાલચ આપી શોષણ કરાયું છે. એક લેભાગુએ આ યુવતિને પ્રેમજાળમાં ફસાવી હતી અને લગ્ન કરવાની લાલચ આપ્યા પછી તેની સાથે વારંવાર શરીર સંબંધ બાંધી લઈ ફોટા વિડીયો લઈ લીધા હતાં. આ પછી તેની પાસેથી બ્લેકમેઈલીંગ કરી કટકે કટકે અધધધ પિસ્તાલીસ લાખ રૂપિયા પડાવી લીધા હતાં. અંતે આ યુવતિએ પોલીસ પાસે પહોંચતા હકિકત જાણીને પોલીસ પણ ચોંકી ગઈ હતી. પોલીસે આ મામલે ગુનો દાખલ કરી આરોપીને ઝડપી લેવા વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી. ચોંકાવનારી વાત એ છે કે આરોપી પરણેલો છે અને ગુનામાં તેને તેની પત્નિએ પણ મદદ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો ઘટના સુરતના અમરોલી વિસ્તારમાં બની છે. લગ્નની લાલચ આપીને પિસ્તાલીસ લાખ રૂપિયાની છેતરપિંડી કરવાનો મામલો સામે આવ્યો છે. યુવતી સાથે શારીરિક સંબંધ બાંધીને તેના ફોટા વાયરલ કરવાની ધમકી પણ આપવામાં આવી હતી. અમરોલી પોલીસે આ મામલે એક યુવક અને તેની પત્નિ સામે ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર પીડિતાની ફરિયાદના આધારે અમરોલીમાં રહેતા મયુર વાઘજીભાઈ બગડા અને તેની પત્નિ ગુંજનબેન બગડા સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ફરિયાદ નોંધવામાં આવી હતી.

ફરિયાદમાં આરોપ છે કે આરોપી મયુરે યુવતીને લગ્નનો ભરોસો આપીને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી. આ દરમિયાન તેણે અલગ-અલગ સમયે યુવતી પાસેથી કુલ પિસ્તાલીસ લાખ રૂપિયા પડાવી લીધા હતા. પીડિતાનો આરોપ છે કે મયૂરે લગ્નનો વાયદો કરીને તેની સાથે અનેક વાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ દરમિયાન તેણે યુવતીના ફોટા પણ પાડી લીધા હતા. બાદમાં આ ફોટા વાયરલ કરવાની ધમકી આપીને તેને માનસિક ત્રાસ આપ્યો હતો. આરોપ છે કે મયુરે ન તો લગ્ન કર્યા કે ન તો યુવતી પાસેથી લીધેલા પિસ્તાલીસ લાખ રૂપિયા પરત કર્યા.

આ ઉપરાંત ફરિયાદમાં એમ પણ જણાવાયું છે કે જ્યારે યુવતીએ પૈસા પરત માંગ્યા અને લગ્નની વાત કરી ત્યારે મયૂરની પત્નિ ગુંજનબેને તેને ફોન પર ગાળો આપીને ધમકીઓ આપી હતી. તેણે કહ્યું હતું કે મયૂર તેની સાથે લગ્ન નહીં કરે અને પૈસા પણ પાછા નહીં મળે. જો તે કોઈ કાર્યવાહી કરશે તો તેની સામે ખોટો કેસ કરી દેવાની ધમકી પણ આપી હતી. પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ દ્વારા હવે આ કેસમાં આર્થિક લેવડદેવડ, મોબાઈલ રેકોર્ડ અને અન્ય પુરાવાઓની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. આમ વધુ એક વખત એક યુવતિ લગ્નના નામે શારીકિ અને આર્થિક શોષણ અને માનસિક યાતનાનો ભોગ બની હતી. કોઈની પણ સાથે આ રીતે રીલેશનમાં આગળ વધતાં પહેલા ખુબ વિચાર કરવો જરૂરી છે. આ પ્રકારના કિસ્સા સતત વધી ગયા છે. જેમાં આ નવો બનાવ ઉમેરાઈ ગયો છે.

**બે બાળાને બે લેભાગુઓએ ફસાવીઃ લગ્નની લાલચ દઈ ભગાડી, પોલીસે સતર્કતા વાપરી કલીમ અને આવેશ શેખને દબોચી લીધા**

બીજી એક ઘટનામાં બે સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જનારા બે ઢગાને પોલીસે દબોચી લીધા હતાં. સુરતના ઉધના વિસ્તારમાં પટેલ નગર ખાતેથી એકસાથે ત્રણ સગીર દીકરીઓ ગુમ થતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. આ ઘટનામાં ચોંકાવનારો ખુલાસો થયો છે. બે કિશોરીઓને પડોશમાં જ રહેતા બે શ્રમિક યુવકોએ પ્રેમ સંબંધની જાળમાં ફસાવીને લગ્નની લાલચ આપી ભગાડી ગયા હતા. જ્યારે ત્રીજી તેર વર્ષની બાળકી ઘરમાં માતા-પિતા દ્વારા અભ્યાસ કરવા બાબતે અને તેના વર્તન અંગે સતત ટોકવામાં આવતી હોવાથી, મનમાં ભારે લાગી આવ્યું હતું. માતા-પિતાના આ ભણતર માટેના ઠપકાથી નારાજ થઈને અને બહેલાઈ જઈને તે પણ આ બંને યુવકો અને કિશોરીઓની સાથે ઘર છોડીને ભાગી નીકળી હતી. ઘટનાની જાણ થતાં જ સુરત પોલીસ એક્શન મોડમાં આવી ગઈ હતી. ઝોન ૨ ના ડીસીપી ડૉ. કાનન દેસાઈના માર્ગદર્શન હેઠળ ઉધના પોલીસ સ્ટેશનમાં તુરંત જ મિસિંગ અને અપહરણ અંગેની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. દીકરીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઉધના પોલીસની ડી સ્ટાફ ટીમ તેમજ ઝોન ૨ની એલસીબીની ટીમો તાત્કાલિક કામે લગાડવામાં આવી હતી.

પોલીસે ગુમ થયેલી દીકરીઓના પરિવારજનોની સઘન પૂછપરછ હાથ ધરી હતી, જેમાં પડોશમાં જ રહેતા બે યુવકો પર શંકાની સોય તાકાઈ હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, પડોશમાં રહેતા બે ઈસમો પણ તે જ રાતથી ગાયબ હતા. પકડાયેલા આરોપીઓની ઓળખ મોહમદ કલીમ અબ્દુલ લકલામ શેખ અને મોહમદ આવેશ અહમદ અતીક શેખ તરીકે થઈ છે. જેમાં પહેલો બાવીસ વર્ષનો અને બીજો ચોવીસ વર્ષનો છે. આ બંને આરોપીઓ મૂળ ઉત્તર પ્રદેશના રહેવાસી છે અને હાલ સુરતના ઉધના વિસ્તારમાં આવેલા પટેલ નગરમાં રહીને મજૂરી કામ કરતા હતા. આ બંને યુવકોને બે કિશોરીઓ સાથે પ્રમ સંબંધ બંધાયો હતો અને તેઓ દીકરીઓને સુરત બહાર ભગાડી જવાનો મોટો પ્લાન ઘડી ચૂક્યા હતા. જો કે પોલીસની સતર્કતા અને ઝડપી તપાસથી બંને લેભાગુ ઝડપાઈ ગયા હતાં અને સગીરાઓને મુક્ત કરી પોલીસે તેમના વાલીને સોંપી હતી.

આ ઘટના બારામાં ડીસીપી કાનન દેસાઈએ જણાવ્યું હતું કે, આ સમગ્ર સર્ચ ઓપરેશનમાં સીસીટીવી ફૂટેજ અને હ્યુમન ઈન્ટેલિજન્સ સૌથી મહત્વના સાબિત થયા હતા. પોલીસે સૌપ્રથમ પટેલ નગરમાં આવેલા દીકરીઓના ઘરની આસપાસના



સીસીટીવી ફૂટેજ તપાસ્યા, જેમાં આ પાંચેય જણા સાથે જતા હોવાનું સ્પષ્ટ દેખાયું હતું.

ત્યારબાદ આગળની ડાયરેક્શન ચેક કરતા ખબર પડી કે તેઓ ઉધના રેલવે સ્ટેશન તરફ ગયા છે. ઉધના રેલવે સ્ટેશનના સીસીટીવી ચેક કરતા માલુમ પડ્યું કે તેઓ ત્યાંથી ટ્રેનમાં બેસીને નાગપુર તરફ રવાના થયા છે. ગુજરાત પોલીસે તાત્કાલિક નાગપુર રેલવે પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

બાદમાં નાગપુર રેલવે સ્ટેશન પર ઉતરેલા આ પાંચેય જણાના સીસીટીવી ફૂટેજ ત્યાંની પોલીસે ચેક કર્યા, તો ખબર પડી કે આરોપીઓ દીકરીઓને લઈને નાગપુરથી અન્ય ટ્રેનમાં બેસીને આગળ ઉત્તર પ્રદેશ તરફ ભાગી રહ્યા છે. આ માહિતી મળતા જ સુરત પોલીસે રેલવે પ્રોટેક્શન ફોર્સનો સંપર્ક કર્યો અને શંકાસ્પદ આરોપીઓ તેમજ દીકરીઓના ફોટોગ્રાસ રેલવે નેટવર્ક પર અલગ-અલગ સ્ટેશનો પર શેર કર્યા હતા. નાગપુરથી આગળ વધતી ટ્રેનની કડી મેળવીને રેલવે પ્રોટેક્શન ફોર્સે મધ્યપ્રદેશના ઈટારસી રેલવે સ્ટેશનની આરપીએફ ટીમને એલર્ટ કરી દીધી હતી. જેવી ટ્રેન ઈટારસી સ્ટેશને પહોંચી, કે તુરંત જ આરપીએફની ટીમે ટ્રેનમાં સર્ચ ઓપરેશન કરીને બંને આરોપીઓ, સગીરાઓને પકડી લીધા હતાં.

### અપમૃત્યુની ત્રણ અલગ અલગ ઘટનાઓમાં પરિવારોએ આધારસ્તંભ ગુમાવ્યા

# વાહન અકસ્માતમા વિદ્યાર્થી-યુવાનની જિંદગી ખતમ

રાજકોટઃ તા. ૨૪

જીવલેણ અકસ્માતના વધુ બે બનાવ બન્યા છે. જેમાં એક પરિવારે સત્તર વર્ષનો દિકરો ગુમાવ્યો હતો. ધોરણ બારમાં અભ્યાસ કરતો આ વિદ્યાર્થી શાળા છુટતાં મોટરસાઈકલ હંકારીને શાળાએથી પોતાના ઘરે જતો હતો ત્યારે રસ્તામાં બોલેરો ગાડી તેના માટે કાળ બની ગઈ હતી. ટુવ્હીલર સહિતે તેને ઉલાળી દેતાં આ ઘટના બની હતી. કાલાવડના કાલમેઘડા ગામના પરિવારમાં આ કારણે માતમ છવાઈ ગયો હતો. બીજા બનાવમાં સરધારના અણીયારા ગામે રહેતાં યુવાનનું નવા દોઢસો ફુટ રીંગ રોડ પર રાતે બાઈક સહિત ટ્રકની ઠોકરે ચડી જતાં ગંભીર ઈજા થવાથી મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી.

પ્રથમ કરૂણ ઘટના પર નજર કરીએ તો લોધીકાના અનીડાવાછરા ગામના પાવાર હાઉસ પાસે બોલેરોના ચાલકે મોટરસાઈકલને ઉલાળી દેતાં તેના ચાલક કાલાવડના કાલમેઘડા ગામે રહેતાં અને કોલીથડની જે. બી. કોટક સ્કૂલમાં અભ્યાસ કરતાં ધોરણ-૧૧ના વિદ્યાર્થીનું ગંભીર ઈજા થતાં મોત થયું હતું. આશાસ્પદ દિકરાની અણધારી વિદાયથી પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

વધુ માહિતી અનુસાર કાલમેઘડા ગામે રહેતો હુશેન રજાકભાઈ નકાણી નામનો સત્તર વર્ષનો વિદ્યાર્થી ત્રેવીસમીએ બપોરે બારેક વાગ્યે અનીડા વાછરા પાસેથી બાઈક હંકારીને પસાર થતો હતો ત્યારે પાવર હાઉસ પાસે પહોંચતા બોલેરો ચાલકે ઠોકરે લેતાં ગંભીર ઈજા થતાં



ગોંડલ સારવાર અપાવી રાજકોટ ખસેડાયો હતો. પરંતુ તેનું મૃત્યુ થયું હતું. હુશેન બે ભાઈમાં મોટો હતો અને ધોરણ-૧૧માં અભ્યાસ કરતોં હતો. તેના પિતા ખેતી કામ કરે છે. પોતે શાળાએથી છુટીને પોતાના ઘરે કાલમેઘડા જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. બોલેરો ચાલક સામે ગુનો નોંધવા લોધીકા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી એક જીવલેણ વાહન અકસ્માતની ઘટનામાં સરધારના અણીયારાના પરિવારે યુવાન કંધોતર ગુમાવી દીધો હતો. અણીયારા ગામે રહેતો જેશલભાઈ પાંચાભાઈ બાંભવા નામનો છવ્વીસ વર્ષનો યુવાન રાતે સાડા દસેક વાગ્યે નવા નવા ફુટ રીંગ રોડ પર બાઈક હંકારીને જતો હતો ત્યારે રાધેક્રિષ્ના હોટેલ નજીક પહોંચતા ટ્રકની ઠોકરે ચડી જતાં બાઈક સહિત ફેંકાઈ જતાં ગંભીર ઈજાઓ થઈ હતી. તેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

પરંતુ અહિ ટુંકી સારવાર દબા મૃત્યુ થતાં પરિવારજનોમાં ગમગીની વ્યાપી ગઈ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે. એમ. જાડેજાએ જરૂરી કાર્યવાહી કરી હતી. યુવાન દિકરાના મૃત્યુથી બાંભવા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. તાજેતરમાં જ આ યુવાનના લગ્ન થયા હતાં. આ ઘટનાને પગલે ગામમાં અને બાંભવા પરિવારમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

ત્રીજા બનાવમાં અયોધ્યા ચોક સિધ્ધી વિનાયક પાર્કમાં રહેતાં હરેનભાઈ નટવરલાલ શેઠ નામના તેતાલીસ વર્ષના યુવાન ઘરે બેભાન થઈ જતાં હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થયું હતું. આમ ત્રણ અપમૃત્યુના બનાવને પગલે પરિવારોમાં કલ્પાંત સર્જાયો હતો.

**કાલમેઘડાના ધોરણ-૧૨ના છાત્રને શાળાએથી ઘરે જતી વખતે અનીડાવાછરા પાસે અકસ્માત નડ્યોઃ અણીયારાના યુવાનનું નવા દોઢસો રીંગ રોડ પર વાહન અકસ્માતમાં મૃત્યુઃ અન્ય ઘટનામાં એક યુવાનનું બેભાન થઈ ગયા બાદ મૃત્યુ**

# પરિણીતાનું ગળાફાંસાથી મોત ભાઈએ કર્યો હત્યાનો આક્ષેપ

## ખારચીયા શહિદ ગામની ઘટનાઃ હોમગાર્ડ પતિનો ત્રાસ હોવાનો મૃતકના ભાઈએ આક્ષેપ કરતાં પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું

રાજકોટઃ તા. ૨૪

ઉપલેટાના ખારચીયા-શહિદ ગામે એક પરિણીતાએ ગળાફાંસો ખાઈ લેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. જો કે આ ઘટનામાં માવતર પક્ષ દ્વારા મારકુટનો હત્યાનો આક્ષેપ થતાં પોલીસે મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. મૃત્યુ પામનાર ભાઈએ આ બનાવ બાબતે પોલીસ સમક્ષ શંકા દાખવતાં અને પોતાની બહેનને હોમગાર્ડ પતિનો ત્રાસ હોવાની તેમજ તેણીને મારકુટ થયાનો આક્ષેપ કરતાં પોલીસે વિસ્તૃત તપાસ હાથ ધરી હતી.

વિગતો અનુસાર ખારચીયા ગામે રહેતાં ઈલાબેન હિતેન્દ્રભાઈ ઉર્ફે રામભાઈ બગડા નામના બત્રીસ વર્ષના મહિલાએ ગળાફાંસો ખાઈ લેતાં ૧૦૮ બોલાવાઈ હતી. બાદમાં બેભાન હાલતમાં ઈલાબેનને ભાયાવદર હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પણ તબિબે તેમને મૃત જાહેર કર્યા હતાં. મૃત્યુ પામનાર ઈલાબેનના લગ્ન ચૌદ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેણીના માવતર ધોરાજીના મોટી વાવડી ગામે રહે છે.

પિતાનું નામ માવજીભાઈ હમીરભાઈ હેડંબા છે. પોતે ઈલાબેન બે ભાઈના એકના એક મોટા બહેન હતાં. ઈલાબેનના ભાઈ રાજેશભાઈ હેડંબાએ સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમ ખાતે જણાવ્યું હતું કે મારા બહેનને લાંબા સમયથી સાસરીયામાં ત્રાસ હતો. મારા બનેવી હિતેન્દ્રભાઈ ઉર્ફે રામભાઈ લાખાભાઈ બગડા ખેતી કરવાની સાથે હોમગાર્ડમાં પણ ફરજ બજાવે છે. ગઈકાલે બપોરે ઘટના બની હોવા છતાં મને બનેવીના ભાઈએ છેક સાંજે ચારેક વાગ્યે ફોન કરીને તમારા બહેન સીરીયસ છે તેવી વાત કરતાં હું ભાયાવદર હોસ્પિટલે પહોંચ્યો હતો. ત્યારે બહેન મૃત જોવા મળ્યા હતાં. તેના મોઢા પર આંખ પાસે ઈજા જેવા નિશાન જોવા મળતાં મારકુટ થયાની શંકા ઉપજતાં મેં ભાયાવદર પોલીસને રજૂઆત કરી હતી અને બહેનના મૃતદેહનું રાજકોટ ખાતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવા માંગણી કરી હતી. ઘટના બાદ મારા બનેવી અને તેના પિતા સહિતના પોલીસમાં સામેથી હાજર થઈ ગયાનું અમને કહેવાયું હતું. ઈલાબેન બગડાએ ત્રાસથી કે અન્ય કારણે કંટાળીને આપઘાત કર્યો કે બીજુ કંઈ બન્યું? તેની તપાસ ભાયાવદર પોલીસે હાથ ધરી છે. બનાવથી બે માસુમ સંતાન મા વિહોણા થઈ ગયા હતાં. પોલીસે આ ઘટનામાં ખરેખર શું બન્યું તેની તપાસ હાથ ધરી હતી.

## જેના ઉપર દારૂના રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં પાંત્રીસ ગુના છે, સાત વખત પાસાની હવા ખાધી છે તે અંતે હાથમાં આવ્યો

# જુનો ને જાણીતો, કો'કનો માનીતો બૂટલેગર ફિરીયો ઝડપાયો

રાજકોટઃ તા. ૨૪

પોલીસ માટે માથાનો દુઃખાવો બની જતો જંગલેશ્વરનો જુનો ને પોલીસબેડામાં જાણીતો અને કોઈક માટે માનીતો એવો નામીચો બૂટલેગર ફિરોઝ ઉર્ફે ફિરીયો અંતે ઝડપાઈ ગયો છે. જેના કારણે કુવાડવાના પોલીસ ઈન્સ્પેક્ટર સસ્પેન્ડ થઈ ગયા તે બૂટલેગર ફિરોઝનો વધારાનો છુપાવી રાખેલો દારૂ પણ પીસીબીની ટીમે કુવાડવા જીઆઈડીસીમાંથી જપ્ત કરી લીધો હતો. તો ફિરોઝ અને રાજસ્થાની સપ્લાયરને પીસીબીની ટીમે પાલનપુર પાસેથી પકડી બંનેની વિશેષ પુછપરછ હાથ ધરી છે. પાંત્રીસ જેટલા ગુનાઓમાં સામેલ ફિરોઝ સાત વખત તો પાસામાં જઈ આવ્યો છે. હવે તે પકડાયા પછી કોઈ ખાખીધારી નડશે તો નહિ ને? તેવી ભારે ચર્ચા જાગી છે.

વિગતો પર નજર કરીએ તો તાજેતરમાં એસએમસીએ કુવાડવા જીઆઈડીસીમાં આરકે ઈન્ડસ્ટ્રીઝ પ્લોટ નં. ૯માં દરોડો પાડી જંગલેશ્વરના નામચીન બુટલેગર ફિરોઝ હાસમભાઈ મેણુ-સંધીનો પોણા કરોડ જેવો દારૂ ઝડપી લીધો હતો. આ વચ્ચે પીસીબીની ટીમે ફરી આ જ સ્થળે દરોડો પાડી અહિ છુપાવી રાખેલો ફિરોઝનો વધુ ૩,૩૨,૧૬૦નો દારૂ પકડી લીધો હતો. આ દારૂ જે તે વખતે એસએમસીની નજરે ચડ્યો નહોતો.

બીજી તરફ ફરાર એવા બુટલેગર ફિરોઝને પણ પીસીબીની ટીમે દબોચી લીધો છે. તેની સાથે રાજસ્થાનના સપ્લાયરને પણ પકડી લવાયો હતો. વિશેષ માહિતી અનુસાર મુજબ ગત ૧૯મીએ સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે કુવાડવા જીઆઈડીસીમાં દરોડો પાડી રૂપિયા સિત્તેર લાખનો દારૂ પકડી લીધો હતો. જેને કારણે કુવાડવા પીઆઈને પણ પોલીસ કમિશનરે સસ્પેન્ડ કરી દીધા હતાં. આ પછી ક્રાઈમ બ્રાંચ એસીપી ભરત બસીયા અને ઈન્સ. એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવની ટીમ હરકતમાં આવી હતી અને ફિરોઝને શોધી કાઢવા દોડધામ શરૂ કરી હતી. આ વચ્ચે પીસીબીની ટીમને માહિતી મળી હતી કે જ્યાંથી ફિરોઝનો ૭૦ લાખનો દારૂ પકડાયો ત્યાં જ ગોડાઉનમાં પ્લાસ્ટીકના ભંગાર નીચે બીજો દારૂ પણ છુપાવાયેલો છે અને એ પણ ફિરોઝનો છે.

આથી પીસીબીની ટીમ ત્રાટતાં ૧૮૦ એમએલ વ્હીસ્કીના ૧,૨૩,૮૪૦ની ૭૨૦ ચપલા, અન્ય બ્રાંડના રૂા. ૮૨૫૬૦ના ૧૮૦ એમએલ વ્હીસ્કીના ૪૮૦ ચપલા, મીન્ટ ફ્લેવર જામુન વોડકાના ૧૮૦ એમએલના ૪૮૦ ચપલા મળી કુલ ૩,૩૨,૧૬૦ના ૧૯૨૦ ચપલા મળી આવતાં ફિરોઝ સામે અલગથી ગુનો દાખલ કરાવાયો હતો. દરમિયાન પીસીબીની ટીમે બાતમીને આધારે પાલનપુર નજીકથી ફિરોઝ હાસમભાઈ સંધીને અને રાજસ્થાનના સપ્લાયર વિજયપાલસિંહ રાઠોડને પણ સકંજામાં લઈ તપાસ હાથ ધરી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાની સુચના અંતર્ગત ક્રાઈમ બ્રાંચ, પીસીબીની ટીમે આ કામગીરી કરી હતી.

કુવાડવાના દરોડામાં પોલીસ ઈન્સપેક્ટર પી. બી. ગોંડલીયા, પીએસઆઈ પી. બી. ત્રાજીયા, આર. કે. જાડેજા, એએસઆઈ મયુરભાઈ, સંતોષભાઈ, મહિપાલસિંહ, હરદેવસિંહ, ઘનશ્યામસિંહ, હેડકોન્સ. કિરતસિંહ, વિરેન્દ્રસિંહ, હરદેવસિંહ, કુલદીપસિંહ, વિજયભાઈ, ઉમેશભાઈ, દિલીપભાઈ, રાહુલગીરી, નગીનભાઈ, હિરેનભાઈ, કોન્સ. યુવરાજસિંહ, દેવરાજભાઈ, વાલજીભાઈ, હિરેન્દ્રસિંહ, વિશાલભાઈ, ડ્રા. હેડકોન્સ. જયેશભાઈએ કરી હતી. તો ફિરોઝ અને રાજસ્થાની સપ્લાયરને ઝડપી લીધા છે. ચર્ચા મુજબ ફિરોઝ જો કોઈ સ્થાનીક ખાખીધારી સાથે સંપર્કમાં હોવાનું સામે આવશે તો હજુ કોઈકની નોકરી જોખમાશે તેવી ચર્ચા છે.



**પીસીબીની ટીમે એસએમસીની રેઈડ વખતે રહી ગયેલો ફીરોઝનો દારૂ પકડ્યો અને સાથે સાથે ફિરોઝ અને રાજસ્થાની સપ્લાયરને પણ દબોચ્યાઃ કોઈ ખાખીધારીને હવે તો નહિ નડે ને? તેની ભારે ચર્ચા**

## મહાનગરપાલિકાની સામાન્ય સભા

# નગરસેવકોએના ધગધગતા પ્રશ્નોથી કલાકમાં પૂર્ણ નહીં થાય બોર્ડ

### ૪૫ પ્રશ્નોમાંથી ૪૩ ભાજપના જ્યારે બે કોંગ્રેસના કોર્પોરેટરે પૂછ્યા : કેતન પટેલનો ટીપી- આવાસનો પ્રશ્ન મહત્વનો

રાજકોટ, તા. ૨૪

મહાનગરપાલિકાનું આજે જનરલ બોર્ડ મળવાનું છે ત્યારે છેલ્લા ઘણા સમયથી માત્ર એક કલાકમાં પૂર્ણ થતું જનરલ બોર્ડ ખૂબ લાંબુ ચાલશે તેવી અટકળો તેજ બની છે. અગાઉ મેયર નેહલ શુકલે સ્પષ્ટતા કરી હતી કે જે પ્રશ્નો પૂછવામાં આવ્યા છે તેની વિગતવાર ચર્ચા કરવામાં આવશે. ત્યારે આજે કુલ ૪૫ પ્રશ્નો મૂકવામાં આવ્યા છે જેમાં ૪૩ પ્રશ્નો ભાજપના નગરસેવકોએ પૂછ્યા છે તો બાકીના બે પ્રશ્નો કોંગ્રેસના નગરસેવકોએ પૂછેલા છે.

'બા સમય બાદ ૯ જેટલા સભ્યોએ પાણીના ધાંધીયાના સવાલો પૂછતા નવી બોડીના સભ્યો હવે લોકોના વાસ્તવિક પ્રશ્નો પુછવા માટે આઝાદ થયાનું પણ દેખાયું છે. સૌ પહેલો પ્રશ્ન વોર્ડ નં.૧૪ના સીનીયર કોર્પોરેટર કેતન પટેલનો છે.

આવાસ યોજના વિભાગની એક વર્ષની કામગીરી, ઘુસણખોરી, હપ્તાની વસુલાત અને ટીપી શાખાના સેટઅપ, ફિલ્ડ સ્ટાફ તથા એક વર્ષમાં કરેલી કામગીરીનો મહત્વનો પ્રશ્ન તેમણે મુકયો હોય, કાલની સભાની શરૂઆત જ ગરમાગરમ થાય તેવું લાગી રહ્યું છે. અભ્યાસુ કોર્પોરેટર તરીકે કેતન પટેલ જાણીતા છે.

બીજા ક્રમે સંજય ચાવડાના ત્રણ પ્રશ્નો છે. તેમાં ગાર્ડન સ્ટાફ, સુપરવાઇઝર, વિઝીટમાં જાય છે કે નહીં બીજા ક્રમે આજી ડેમ પાસેના ગાર્ડનમાં બંધ સ્પ્રીંકલર, કોન્ટ્રાકટર પર પગલા, ઢેબર રોડ, ડિવાઇડરમાં કલરફુલ વેલમાં ગોરમટાવાળી લાલમાટી નાંખવાના કારણો પુછયા છે. ભાજપના અડધા જેટલા કોર્પોરેટરોએ રાજકોટમાં પાણીના ધાંધીયાથી માંડીને વિતરણ વ્યવસ્થા અંગેના સવાલો રજુ કર્યા છે. જયોત્સનાબેન ટીલાળાએ ડીઆઇ પાઇપલાઇન થઇ ગઇ હોય ત્યાં બાકી પેચવર્ક, ખાડામાં પાણી ભરાવાથી રોગચાળો થવાના ભય, ડીઆઇ પાઇપલાઇન આવી ગઇ હોય તો પણ ધીમા ફોર્સન કારણો પુછયા છે. ડો. રીંકલ મેઘાણીએ ફડ વિભાગની કામગીરી, વોર્ડ નં.૧૭માં દુષિત પાણી, દરેક વોર્ડમાં પાણીની સમસ્યા અને વિતરણના આયોજન માંગ્યા છે.

આ સિવાયના ભાજપના સદસ્યોએ વોર્ડ નં.૧૭માં ભુગર્ભ ગટરની



સૌથી વધુ ફરિયાદો, જેટીંગ મશીનની જરૂરીયાત, સૌથી મોટા વોર્ડ નં.૧૧માં હાઇરાઇઝ બિલ્ડીંગમાં પાણી વિતરણમાં અસમાનતા, લોકોને તકલીફ, બેજવાબદારી બદલ વિજીલન્સ તપાસ, આર્થિક પ્રલોભનમાં વિતરણ વ્યવસ્થા ખોરવનારા સામે પગલા લેવાની માંગણી કરી છે. વોર્ડ નં.૧૩માં ટપુ ભવાન, અંબાજી કડવા પ્લોટ, ગીતાનગરમાં પાણીના ધીમા ફોર્સ, આંબેડકરનગર અને ખોડિયારનગરમાં ડીઆઇ પાઇપલાઇનની જરૂર, માલવીયા ફાટક પાસે અંડરબ્રીજના આયોજનની વિગતો માંગવામાં આવી છે.

વોર્ડ નં.૨માં ડીઆઇ પાઇપલાઇન કયારે શરૂ થશે, પ્રિ-મોન્સુન કામગીરી, ડીઆઇ પાઇપલાઇન ચાલુ કરાવવા, વોર્ડ નં.૮ અને ૯માં

#### વાસ્તવિક પ્રશ્નોની થશે ચર્ચા

અત્યાર સુધી સરકારી આંકડાઓ અનુસાર પ્રશ્નો પૂછવામાં આવતા હતા અને ખરા અર્થમાં વાસ્તવિક પ્રશ્નોની ચર્ચા પણ થતી ન હતી ત્યારે નવનિયુક્ત હોદ્દેદારો દ્વારા આ વખતે જે પ્રશ્નો પૂછવામાં આવેલા છે તે સ્પષ્ટ સૂચવે છે કે હવે વાસ્તવિક કામો અંગેના જ પ્રશ્નો પુછાશે અને તે દિશામાં જ કામગીરી થશે કારણકે ચૂંટાયેલા નગર સેવકો દ્વારા જે પ્રશ્નોત્તરી કરવામાં આવશે તે ખરા અર્થમાં લોકોના વિકાસ કામોને સ્પર્શી હશે.

રી-કાર્પેટ, મુખ્ય માર્ગના કોમર્શિયલ બિલ્ડીંગમાં પાર્કિંગ વ્યવસ્થા, વોર્ડ નં.૭માં સફાઇ કામદારોના સેટઅપ, અવંતિબાઇ લોધી હોલની સ્થિતિ, છેલ્લા સમયમાં ૨૫૦ ટન ડામર કયા વપરાયો, વોર્ડ નં.૯માં અમુક બિલ્ડીંગમાં વધુ પાણી આપવા વાલ્વમેન દ્વારા ઉઘરાણાની ફરિયાદ પણ કરવામાં આવી છે.

વોર્ડ નં.૧૧માં આંગણવાડી, ડામર રોડના આયોજન, મોકાજી સર્કલ સુધી ફૂટપાથ પર દબાણ, વોર્ડ નં.૪માં અનેક વિસ્તારમાં ધીમા દબાણથી પાણી, ડીઆઇ પાઇપલાઇન અને રાત્રી સફાઇના આયોજન, વોર્ડ નં.૧૫માં કાયમી સફાઇ અને પાણીના ધાંધીયા, ભાડાની સ્કુલ, ડીઆઇ પાઇપલાઇનના કામ કયાં પહોંચ્યા, વોર્ડ નં.૬માં ત્રણ મહિનામાં આવેલી ડ્રેનેજની ફરિયાદો ઓટીપી વગર ઉકેલાઇ જતી હોવાની ફરિયાદો, ન્યુસન્સ પોઇન્ટની વિગતો ભાજપના સભ્યોએ પુછી છે.

તો વોર્ડ નં.૧૬ના કોંગ્રેસના દિપ્તીબેન સોલંકીએ મેયરે કરકસર માટે કેટલા પ્રોજેકટ અટકાવ્યા છે અને છેલ્લા પાંચ વર્ષમાં વોર્ડ નં.૧૬માં કેટલા કામો થયા તેની માહિતી માંગી છે. બોર્ડના એજન્ડા પર સેક્રેટરી એચ.પી.રૂપારેલીયાને ફરી કાયમી ધોરણે ફરજ પર લેવાની દરખાસ્ત છે. બાકી મેયર અધ્યક્ષસ્થાનેથી જે પ્રસ્તાવ મુકે તેના ઠરાવ પસાર કરવામાં આવનાર છે.

# વાજડીના ત્રણ સર્વેનો રહેણાંકમાંથી ઔદ્યોગિક ઝોનમાં ફેરબદલ

### વાંધા સૂચનો શહેરી ગૃહ નિર્માણ વિભાગને બે માસમાં મોકલવા તાકીદ

રાજકોટ, તા. ૨૪

રાજ્ય સરકાર દ્વારા હાલ અનેકવિધ ટીપી સ્કીમો ફાઇનલ કરવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ હાલ રાજકોટ સત્તા મંડળના ફાઈનલ ડેવલપમેન્ટ પ્લાનમાં એક મોટો ફેરફાર કરવામાં આવ્યો હોવાનું માલુમ પડ્યું છે જે અંગેનું નોટિફિકેશન બે જૂનના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલું હતું. આ નવા આદેશ અનુસાર, રાજકોટ નજીક આવેલા વાજડીવડ ગામની ચોક્કસ જમીનને રહેણાંક હેતુના ઝોનમાંથી દૂર કરીને હવે ઔદ્યોગિક હેતુ માટેના ઝોનમાં ફેરબદલ કરવાનો મોટો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. અગાઉ રાજ્ય સરકાર દ્વારા ૨૭ ઓક્ટોબર ૨૦૧૬ ના રોજ નોટિફિકેશન અન્વયે રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળનો ફાઇનલ ડેવલપમેન્ટ પ્લાન મંજૂર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, 'રૂડા' દ્વારા ૪ માર્ચ ૨૦૨૪ ના રોજ પત્ર વ્યવહાર કરીને આ પ્લાનમાં ફેરફાર કરવા માટેની એક દરખાસ્ત સરકારને મોકલવામાં આવી હતી. આ દરખાસ્ત પર વિચારણા કર્યા બાદ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (૧૯૭૬ નો રાષ્ટ્રપતિ એક્ટ નં. ૨૭) ની કલમ ૧૯(૧) હેઠળ આ પ્રસ્તાવિત ફેરફારોને ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ ના જાહેરનામા દ્વારા ૭ માર્ચ ૨૦૨૬ ના રોજ ગુજરાત સરકારના અસાધારણ ગેઝેટ ભાગ ઈંટ-ઈના પાના નંબર ૬૩-૧ થી ૬૩-૨ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા. આ ફેરફાર અંગે જાહેર જનતા તરફથી કોઈ વાંધા કે સૂચનો હોય તો તે લેખિતમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્ર સચિવને બે મહિનાની અંદર મોકલવા માટે નોટિસ આપવામાં આવી હતી. આ નિયત સમયગાળા દરમિયાન ગુજરાત સરકારને કોઈ પણ વ્યક્તિ તરફથી કોઈ વાંધો કે સૂચન મળેલ ન હોવાથી, સરકારે આ કાયદાની કલમ ૧૯ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને આ વેરિએશનને આખરી મંજૂરી આપી દીધી છે અને આ ફેરફાર નોટિફિકેશનની તારીખથી જ અમલમાં આવી ગયો છે.રૂડા વિસ્તારમાં અનેકવિધ યોજનાઓને અમલી બનાવવા માટેનો નિર્ણય લેવામાં આવતો હોય છે ત્યારે રહેણાંક સર્વેને વાણિજ્યના હેતુમાં રૂપાંતરિત કરવામાં આવ્યો છે. જાહેરનામાના શિડ્યુલ (પરિશિષ્ટ)માં દર્શાવ્યા મુજબ, વાજડીવડ ગામની રેવન્યુ સર્વે નંબર ૫૬, ૮૬ પૈકી અને ૧૦૦ પૈકી વાળી જમીન જે અગાઉ રેસિડેન્શિયલ ઝોન (રહેણાંક ક્ષેત્ર) માટે નિયુક્ત કરવામાં આવી હતી, તેને તે ઝોનમાંથી રદ કરીને હવે આ કાયદાની કલમ ૧૨(૨)(એ) હેઠળ ઈન્ડસ્ટ્રિયલ ઝોન (ઔદ્યોગિક ક્ષેત્ર) તરીકે નિયુક્ત કરવામાં આવી છે. આ હુકમ ગુજરાતના રાજ્યપાલના આદેશથી અને તેમના નામે શહેરી વિકાસ વિભાગના ખાસ ફરજ પરના અધિકારી અને હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ પ્રકાશ દત્તા દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.

# કામ પૂર્ણ થયાના બે માસમાં જ બિલ આપવા સ્ટેન્ડિંગ ચેરમેનની તાકીદ

### બિલ સમયસર મોકલવામાં નહીં આવે તો ચુકવણું નહીં થાય : નિર્ણય બાદ અધિકારીઓની લાલિયાવાડી નહીં ચાલે

રાજકોટ, તા. ૨૪

મહાનગરપાલિકાની કામગીરીને લઈને ભૂતકાળમાં અનેકવિધ પ્રશ્નો ઉભા થયેલા છે ત્યારે આ વખતે મહત્વની વાત તો એ છે કે છેલ્લા ઘણા સમયથી ખર્ચને લઈને ઘણા ખરા પ્રશ્નો ઊભા થતા હતા ત્યારે આ વખતે ગઈકાલે યોજાયેલી સ્ટેન્ડિંગ બેઠકમાં ચેરમેન દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો જેમાં કામ થયાના બે માસની અંદર જ બિલ રજૂ કરી દેવામાં આવવા જોઈએ જો નહીં આવે તો ચુકવણું અટકી જશે તેવી સ્પષ્ટતા પણ કરી હતી. જેથી એ વાત હવે પાકી થઈ ચૂકી છે કે અધિકારીઓ કે પછી કોન્ટ્રાક્ટરની લાલિયાવાડી નહીં ચાલે. ભાજપ શાસકોની સ્ટે.કમીટીએ નાણાકીય શિસ્ત માટે કડક ઠરાવ કર્યો છે. મેયર ડો.નેહલ શુકલ અને ચેરમેન પરેશ પીપળીયાની હાજરીમાં મળેલી ભાજપ સંકલનની બેઠકમાં નકકી થયા મુજબ સ્ટે.કમીટીમાં ૯ દરખાસ્ત સિવાય ૧૦મી અરજન્ટ દરખાસ્ત મુકવામાં આવી હતી અને ઠરાવ કરીને કમિશ્નરને મોકલી દેવાયો છે.





હવે બીલ રજૂ કરીને પાસ કરાવવા માટે અનિવાર્ય સંજોગો સિવાય બે મહિનાની લીમીટ મૂકી દેવાયાનું ચેરમેને મીટીંગ બાદ જણાવ્યું હતું. મનપા દ્વારા યોજવામાં આવતા જુદા જુદા કાર્યક્રમોના બિલો જે તે શાખાઓ દ્વારા મહિનાઓ બાદ નિર્ણય અર્થે સ્થાથી સમિતિમાં રજુ કરવામાં આવે છે. જેને લીધે કોન્ટ્રાક્ટર્સને સંબંધિત કામ પૂર્ણ થયાના મહિનાઓ બાદ ચૂકવણું થાય છે. જે આડકતરી, પરોક્ષ રીતે સરકારની નાણાકીય શિસ્તની માર્ગદર્શિકાનો ભંગ દર્શાવે છે. પોતાને બિલની રકમનું ચૂકવણું સમયસર થાય તે બાબતે કોન્ટ્રાક્ટર્સ દ્વારા પદાધિકારીઓને તેમજ અધિકારીઓને અવારનવાર રજૂઆતો કરવામાં આવે છે.

કોર્પો. દ્વારા યોજવામાં આવતા જુદા જુદા કાર્યક્રમોના બિલો સંબંધિત કાર્યક્રમ પૂર્ણ થયાના વધુમાં વધુ બે મહિનાની સમયમર્યાદામાં નિર્ણય અર્થે સ્થાયી સમિતિમાં અચૂકપણે રજુ કરવાના રહેશે.આ સમયમર્યાદા વીત્યા બાદ નિર્ણય અર્થે સ્થાયી સમિતિમાં રજુ કરવામાં આવેલ કોઈ પણ બિલ સ્વીકારવામાં આવશે નહી. એટલે કે, તે બાબતને નાણાકીય ગેરશિસ્ત ગણી, તેવા કોઈ પણ બિલનું ચૂકવણું કરવાનું સ્થાયી સમિતિમાં મંજુર કરવામાં આવશે નહી તેવું પરેશ પીપળીયાએ કહ્યું હતું.

જોકે તેમણે ઉમેર્યુ હતું કે, કોઈ ખાસ કિસ્સામાં સમયમર્યાદા બાદ કોઈ બિલ નિર્ણય અર્થે સ્થાયી સમિતિમાં રજુ કરવાના થાય તો તેવા કિસ્સામાં બિલ વિલંબથી રજુ થવા અંગેના પુરતા અને વ્યાજબી કારણો, બિલ વિલંબથી રજુ થવા માટે જવાબદાર તમામ કર્મચારી, અધિકારીઓની વિગતો અને તેઓ તમામના ખુલાસા સાથે બિલ નિર્ણય અર્થે સ્થાયી સમિતિમાં રજુ કરવાનું રહેશે. સ્થાયી સમિતિ સમક્ષ રજુ થયેલ બિલ વિલંબથી રંજુ થવા અંગેના કારણો, વિલંબ માટે જવાબદાર સ્ટાફની વિગતો અને સ્ટાફના ખુલાસા સ્થાયી સમિતિને સંતોષકારક માલૂમ પડયેથી જ સ્થાયી સમિતિ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવશે.

છેલ્લા ઘણા સમયથી મહાનગરપાલિકાની કામગીરીને લઈને ઘણા ખરા પ્રશ્નો ઉભા થયા હતા તેનું ત્વરિત નિવારણ અને સચોટ નિવારણ આવે તે હેતુસર સ્ટેન્ડિંગ કમિટી દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે એટલું જ નહીં જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર હાલ જે પગલાં લેવામાં આવી રહ્યા છે તેનાથી એ વાત તો સ્પષ્ટ છે કે હવે અધિકારીઓ દ્વારા જે લાલિયાવાડી ચલાવવામાં આવતી હતી તે હવે નહીં ચાલે.

# અર્બન ગ્રીન પોલીસી સ્ટેન્ડિંગમાં નામંજૂર

### જંગલેશ્વર ડિમોલિશન દરમિયાન ૨૭.૨૦ લાખનું ફુડ બીલની દરખાસ્ત પેન્ડિંગઃ એવી તો કેવી જરૂ પડી કે હજાર કર્મચારીઓ - અધિકારીઓએ કાજુકતરી જેવી મીઠાઈ આરોગવી પડી, સ્ટે. ચેરમેનની ટકોર

રાજકોટ, તા. ૨૪

ગઈકાલની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં એક મહત્વની દરખાસ્ત થઈ હતી કે જંગલેશ્વર ડિમોલિશન દરમિયાન ખાણીપીણીનું જે ૨૭ લાખનું બિલ હતું તે અંગેની દરખાસ્ત મુકવામાં આવી હતી પરંતુ સ્ટેન્ડિંગ ચેરમેન દ્વારા આ દરખાસ્તને પેન્ડિંગ રાખવામાં આવી છે અને ખાસ જણાવ્યું હતું કે સંવેદનશીલ કાર્ય દરમિયાન અધિકારીઓ તથા કર્મચારીઓએ કાજુકતરી સહિતની મીઠાઈ ખાવી પડે તે વાત ગળે ઉતરતી નથી માટે યોગ્ય અભ્યાસ કર્યા બાદ જ આ દરખાસ્ત અંગે નિર્ણય લેવામાં આવશે.

ગત ફેબ્રુઆરી માસમાં વોર્ડ નં.૧૬ના જંગલેશ્વર વિસ્તારમાં કરવામાં આવેલા ૧૪૦૦થી વધુ ગેરકાયદે બાંધકામના અતિ સંવેદનશીલ ડિમોલીશનના કામમાં રોકાયેલા મનપા અને પોલીસ વિભાગના મોટા કાફલા માટે નાસ્તા, ભોજન, મીઠાઇ, ચા-પાણીના ૨૭.૨૦ લાખના ખર્ચને મંજૂર કરવાની દરખાસ્ત સ્ટે.કમીટીમાં મોકુફ રાખી દેવામાં આવી છે. આ મોટા ખર્ચની તમામ ડિટેઇલ મંગાવવામાં આવ્યાનું બેઠક બાદ ચેરમેન પરેશ પીપળીયાએ જણાવ્યું હતું.

ભાજપ સંકલન બાદ સ્થાયી સમિતિની મીટીંગ પણ ૪૦ મીનીટ જેટલી ચાલી હતી. બેઠકના એજન્ડા પર ૯ પ્રસ્તાવ હતા. જેમાંથી બે દરખાસ્ત મુલત્વી રાખવામાં આવી છે અને એક નામંજૂર કરાઇ છે. ખર્ચ મંજૂરીને લગતી અરજન્ટ બિઝનેસ દરખાસ્તનો ઠરાવ કરીને કમિશનરને મોકલવામાં આવ્યો છે. ફેબ્રુઆરીમાં વોર્ડ નં.૧૬ના જંગલેશ્વર વિસ્તારમાં કરવામાં આવેલા મેગા ડિમોલીશન વખતે ફરજમાં રહેલા મનપા અને પોલીસ વિભાગના કર્મચારીઓ માટે ભોજન સહિતની ફૂડ સપ્લાય કરવામાં આવી હતી. જેમાં ૨૭.૨૦ લાખનું ભોજન, નાસ્તો, ચા, મીઠાઇ સહિતનો મોટો ખર્ચ થયાની દરખાસ્ત આવતા સંકલન બાદ સમિતિમાં સભ્યોએ ચર્ચા



કરી ૨૭.૨૦ લાખનો ખર્ચ મંજૂર કરવાનું હાલ મુલત્વી રાખ્યું છે.

આ ડિમોલીશનમાં કર્મચારીઓ તથા પોલીસ સ્ટાફ માટે રીફ્રેશમેન્ટ તથા ભોજન વ્યવસ્થાપન સમિતિ દ્વારા વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં ડિમોલીશન માટે લઇ જતા સ્ટાફને વિશ્વાસ ફુટમાંથી રૂા.૨૧૫૦૦ના ફૂડ પેકેટનો ખર્ચ મુકાયો છે. તો આરાધના ટીનું બીલ મુકાયું છે. જેમાં ૭ હજાર નંગ ચાનું બીલ ૨૧ લેખે ૧.૪૭ લાખ મુકવામાં આવ્યું છે. ૮૭૫૦ નંગ ચા-બીસ્કીટના ૨.૧૯ લાખ, ૫૦૫૦ નંગ ચા-બીસ્કીટના ૧.૨૪ લાખ, ૧૫૦ નંગ કાજુકતરી, ખજુર રોલ, સમોસા, વેફર, ચા-કોફીની પ્લેટના રૂા. ૩૪૬૫૦નો ખર્ચ દેખાડાયો છે. ગાંઠીયા, જલેબી, પૌવા, ચા, બ્રેકફાસ્ટ, લંચ, નાસ્તો મળી ૬.૩૦ લાખ રજુ કરાયું છે.

પ્રેમવતી ચેરીટેબલ ટ્રસ્ટના આઠ બીલ મુકવામાં આવ્યા છે. જેનો ખર્ચ ૨૦.૬૮ લાખ થયો છે. તેમાં ૧૩૩૯૦ નંગ ટોટલ લંચ ડીશ અને મસાલા છાશ પીરસવામાં આવ્યા હતા. આ દરખાસ્ત મામલે લાંબી ચર્ચા થઇ હતી અને તે બાદ નિર્ણય મોકુફ રખાયો છે. તો સોમનાથ મંદિર ખાતે સોમનાથ સ્વાભિમાન પર્વે રાજકોટના લોકોને રાજકોટથી સોમનાથ એસ.ટી. મારફત લઇ જવા તથા ભોજનના મુકાયેલા ૪.૪૯ લાખ સહિતના કાર્યક્રમોના ખર્ચની દરખાસ્ત પણ પેન્ડીંગ રાખવામાં આવી છે. ગ્રીન કવર ની જે દરખાસ્ત થતી તેના મંજૂર કરી દેવામાં આવી છે કારણ કે ખર્ચ અત્યંત વધુ હોવાના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે બીજી તરફ આજી નદી વિસ્તારમાં ડ્રોન મારફતે દવા છંટકાવની જે દરખાસ્ત થતી તેને પણ હાલ પેન્ડિંગ રાખવામાં આવી છે.

મળતી માહિતી મુજબ સ્થાયી સમિતિની બેઠકમાં બે દરખાસ્તને પેન્ડિંગ રાખવામાં આવી છે જ્યારે એક દરખાસ્ત ના મંજૂર કરી દેવાય છે ત્યારે સભ્યો દ્વારા આ તમામ દરખાસ્ત ઉપર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી અને અર્બન ગ્રીન પોલીસી જે તૈયાર કરવાનો નિર્ણય લીધો હતો અને તે પાછળ ૧૮.૮૮ લાખનો જે ખર્ચ કરવાની દરખાસ્ત થતી તેને ના મંજૂર કરી દેવાય છે. જેમાં ઓક્સિજન પાર્ક તથા હેરિટેજ વૃક્ષના સર્વેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આદરખા સંગે સ્ટેન્ડિંગ ચેરમેન માહિતી આપતા જણાવ્યું હતું કે હાલ રાજકોટમાં આ યોજનાની કોઈ જરૂરિયાત છે નહીં માટે મંજૂર કરવી યોગ્ય નથી. બીજી તરફ મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં રોગચાળાને અટકાવવા માટે ડ્રોન ટેકનોલોજી નો ઉપયોગ કરવાનો નિર્ણય લીધો હતો જે માટે ૮૫ લાખના ખર્ચની દરખાસ્ત પણ કરવામાં આવી હતી જેને હાલ તંત્રએ મુલતવી રાખી દીધી છે.